- રીહેબીલીટેટ ઓન ઓપરેટ મેન્ટેનન્સ એગ્રીમેન્ટ
- સર્વિસ કોન્ટ્રાક્ટ એગ્રીમેન્ટ
- સપ્લાય ઓપરેટ ટ્રાન્સફર એગ્રીમેન્ટ

દરેક નગરપાલિકા/મહાનગરપાલિકાએ સ્વર્ણિમ સિધ્ધિઓ ની પૂર્તિ માટેનુ આયોજન અને. ગરીબ સમુધ્ધિ યોજના હેઠળ શહેરને સ્લમ મુકત બનાવવા તથા નિર્મળ ગુજરાતની સિધ્ધિઓ માટેનો પાંચ વર્ષનો કોર્પોરેટ પ્લાન બનાવેલ હશે તેવી નગરપાલિકા/ મહાનગરપાલિકાઓએ પોતાની આવકના ૨૦ ટકા રકમ શહેરી ગરીબો માટે વાપરવાની રહેશે. આ કોર્પોરેટ પ્લાનમાં નકકી કરેલ પ્રાથમિકતા મુજબજ આ યોજના હેઠળ રકમની ફાળવણી કરવામાં આવશે.

ઘટકવાર આયોજન

I પીવાલાયક પાણી પુરવઠો અને ભુગર્ભ ગટર(રૂ. ૪૦૦ કરોડ)

આ યોજના માટેની નોડલ એજન્સી તરીકે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર રહેશે. આ ઘટક માટેની વર્ષો વર્ષ કરવામાં આવતી જોગવાઇ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશનના હવાલે મૂકવામાં આવશે. દરેક નગરપાલિકાએ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન ના પરામર્શમાં શહેરના આઉટ ગ્રોથ વિસ્તાર તથા સ્લમ વિસ્તાર સહિતના શહેરના તમામ વિસ્તારોમાં પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા ની સેવાઓ પૂરી પાડવાનો એકશન પ્લાન બનાવેલ હશે અને તેના આધારે ડીટેઇલ પ્રોજેક્ટ રીપોર્ટ બનાવી તેનો અમલ કરવાનો રહેશે.

પાણી પુરવઠા અને ગટરના કામો માટે સત્તામંડળોને મંજૂરી આપી શકાશે. આ કામો માટે શહેરને અડીને આવેલ વિસ્તાર કે જ્યાં પંચાયત હોય કે જે વિસ્તાર મહાનગરપાલિકામાં ભળવાની શકયતા ધરાવતો હોય તેવા સંબંધિત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રી પાસેથી વિકાસના કામો અંગેની દરખાસ્ત મેળવવી. આ અંગેની દરખાસ્તોમાં સંબંધિત કમિશ્નરશ્રીના પ્રતિહસ્તાક્ષર મેળવવા જોઇશે.

(અ) પાણીના કામોઃ-

નગરપાલિકા વિસ્તારોમાં પાણી પૂરવઠા અને ભુગર્ભ ગટરની યોજનાઓના અસરકારક અને કાર્યક્ષમ અમલ અને સુઆયોજીત માળખુ ગોઠવવા માટે આ વિભાગના તા.૨૯/૯/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક સજય/૧૦૨૦૦૯/મં-૫૫/ધ માં આપેલ સૂચના મુજબ અમલ કરવાનો રહેશે.

i. નગરપાલિકાની પસંદગી, પ્રોજેકટસ તૈયાર કરવાની કામગીરી, વહીવટી મંજુરી, પ્રોજેકટના અમલીકરણ સુધીની તમામ બાબતો, અર્બન ડેવલપમેન્ટ મીશન દ્વારા હાથ ધરવાની રહેશે.

ii. જે કીસ્સામાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ પાસે કામો કરાવવામાં આવે તેવા કામો માટે વહિવટી મંજુરી આપવા, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન દ્વારા આપવાની રહેશે. જ્યારે તાંત્રિક મંજુરી ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા આપવાની રહેશે.

iii. ટી.એસ.પી. હેઠળ આવરી લેવાના આદિજાતિ વિસ્તારની નગરપાલિકાઓની પાણી પૂરવઠા યોજનાની અમલવારી જી.યુ.ડી.સી. ધ્વારા કરવાની રહેશે.

iv. પાણી પુરવઠાની યોજના માટે ચાલુ વર્ષ ૨૦૦૯-૧૦ ની નાણાકીય જોગવાઇ કરતા ત્રણ ગણી રકમની મર્યાદામાં કામો માટે વહીવટી મંજુરી આપી શકાશે.

v. પાણીના કામો માટે અન્ય યોજનાઓમાં વણવપરાયેલ ગ્રાન્ટ પણ ગુજરાત અર્બન ડવલપમેન્ટ મીશન નાં હવાલે મૂકવાની રહેશે અને આ રકમમાંથી કામો પણ આ યોજનાની શરતો પ્રમાણે કરવાના રહેશે.

vi. પાણી પૂરવઠાના કામો માટેના અંદાજીત ભાવોનુ વાજબીપણુ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન તેમજ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ગાંધીનગર ના સંયુકત સેલ દ્વારા નકકી કરવામાં આવશે.

vii. પાણી પૂરવઠાના કામો માટે સ્ટાન્ડર્ડ ટેન્ડર ફોર્મના નમુના, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન તેમજ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ગાંધીનગર ના સંયુકત સેલ દ્વારા નકકી કરવામાં આવશે અને તે મુજબના ટેન્ડર ફોર્મમાં જ બધી એજન્સીઓએ ઇ-ટેન્ડરીંગ દ્વારા ટેન્ડરો મંગાવવાનાં રહેશે.

viii. ટ્રાયબલ નગરપાલીકાઓના પાણી પુરવઠાના પ્રોજેકટની અમલવારી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની દ્વારા કરશે.

(બ) ગટરના કામોઃ-

નગરપાલિકા વિસ્તારોમાં પાણી પુરવઠા અને ભુગર્ભ ગટરની યોજનાઓના અસરકારક અને કાર્યક્ષમ અમલીકરણ માટે સુઆયોજીત માળખુ ગોઠવવા માટે આ વિભાગના તા.૨૯/૯/૨૦૦૯ ના ઠરાવ કમાંક સજય/૧૦૨૦૦૯/મં-૫૫/ધ માં આપેલ સૂચના મુજબ અમલ કરવાનો રહેશે.

i. નગરપાલિકાની પસંદગી, તથા વહિવટી મંજુરી આપવાની બાબત ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન દ્વારા હાથ ધરવાની રહેશે.

ii. નગરપાલિકાઓએ ગટરના કામો ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ પાસેજ કરાવવાના રહેશે

iii. પ્રોજેકટ તૈયાર કરવાની કામગીરી તથા તાંત્રિક મંજુરી અંગેની કામગીરી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવાની રહેશે.

iv. ગટર વ્યવસ્થાના કામો પૂર્ણ કરવા માટે સામાન્ય રીતે ત્રણ વર્ષનો સમયગાળો જોઇએ છે. આથી સને ૨૦૦૯-૧૦ ની નાણાકિય જોગવાઇ કરતા ત્રણ ગણી રકમ સુધીના કામોને વહિવટી મંજુરી આપી શકાશે.

v. ટ્રાયબલ નગરપાલીકાઓના ગટર વ્યવસ્થાના પ્રોજેકટની અમલવારી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની દ્વારા કરશે.

(ક) પાણી અને ગટરના કામોના આયોજન વખતે ધ્યાને લેવાની બાબતોઃ-

i. પાણીના પ્રોજેકટ પૂરા થયે ૧ વર્ષ બાદ તથા ગટરના કામો પૂરા થયે ૨ વર્ષ બાદ સ્થાનિક સંસ્થાએ ઓપરેશન અને મેન્ટેનન્સની જવાબદારી સ્વિકારવાની રહેશે. આ સમય પહેલા જે એજન્સીને કામ સોપવામાં આવ્યુ હોય તે એજન્સી દ્વારા જાળવણી અને મરામત કરવાની રહેશે. (આ અંગેની શરત ટેન્ડર અને કરારખતમાં આવરી લેવાની રહેશે.)

ii. GWSSB/GUDC દ્વારા પાણી પુરવઠા અને ગટરના કામો કરવામાં આવે છે. તેમાં ન્યુનતમ ૧૪૦ એલ.પી.સી.ડી પાણી પુરવઠો મળી રહે તે મુજબ GWSSB/GUDC એ પાણી પુરવઠા યોજનાનુ આયોજન કરવાનુ રહેશે. ભૂગર્ભ ગટરના આયોજનમાં પણ પાણી પુરવઠા યોજનાની ક્ષમતા ધ્યાને રાખી આયોજન કરવાનુ રહેશે.

II. મોડલ નગરપાલિકા યોજના-

i. આ યોજના માટેની નોડલ એજન્સી તરીકે નિયામકશ્રી નગરપાલિકા કામગીરી કરશે.

ii. ચાલુ વર્ષ ૨૦૦૯-૧૦ માટે રૂ.૧૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ રકમ સામે આ યોજના માટે ની વર્ષો વર્ષ કરવામાં આવતી જોગવાઇ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર ના હવાલે મૂકવામાં આવશે.

iii. વર્ષ ૨૦૦૮-૦૯ માં મોડલ નગરપાલિકા યોજના માટે ફાળવેલ રૂ. ૭૫.૦૦ કરોડની રકમ પણ આ યોજના હેઠળ વાપરવાની રહેશે. તેમજ મંજૂર કરવામાં આવેલ નગરપાલિકાઓને પણ આ ઠરાવની શરતો લાગુ પડશે.

iv. મોડલ નગરપાલિકા ઘટક હેઠળના કામો માટે ચેરમેન અને કલેકટરશ્રી ડુડાને, જીલ્લાની નગરપાલિકાઓએ દરખાસ્ત કરવાની રહેશે. ચેરમેન અને કલેકટરશ્રી ડુડા નગરપાલિકાઓને તેમની કેટેગરી મુજબ કુલ મળવા પાત્ર ગ્રાન્ટના કામોની વહીવટી મંજૂરી આપશે. આ ઘટક હેઠળના કામો માટેની

ગ્રાન્ટ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ તરફથી ચેરમેન અને કલેકટરશ્રી ડુડાને હવાલે મૂકવામાં આવશે. આ ઘટકના કામો અંગેની વંચાણેમાં ક્રમ: ૩ થી ૬ આગળની સૂચનાઓ યથાવત રહેશે.

v. મોડલ નગરપાલિકા યોજના હેઠળ મંજૂર કરેલ નગરપાલિકા દીઠ, અ વર્ગની નગરપાલિકા માટે રૂ. ૧૦.૦૦ કરોડ; બ વર્ગની નગરપાલિકા માટે રૂ. ૭.૦૦ કરોડ, ક વર્ગની નગરપાલિકા માટે રૂ. ૪.૦૦ કરોડ, ડ વર્ગની નગરપાલિકા માટે રૂ. ૩.૦૦ કરોડ અને જીલ્લા મથકની નગરપાલિકાઓને રૂ. ૨.૫ કરોડની વધારાની સહાય નવીન/અનોખા પ્રકારના કામો માટે ખાસ કિસ્સા તરીકે ફાળવવામાં આવશે. જેમાંથી નગરપાલિકાઓએ લોકોની ભાગીદારી દ્વારા લોકોપયોગી કામો કરવાના રહેશે.

vi. જે નગરપાલિકાએ આ યોજનાનો લાભ લેવો હોય તેણે કામોની દરખાસ્ત અને સમજૂતી કરાર (MOU) કરી સબંધિત ચેરમેન અને કલેકટર, (ડીસ્ટ્રીકટ અર્બન ડેવલપમેન્ટ એજન્સી) ડુડાને મોકલવાની રહેશે.

(અ) મોડલ નગરપાલિકાએ અગ્રતાના ધોરણે હાથ ધરવાના કામોઃ-

i. આ યોજના હેઠળ નગરપાલિકાને મળવાપાત્ર ગ્રાન્ટ પૈકી <u>૧૦ ટકા રકમ ગરીબ સમૃધ્ધિ યોજના હેઠળ</u> સ્લમ વિસ્તારમાં કરવાના કામો જેવા કે રસ્તા, સ્ટ્રીટ લાઇટ, સ્ટોર્મ વોટર, ડ્રેનેજ વગેરે માટે વાપરવાની રહેશે. આ કામગીરી માટે અમલીકરણ એજન્સી નગરપાલિકા રહેશે. આ કામો માટે વહીવટી અને તાંત્રિક મંજૂરી ડુડા દ્વારા આપવામાં આવશે.

ii. આ યોજના હેઠળ નગરપાલિકાને મળવાપાત્ર ગ્રાન્ટ પૈકી <u>૧૦ ટકા રકમ સ્લમ વિસ્તારમાં આરોગ્યલક્ષી સેવાઓ, શૈક્ષણિક સેવાઓ અને પોષણક્ષમ આહાર પુરૂ પાડવા જેવી સામાજીક સેવાઓ</u> સુદૃઢ બનાવવા માટે વાપરવાની રહેશે. જેમાં નગરપાલિકાઓને યોગ્ય લાગે તો નીચે મુજબના કામો કરી શકશે.

(૧) <u>પૂર્વ પ્રથમિક શાળાઓ</u> જેમ કે બાલવાડીઓ, બાલમંદીરો, વિગેરે સ્થાપવા નિભાવવાના કામો.

(૨) અખાડા, ક્રીડાંગણો, નાટ્યગૃહો, પુસ્તકાલયો, વાંચનાલયો, અને બીજા આનંદ પ્રોમોદના કેન્દ્રો સ્થાપવા અને નિભાવવા.

(૩) કોમ્યુનિટી સેન્ટર, ઉમ્મીદ સેન્ટર, પ્રાથમિક આરોગ્ય પેટા કેન્દ્ર, બાગ બગીચા.

આ રકમ જરૂરિયાત મુજબ અન્ય પેટા ઘટક ગરીબ સમૃધ્ધિ યોજના હેઠળ સ્લમ વિસ્તારમાં કરવાના કામો માટે વાપરી શકાશે..

iii. શહેરને હરિયાળુ બનાવવા આ યોજના હેઠળ નગરપાલિકાને મળવાપાત્ર ગ્રાન્ટ પૈકી <u>૫ ટકા રકમ, નિર્મળ ગુજરાતની સિધ્ધિના કામો</u> માટે વાપરવાની રહેશે. નિર્મળ ગુજરાતની સિધ્ધિના કામો માટે ૫ ટકા રકમ સામે કામો મંજૂર કરવા કલેકટરશ્રી સંબંધિત વન અધિકારીશ્રીના પરામર્શમાં યોગ્ય નિર્ણય લઈ શકશે.

iv. ઉપર ક્રમ i, ii, અને iii માં દર્શાવ્યા મુજબની રકમો જરૂરિયાત મુજબ અરસપરસ એકબીજા ઘટકોના કામો માટે વાપરી શકાશે. ચેરમેનશ્રી ડુડા આવો ફેરફાર મંજુર કરી શકશે.

v. જે નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટરની કામગીરી કરવાની થાય છે ત્યાં તે કામગીરી પહેલા નગરપાલિકાઓએ રસ્તાની કામગીરી હાથ ધરવી નહીં.

vi. આ યોજના હેઠળ નગરપાલિકાને મળવાપાત્ર ગ્રાન્ટ પૈકી <u>૭૫ ટકા</u> રકમ, નીચે દર્શાવેલ યાદી પૈકીના, શહેરની આગવી ઓળખ ઉભી કરવાના કામો માટે વાપરવાની રહેશે.

vii. જે કામો મોડલ નગરપાલિકા ઘટક હેઠળ દર્શાવેલ ન હોય તેમ છતા કોઇ કામની ખાસ જરૂરિયાત જણાય તો ચેરમેનશ્રી DUDA આવા કામોને ખાસ કિસ્સામાં મંજુરી આપી શકશે.

(બ) આગવી ઓળખ ઉભી કરવાના (મળવાપાત્ર ૭૫ % રકમના) કામોની વિગત

---

i. <u>ગૌરવપથ તેમજ મુખ્ય ધોરીમાર્ગો સુસજ્જ કરવાના કામો.</u>

- શહેરી વિસ્તારોમાં તમામ દબોણોની યાદી તૈયાર કરી તબકકાવાર આયોજન કરી દબાણો દૂર કરી, રસ્તાને સીધી લાઇન દોરીમાં કરી, ફૂટપાથ સુધારણા, સાઇન બોર્ડ, બન્ને બાજુની ઇમારતો ના સમાન કલર કોડ નકકી કરવા, ફૂટપાથ / જાહેર સ્થળોએ બેસવાના બાંકડા,

સુશોભન માટે કલાત્મક નમૂનાઓ, આકર્ષક ડસ્ટ બીનની ગોઠવણ જેવા વિકાસના કામોમાં સ્થાનિક લોકોને ભાગીદાર બનાવવા. રસ્તાના ડીવાઇડર તેમજ સ્ટ્રીટ લાઇટ ના કામો ખાસ એક થીમ નકકી કરી કરવા. વોડ વાઇઝ, નગરપાલિકા અને સરકારી માલિકીની જમીન ઉપરના દબાણો દૂર કરવા. ખુલ્લી થયેલ જગ્યામાં પાર્કીંગ વ્યવસ્થા તથા વૃક્ષારોપણ કરવુ, દબાણો ફરી ન થાય તે માટે નિયમિત મોનીટરીંગ કરવું.

- યોગ્ય જગ્યાએ માર્કેટ/હોકર્સ ઝોન અને પાર્કીંગની જગ્યા નકકી કરવી કે જેથી દબાણના પ્રશ્નો ન થાય.
- દરેક શહેરમાં મુખ્ય માર્ગો પર ૧ લી જાન્યુ તથા ૧ લી જૂનના રોજ રસ્તાઓની બન્ને બાજુની વીડીયોગ્રાફી કરી દબાણ ઉપર ચાંપતી નજર રાખવી.
- સુવિધાપથ યોજના હેઠળ શહેરી વિસ્તારના સર્વે માર્ગો ઉપરના દબાણો હટાવીને, હરિયાળી, ફૂટપાથ તથા સ્ટ્રીટલાઇટ વડે સુસજ્જ કરવા. નગરપાલિકા વિસ્તારમાં મુખ્ય માર્ગો ચૈકીના ઓછામાં ઓછો એક માર્ગ આદર્શ માર્ગ તરીકે વિકસાવવા પરત્વેનો અભિગમ હાથ ધરવો. જેમાં આ માર્ગ પરના દબાણો હટાવવા, ફૂટપાથ સુધારણા, રસ્તાઓની બંને બાજુએ આવેલા મકાનોના એક સમાન કલર કોડ, રસ્તાની બંનેં બાજુએ ફલાવર પોટ તથા સુશોભન થાય તેનું આયોજન કરીને તેની ગૌરવપથ તરીકે આગવી ઓળખ ઉભી થાય તેવું આયોજન વિચારી આ તમામ કામો લોકોની ભાગીદારીથી હાથ ધરવા.
- ટ્રાફિક નિયમોનું લોકો પાલન કરતા થાય તે અંગે ખાસ જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવા. સરળ પરિવહન માટે રસ્તા પર રખડતા ઢોરોના નિયંત્રણ માટે આયોજન કરવું.
- પર્યાવરણની જાળવણી માટે પ્રદૂષણ ફેલાવતા વાહનોની ચકાસણી કરવી. શહેરના વાહનો સી.એન.જી.નો ઉપયોગ કરતા થાય તેવું વાતાવરણ ઉભું કરવું.
- મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં ફલાય ઓવર્સ, અંડરપાસ, બાયપાસ રસ્તાઓ, વગેરેનું ખાસ આયોજન કરવું. તમામ

એસ.ટી.બસ સ્ટેશનોને આધુનિક સુવિધાઓથી સુસજ્જ કરી તેમની સ્વચ્છતા ઉપર ખાસ ધ્યાન આપવું.

ii. <u>હરિયાળા શહેરોનું નિર્માણ.</u>

નગરના વિસ્તારમાં આવેલ ઇકો ક્લબ/નેચર ક્લબ/ બીન સરકારી સંગઠનો વિગેરે સંસ્થાઓનો સહયોગ લઇ વૃક્ષારોપણ અને પર્યાવરણ અંગેની કામગીરી કરવી અને લોકોને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવા.

- પંચવટી અભિગમ હેઠળ સામાજીક નવિનીકરણ, જાહેર ઉદ્યાનોનું નિર્માણ અને જાળવણી
- વરિષ્ઠ નાગરિકોનો સહયોગ
- ગ્રીન ગાર્ડ વોલેન્ટીયર્સ ની રચના, પડોશ જૂથની રચના
- સ્મૃતિવન – દિવંગત આત્માની સ્મૃતિ માટે વૃક્ષારોપણ.
- પુનિતવન, નક્ષત્રવન, રાશિવન, નવગ્રહ વન, કૈલાસવન. માટે વૃક્ષારોપણ
- શહેરી બાગાયત- કીચન ગાર્ડન માટે ઘર આંગણે ઘન કચરાનો નિકાલ (કમ્પોસ્ટીંગ એટ હોમ)

iii. <u>સુરમ્ય શહેરો.</u>

આપણા શહેરોને "સ્વચ્છ શહેરો, સુરમ્ય શહેરો" બનાવવા માટે ઘન કચરાના નિકાલની પધ્ધતિ સુનિશ્ચિત કરવી. જેમાં કચરાનું વિભાજન, ઘર દીઠ કચરાનું એકત્રીકરણ, પરિવહન તથા નિકાલ માટે વૈજ્ઞાનિક પધ્ધતિથી દરેક શહેરોમાં ફાળવવામાં આવેલ લેન્ડ ફીલ સાઇટનો પર્યાવરણીય દ્રષ્ટિએ વિકાસ કરવો.

<u>અર્બન ગ્રીન પ્લાન</u>

- ખુલ્લી જગ્યામાં તથા રસ્તાઓ અને રેલ્વે લાઇનની બન્ને બાજુ વૃક્ષારોપણ, રોડ ડીવાઇડર પર વૃક્ષારોપણ કરવું.
- શાળાઓના વર્ગ દીઠ ઓછામાં ઓછા દસ દસ વૃક્ષો રોપવા.
- ખુલ્લી જગ્યાઓમાં ગ્રીન ફોર્ટ, ગ્રીન સીટી, વીરાંજલિ વન વિગેરેનું નિર્માણ કરીને, ઓકસીજન પાર્ક તરીકે વિકાસ કરવો.

iv. <u>લોકભાગીદારીથી કરવાના કામો અંગે</u>

શહેરના વિકાસમાં વરિષ્ઠ નાગરિકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, કલાકારો અને આગવી સુઝ ધરાવતા નાગરિકોને સાથે રાખી વોર્ડવાર ઉત્સવોનુ આયોજન કરવુ. પ્રભાત ફેરીનુ આયોજન કરવુ અને જે તે દિવસે જેમનો જન્મ દિવસ હોય તેમને પ્રભાત ફેરીનુ સુકાન સોંપવુ, આરોગ્યલક્ષી અને પર્યાવરણલક્ષી સુધારાઓ, જાહેર સુખાકારી, વૃક્ષારોપણ, વોર્ડવાઇઝ રમતગમતનુ આયોજન, ગ્રીન ગાર્ડ વોલન્ટીયર જેવા અનેક કાર્યક્રમોનુ આયોજન ગોઠવાય તે સુનિશ્ચિત કરવું. કોઇ કાર્યક્રમ માત્ર સરકારી કાર્યક્રમ કે યોજના ન બની રહે તે ખાસ જોવું અને તેમાં લોકભાગીદારી સુનિશ્ચિત કરવી.

ઘન કચરાનું વ્યવસ્થાપન, રમત ગમતના મેદાનો અને સંકુલો, થીમ આધારિત સ્મશાનો, ટ્રાફીક સર્કલ, પે એન્ડ યુઝ ટોઇલેટ, પાઇપ લાઇન થી ગેસનું વિતરણ, શહેરી જાહેર પરિવહન સેવા,. માળખાકીય સુવિધાઓના મોટા પ્રોજેક્ટ અને હેરીટેજના કામોમાં લોક ભાગીદારી સુનિશ્ચિત કરવી. લોકભાગીદારી માટેના આગળ દર્શાવેલ વિવિધ પ્રચલિત મોડલોમાંથી અનુકુળ મોડલનો ઉપયોગ કરી શકાય.

થિમ આધારીત, ઇકો ફ્રેન્ડલી અને ઊર્જા કાર્યક્ષમ ગેસ આધારિત સ્મશાનો માટેની ડીઝાઇન ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન દ્વારા પૂરી પાડવામાં આવશે.

લાયબ્રેરી, મ્યુઝીયમ, વોર્ડવાઇઝ રમત ગમતનાં મેદાન વગેરે કામો કરવા. NRI /NRG ની ભાગીદારીથી હાથ ધરી શકાય તેવા કામો કરવા.

v. <u>શહેરની સફાઇ માટે ઝુંબેશ</u>

- સફાઇ ઝુંબેશમાં તમામ ખાતાના કર્મચારીઓ, શહેરમાં કામ કરતી સંસ્થાઓ, વરિષ્ઠ અને અગ્રણી નાગરિકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ શહેરના તમામ નાગરિકોને તબકકાવાર સામેલ કરવા.
- બપોરબાદ વોર્ડવાર જૂથ સફાઇ તેમજ મુખ્ય રસ્તાઓ ઉપર રાત્રિ સફાઇની વ્યવસ્થા ગોઠવવી.
- પ્રભાત ફેરી દરમિયાન સફાઇ કામગીરીનું નિયમિત અવલોકન લોકભાગીદારી દ્વારા સૂનિશ્ચિત કરાવવુ અને સફાઇ માટે લોક જાગૃતિ કેળવવી.

- સ્વચ્છતા અને સફાઇ માટે લોકોમાં જાગૃતિ આવે અને સ્વચ્છતા રાખવા લોકો કેળવાય તેવા કાર્યક્રમોનુ લોકભાગીદારીથી આયોજન કરવું.
- ઘન કચરાના નિકાલ અંગેના નિયમોનુ સંપૂર્ણ પાલન થાય તે મુજબ સફાઇ વ્યવસ્થા ગોઠવવી અને ઘન કચરાનો નિકાલ વૈજ્ઞાનિક ઢબે થાય તેવુ આયોજન ગોઠવવું.
- રસ્તા અને શેરીઓમાં બાંધકામના બિનઉપયોગી કચરાનો સબંધિતો પાસેથી ફી અથવા ફી અને દંડ બન્ને વસુલ લઇ તેનો યોગ્ય જગ્યાએ નિકાલ કરવો.
- શાક માર્કેટ, મંદિરો, હોસ્પીટલ, રસોડા વિગેરેના કચરાનો નિકાલ ફી વસુલ લઇ ખાનગી રાહે કરવાની વ્યવસ્થા ગોઠવવી. તેમજ વર્મી કમ્પોસ્ટ માટે લાયક કચરામાંથી વર્મી કમ્પોસ્ટ દ્વારા આવક ઉભી કરવી, અને આ ખાતરનો જાહેર બગીચામાં વૃક્ષારોપણ માટે ઉપયોગ કરવો.
- જ્યાં જ્યાં મહત્તમ જરૂરિયાત હોય તેવી જગ્યાઓએ પે એન્ડ યુઝ ટોયલેટ લોકભાગીદારીથી બનાવવા તથા રાજ્ય સહાયિત વ્યકતિગત શૌચાલય યોજનાનો લાભ દરેક કુટુંબને મળી રહે તે સુનિશ્ચત કરવુ.

vi. <u>સ્લમ વિસ્તારનો વિકાસ</u>

દરેક નાગરિકને વિકાસમાં ભાગીદારી મળી રહે તે મુજબ માળખાકીય વિકાસનું આયોજન ગોઠવવુ. સ્થાનિક સંસ્થાના અંદાજોમાંથી તેમજ સરકારની યોજનાઓમાંથી મળતી સહાયમાંથી ૨૦% રકમ શહેરી ગરીબોના કામે લેવાય તેવુ આયોજન કરવું.

vii. <u>જળ સંચય</u>

શહેરનુ પાણી શહેરને મળી રહે તે માટે વરસાદી પાણીના નિકાલ માટે તળાવો, નદીઓ અને જળાશયોમાં જોડાણ કરવા.

- નગર રચના અને વિકાસ નિયંત્રણ વિનિયમોમાં (GDCR) માં જળસંચયને (વરસાદી પાણીથી ભૂગર્ભ જળ સ્ત્રોત ને રીચાર્જ કરવા) આવરી લેવુ.

- તળાવોનુ લેન્ડ સ્કેપિંગ કરી તેનો વિકાસ કરવો તેમજ જળાશયોને આંતરિક રીતે જોડવા.
- સાગરકાંઠાના શહેરો માટે જમીનની ખારાશ ઘટે અને પાણીના સ્તર સુધરે તે માટે ચેકડેમ બનાવી વહી જતુ વરસાદી પાણી અટકાવી તેનો સંગ્રહ કરવો.

viii. <u>હેરિટેજ (ઐતિહાસિક વારસાની જાળવણી)</u>

- પુરાતત્વ વિભાગના સંપર્કમાં રહી, શહેરમાં આવેલ વાવ, દરવાજા જેવા ઐતિહાસિક મહત્વ ધરાવતા સ્થાપત્યોનો વિકાસ કરવો તેમજ મહત્વના સ્થાપત્યોનો ઇતિહાસ મેળવી તેનું દસ્તાવેજીકરણ કરવું અને હેરિટેજ વોકનો પથ અંકિત કરી સામયિક ધોરણે હેરિટેજ વોકનુ આયોજન કરવું
- દરેક નગરના ઐતિહાસિક વારસાની જાળવણી અને વિકાસ માટે ખાસ વિકાસ આયોજન હાથ ધરવું. નગરોમાં નગરોત્સવનું આયોજન, નગરનો વાર્ષિક અહેવાલ રજૂ થાય તેમાં વર્ષ દરમ્યાન હાથ ધરાયેલ પ્રવૃત્તિની ઝાંખી દર્શાવવી, નગરના ઇતિહાસની ઉજવણી કરવી અને વરિષ્ઠ નાગરિકો તેમજ કુશળ કારીગરોનું સન્માન કરવું. નગરપાલિકાએ પોતાના નગર માટે નગરની ઓળખ ધરાવતો મોમેન્ટો (પ્રતિક) તૈયાર કરવા.
- નગરમાં આવેલ જૂનામાં જૂના વૃક્ષની ઉંમર જાણવા માટે કાર્બન ડેટીંગ પદ્ધતિથી તેની ઉમર મેળવવી અને લોકોની જાણકારી માટે તખતી લગાવી વૃક્ષની ઉમર પ્રદર્શિત કરવી.
- શહેરોના ઐતિહાસિક વારસાની જાળવણીઃ- શહેરોના ઐતિહાસિક વારસાની જાળવણી માટે શહેરી વિસ્તારોમાં આવેલ પ્રાચીન અને ઐતિહાસિક સ્મારકોના વિકાસ દ્વારા પ્રવાસીઓને આકર્ષવા.

ix. <u>વહીવટી સુધારણાઃ</u>

- <u>કર્મચારીઓનું મનોબળ વધારવા કર્મયોગી જેવી તાલીમ આપવી</u> તેમજ કામગીરી સંબંધિત તાલીમ સમયાંતરે આપવી.

- દરેક નગરપાલિકાએ તેની અલગ વેબ સાઇટ વિકસાવવી અને તેને અદ્યતન રાખવાની કાયમી વ્યવસ્થા ફરજીયત ગોઠવવી.
- નગરની બહાર વસતા નાગરિકો નગરપાલિકાના જૂદા જૂદા વેરાઓ સીધે સીધા ભરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવી તેમજ ઓન લાઇન ભરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવી.
- ઈ-ગવર્નન્સ દ્વારા નાગરિકોના પ્રશ્નો તેમજ નગરપાલિકાના આંતરીક વહિવટ અને સુશાસન સાથે સંકળાયેલ પ્રશ્નોનું નિરાકરણ કરવાની વ્યવસ્થા ગોઠવી પારદર્શક અને નાગરીક લક્ષી વહિવટનું આયોજન કરવાનું રહેશે આ માટે અત્યાર સુધીમાં વહિવટ સુધારણાની જે કામગીરી શરૂ કરવામાં આવેલ છે. તે અંતર્ગતના કામો પણ આ યોજનામાંથી હાથ ધરી શકાશે.

x. <u>શહેરી ગરીબો માટે આયોજન તેમજ સ્લમ વિસ્તારનો વિકાસ.</u>

- શહેરી ગરીબોની સમસ્યાઓ હલ કરવી અને તેઓને પાયાની સૂવિધાઓ પૂરેપૂરી મળી રહે તે માટે આયોજન કરવું તથા સ્લમ વિસ્તારોમાં હયાત માળખાકિય સુવિધાઓમાં સુધારો/મરામત કરવા.
- સ્લમ વિસ્તારોમાં પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવા.
- શહેરી ગરીબો માટે હોકર્સ ઝોનનુ આયોજન કરવું.
- શહેરી ગરીબો સ્વનિર્ભર બની શકે તે હેતુને ધ્યાને લઇને વ્યવસાય લક્ષી તાલીમ આપવા માટેનું આયોજન કરવું.
- શહેરી ગરીબોના પુનઃવસન માટે આવાસી યોજનાઓ તૈયાર કરવી.
- સ્થાનિક સંસ્થાના અંદાજો તૈયાર કરતી વખતે તેમજ સરકારની યોજનાઓમાંથી મળતી સહાય દરેકમાં ૨૦% રકમ શહેરી ગરીબોના કામે લેવાય તેવુ આયોજન કરવું.

xi. <u>ધ્યાનાકર્ષક લોકોપયોગી માળખાકિય જરૂરિયાતો</u>

સ્ટોર્મ વોટર ડ્રેનેજના કામો, ફલાય ઓવર બ્રીજના કામો, એનર્જી સેવીંગ માટે નવી ડીવાઇસીસનો ઉપયોગ-સોલાર લાઇટ વગેરે જેવા કામો, પ્રવાસન સ્થળ-હેરીટેજના કામો, સુવ્યવસ્થિત ટ્રાફીક સિટીને લગતા કામો, પબ્લીક ટ્રાન્સપોર્ટ સેવાને લગતા કામો, વોટર હાર્વેસ્ટીંગ ના કામો, રમત ગમતના મેદાનો, રમત સંકુલોનું નિર્માણ, નગરપાલિકાઓએ પોતાના નગર

માટે ઓળખ ધરાવતો મોમેન્ટો (પ્રતિક) તૈયાર કરવો. આવા કામો શક્ય હોય ત્યાં સુધી પી.પી.પી.(પબ્લીક પ્રાયવેટ પાર્ટનરશીપ) ના ધોરણે કરવા જોઇશે.

xii <u>વીજળી વિતરણ</u>

તમામ શહેરોમા મોટા મકાનો અને જાહેર સ્થળોએ સોલર એનર્જીનો ઉપયોગ અને તેની ટેકનોલોજી અપનાવવી.

xiii <u>ટ્રાફિક સર્કલોનો વિકાસ</u>

પંચામૃત થીમ આધારિત ટ્રાફિક સર્કલોનો વિકાસ કરવો.

xiv <u>શહેરોમાં પાઇપ લાઇન આધારિત ગેસ વિતરણ</u>

શહેરોમા પાઇપલાઇન આધારિત ગેસ વિતરણ વ્યવસ્થા અંતર્ગત વધારેમાં વધારે શહેરી વસતિને પાઇપલાઇન આધારિત ગેસ પુરો પાડવાનું આયોજન કરવું

xv <u>શહેરોમાં અગ્નિશમન સેવાઃ-</u>

નગરપાલિકાઓમાં આપત્તિ નિવારણ માટે અગ્નિશામક ઉપકરણો ઉપલબ્ધ બને તેવું આયોજન કરવું. નિવૃત્ત સૈનિકો અને તેમના મંડળો તથા ખેતી ઉત્પન્ન બજાર સમિતિ મારફતે અગ્નિશમન સેવા ચલાવવાનું આયોજન કરવું.

xvi <u>નગર રચના યોજનાઓ બનાવવા તથા તેના ઝડપી અમલ</u>

- ખાનગી તજજ્ઞોની સેવા મેળવવા માટે કાયદામાં જરૂરી સુધારા કરવામાં આવશે.
- શહેરી નગર આયોજન ક્ષેત્રમાં ખાસ કરીને વરસાદી પાણીના સંચય માટે મોટા મકાનોથી શરૂ કરીને તબક્કાવાર આયોજન.
- <u>વૈશ્વિકરણની દ્રષ્ટિએ દરિયા કિનારાના શહેરો આર્થિક વિકાસમાં</u> પાયારૂપ થાય તેવું પ્રાદેશિક આયોજન અને નગર આયોજન.
- સરહદી વિસ્તારોમાં આવેલા શહેરી વિસ્તારોનું ખાસ પ્રકારનું વિકાસ આયોજન.

(ક) આગવી ઓળખ માટેની અમલીકરણ વ્યવસ્થા

- ખાસ વિશિષ્ટ પ્રકારના કામો જેવાકે, માળખાકીય સુવિધાના મોટા કામો, હેરીટેજના કામો, તળાવનુ લેન્ડ સ્કેપીગ અને બ્યુટીફીકેશન, થીમ આધારીત ટ્રાફીક સર્કલોનો વિકાસ, રમત ગમત સંકુલોનું નિર્માણ વિગેરે જેવા વિશિષ્ટ પ્રકારના કામો માટે જ કન્સલટન્ટની સેવાઓ લઇ શકાશે..
- અલબત જે નગરપાલિકા પાસે તાંત્રીક સ્ટાફ ઉપલબ્ધ ન હોય તો તેવી નગરપાલિકાએ ડુડા/કલેકટરશ્રીને રજૂઆત કરી તેમની મંજુરી મેળવી આઉટસોર્સીંગથી કન્સલટન્ટની સેવાઓ લઇ શકશે.
- ડીટેઇલ પ્રોજેકટ રીપોર્ટ માટે રાજ્ય કક્ષાની કમિટી, કન્સલટન્ટસની પેનલ નકકી કરશે પેનલના કન્સલટન્ટસ પ્રોજેકટ પૂરો થાય ત્યાં સુધી પ્રોજેકટ મેનેજમેન્ટ સેલ તરીકે કામગીરી કરશે.
- ચેરમેન, ડીસ્ટ્રીક્ટ અર્બન ડેવલપમેન્ટ એજન્સી (ડુડા) આ ઘટકની કામગીરી માટે નગરપાલિકાની દરખાસ્ત મંગાવી, કન્સલટન્ટસની પેનલમાંથી પ્રેઝન્ટેશન અને ભાવો મંગાવી તેના આધારે કન્સલટન્ટ પસંદ કરી તેમની પાસે ડીટેઇલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરાવશે. આ ઘટક માટે (ડુડા) નોડલ એજન્સી તરીકેની કામગીરી કરશે. કામોની પસંદગી, અમલવારી તેમજ દેખરેખમાં ડુડા ધ્વારા સક્રિય કામગીરી કરવાની રહેશે. રાજય કક્ષાએ સંકલન અને દેખરેખની કામગીરી નગરપાલિકા નિયામકશ્રી, ગાંધીનગર દ્વારા હાથ ધરવામાં આવશે.
- મોડેલ નગરપાલિકા ઘટક હેઠળ કરવાના કામો માટે જિલ્લા કક્ષાની તાંત્રિક સમિતીની રચના કરવામાં આવેલ છે જે ટેન્ડરના વાજબીપણા અંગે નિર્ણય કરી શકશે. જે કામોમાં પ્રવર્તમાન એસ.ઓ.આર. કરતા ૧૦% સુધીના ઉંચા ભાવ આવે ત્યાં સુધી નગરપાલિકા તે મંજુર કરવા નિર્ણય કરી શકશે.

III. રાજ્યના મહાનગરોમાં લોકોપયોગી કામો માટે આયોજન.

રાજ્યના મહાનગરોમાં(ગાંધીનગર સહિત) લોકોપયોગી આંતરમાળખાકીય વિકાસના કામો માટે તેમજ રાજ્યના મહાનગરો કે જેમનો ભારત સરકારે મીશન

શહેરોમાં સમાવેશ કરેલ નથી તેવા જૂનાગઢ, ભાવનગર અને જામનગર શહેરો માટે અલગથી ભૂગર્ભ ગટરના કામો મંજૂર કરી શકાશે.

i. ૧૦ ટકા રકમ ગરીબ સમૃધ્ધિ યોજના હેઠળ સ્લમ વિસ્તારમાં કરવાના કામો જેવા કે રસ્તા, સ્ટ્રીટ લાઇટ, સ્ટોર્મ વોટર, ડ્રેનેજ વગેરે માટે વાપરવાની રહેશે.

ii. ૧૦ ટકા રકમ સ્લમ વિસ્તારમાં આરોગ્યલક્ષી તેમજ શૈક્ષણિક સેવાઓમાં અને પોષણક્ષમ આહાર પુરૂ પાડવા જેવી સામાજીક સેવાઓમાં સંબંધિત વિભાગો સાથે યોગ્ય સંકલન કરીને સામાજીક સેવાઓ સુદૃઢ બનાવવા માટે વાપરવાની રહેશે.

iii. ૫ ટકા રકમ નિર્મળ ગુજરાતની સિધ્ધિના કામો માટે વાપરવાની રહેશે,

iv. ૭૫ ટકા રકમ શહેરની આગવી ઓળખ ઉભી કરવાના કામો માટે વાપરવાની રહેશે. જેમાં નગરપાલિકાઓ માટે નિયત થયેલ આગવી ઓળખ અંગેના કમ –II (બ) આગળ દર્શાવેલ કુલ સોળ કામોની યાદીમાંથીજ મહાનગરપાલિકાઓએ કામો કરવાના રહેશે.

રાજ્ય સરકાર દ્વારા માત્ર આગવી ઓળખ ઉભી કરવાના કામો માટે ત્રણ ગણી વહીવટી મંજૂરી આપવાની પદ્ધતી યથાવત રહેશે. અન્ય ઘટકની કામગીરી જે તે મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવાની રહેશે. આ ઘટક માટે ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ નોડલ એજન્સી રહેશે.

IV. IHSDP યોજના માટે કોસ્ટ ઓવર રન

આ યોજના હેઠળ કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સંસ્થા અત્યારે ૮૦:૧૦:૧૦ ના પ્રમાણમાં ખર્ચ ભોગવે છે. અગાઉની યુનિટ દીઠ મહત્તમ કિંમત મર્યાદા રૂ. ૮૦ હજારથી વધારી કેન્દ્ર સરકારે રૂ. ૧.૦૦ લાખ કરેલ હતી. તે સમયે પણ ખરેખર બાંધકામના અંદાજો રૂ.૧.૨૦ લાખ કે તેથી વધુ હતા. હવે આ અંદાજો રૂ. ૧.૭૦ લાખ જેટલા થવા જાય છે. ભારત સરકારે મંજૂર કરેલ પ્રોજેકટમાં યુનિટ દીઠ નિયત કીમત માં તફાવતના કારણે અપૂરતી સહાયથી મકાનો પૂરા કરવાનો લક્ષ્યાંક સમય મર્યાદામાં પૂર્ણ કરવા વધારાની રકમ વધારાની ખાસ રાજ્ય સહાય તરીકે પૂરવવાનુ જરૂરી જણાયેલ છે.

(A) કેન્દ્ર સરકારે, અગાઉના જે કામો રૂ.૮૦,૦૦૦/- ની યુનિટ કિંમતના આધારે મંજૂર કરેલા હતા તેવા જૂના મંજૂર થયેલ પ્રોજેક્ટસમાં યુનિટ કોસ્ટ રૂ. ૧ લાખ ગણી ખૂટતી રકમ રૂ. ૨૦,૦૦૦/-ની કુલ ૯૦ ટકા રકમ રાજ્ય સરકારે ભોગવેલ હતી. (આમ જૂના પ્રોજેક્ટસમાં કેન્દ્ર સહાય રૂ. ૬૪,૦૦૦/-; રાજ્ય સહાય રૂ. ૮,૦૦૦ + વધારાની રાજ્ય સહાય રૂ.૧૮,૦૦૦ + રૂ. ૧૦,૦૦૦= કુલ રૂ. ૧,૦૦,૦૦૦/- યુનીટ કોસ્ટ.) આમ યુનિટ દિઠ ખરેખર ખૂટતી રૂ. ૨૦,૦૦૦/- ની રકમ ના ૯૦ ટકા એટલે કે રૂ. ૧૮૦૦૦/- ની વધારાની સહાય ચૂકવવામાં આવે છે.

(B) IHSDP યોજના હેઠળ છેલ્લે વંચાણેમાં ક્રમઃ૨ ના ઠરાવ મુજબ મંજૂર થયેલા ૩૨ પ્રોજેક્ટસ, ૧-મહાનગરપાલિકામાં તેમજ ૩૧-નગરપાલિકાઓમાં જેમાં કુલ ૨૪૭૬૯ આવાસો માટે ભારત સરકારે મંજુર કરેલ રકમ તથા ટેન્ડર પ્રિમિયમ જોતાં ભારત સરકાર તરફથી મળનાર સહાયમાંથી કામો કરાવવાનું શકય રહેલ ન હતું. <u>તાજેતરના ભાવો મુજબ સગવડ યુકત ૨૫ ચો.મીના આવાસોના બાંધકામનો ટેન્ડર પ્રમાણે અંદાજીત ખર્ચ રૂ.૧.૭૦ લાખ થવા જાય છે.</u> જે અન્વયે IHSDP યોજના હેઠળ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન દ્વારા ૨૫ ચો.મી.ના મકાનોની તૈયાર કરેલ ટાઇપ ડીઝાઇન મુજબ

(અ) હાલમાં જે મકાનોના કામો ચાલુ થયેલ છે પરંતુ ઓછી યુનિટ કિંમતના કારણે મળનાર સહાયમાંથી પૂરા કરવાનુ શકય નથી,

(બ) અથવા તો જે મકાનોના ટેન્ડરો નકકી કરેલ યુનિટ કિંમત કરતા ઉંચા ભાવે મળેલ છે.

(ક) અથવા તો જે મકાનો માટે ટેન્ડરો મંગાવવાની કાર્યવાહી હાથ ધરવાની બાકી હોય, તેવા તમામ આવાસો માટે

આવાસના બાંધકામ માટે થનાર ખરેખર અંદાજીત ખર્ચના આધારે ખૂટતી રકમ માટે ખાસ વધારાની રાજ્ય સહાય ચૂકવવાનુ નકકી કરેલ છે. જેમાં રૂ. ૮૦,૦૦૦/- ની યુનિટ કિંમતના આધારે મંજૂર થયેલ કુલ ૨૩ પ્રોજેકટ

<u>અને રૂ. ૧,૦૦,૦૦૦/- ની યુનિટ કિંમતના આધારે મંજૂર થયેલ કુલ ૯</u>

પ્રોજેકટ કે જેમાં ભારત સરકારનો ફાળો રૂ.૬૪,૦૦૦/- અથવા રૂ.૮૦,૦૦૦/- છે તેવા આવાસો માટે લાભાર્થી/નગરપાલિકા વધુમાં વધુ ખુટતી રકમ જેટલો કે ઓછામાં ઓછા રૂ.૨૦,૦૦૦/- જેટલો ફાળો આપે તે શરતે

લાભાર્થીના ફાળા પછીની ખૂટતી રકમ મહત્તમ રૂ. ૪૫,૦૦૦/- ની મર્યાદામાં ખાસ વધારાની રાજ્ય સહાય તરીકે ચૂકવી શકાશે.

આ યોજના માટે ઉપર ઠરાવ્યા મુજબનાં રાજ્ય ફાળાની રકમ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગરના હવાલે મૂકેલ સ્વર્ણિમ **જ્યંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનાની જોગવાઇમાંથી મેળવવાની રહેશે.**

V. નગર સેવા સદન માટે સહાય

i. કુલ ૩૧ નવી નગરપાલિકાઓ અને ડ વર્ગની ૧૯ નગરપાલિકાઓ કે જ્યાં સદન માટે પોતાનુ મકાન નથી તેવી કુલ ૫૦ નગરપાલિકાઓના અને જે નગરપાલિકાઓમાં ૩૦ વર્ષ કરતા જૂનું મકાન હોય તેવી નગરપાલિકાઓને નવા સેવા સદન બાંધકામ માટે સહાય ચૂકવી શકાશે. જે નગરપાલિકાઓના મકાન છે અને તેઓ મકાનમા વધારો અને મરામત કરાવવા માંગે છે અથવા તો ફકત મરામત કરાવવા માંગે છે તેમને પણ સહાય ચૂકવી શકાશે. આ માટે નગરપાલિકાઓએ નિયામકશ્રી નગરપાલિકાઓને દરખાસ્ત કરવાની રહેશે. સહાયનુ ધોરણ આગળ પત્રકમાં દર્શાવ્યા મુજબ રહેશે.

સહાયની રકમ રૂ. લાખમાં

નગરપાલિકાનુ વર્ગ	નવા મકાન માટે સહાય		હયાત મકાન માટે સહાય	
	જે નગરપાલિકા પાસે પોતાનુ મકાન ન હોય	જે નગરપાલિકા પાસે ૩૦ વર્ષથી જૂનું મકાન હોય	મકાનમાં વધારા અને મરામતના કામો માટે સહાય	માત્ર મરામતના કામો માટે સહાય
અ	૧૦૦		૫૦	૪૦
બ	૭૫		૪૦	૩૫
ક	૬૦		૩૦	૩૦
ડ	૫૦		૨૫	૨૫

ii. ક અને ડ વર્ગની નગરપાલીકાઓના સેવા સદનના મકાન માટે માર્ગ અને મકાન વિભાગ તરફથી ડીઝાઇન નિયત કરવામાં આવશે.

iii. ક અને ડ વર્ગની નગરપાલીકાઓના સેવા સદનના મકાન માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરાવવાની રહેશે.

iv. જે કિસ્સામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા કામ કરવાની સંમતી ન આપવામાં આવે તેવા કિસ્સામાં માર્ગ અને મકાન વિભાગ તરફથી કામની તાંત્રિક મંજુરી મળેથી અન્ય એજન્સી પાસે નગરપાલિકા કામ કરાવી શકશે.

v. નિયામક, નગરપાલિકા દ્વારા નકકી કરવામાં આવે તે નગરપાલિકાના સેવા સદન ના હયાત મકાનના રિપેરીંગ અંગેની દરખાસ્ત મોકલવા સૂચના આપી શકશે, અને તે અંગે નગરપાલિકા પાસેથી દરખાસ્ત મેળવી વહીવટી મંજૂરી આપી નગરપાલિકાને મળવા પાત્ર સહાય મંજૂર કરી શકશે.

vi. આ કામગીરી સબંધિત જીલ્લાના ડુડાના ચેરમેનશ્રીની સીધી દેખરેખ હેઠળ પૂર્ણ કરાવવાની રહેશે. નગરપાલિકા દ્વારા નગર સેવા સદનની સહાય માટે જણાવેલ જોગવાઇ મુજબ કોઇ નગર સેવા સદન માટે આપોઆપ સહાય મળશે નહી. પરંતુ તે માટે દરખાસ્ત કરી તેની ચકાસણી થયેથી ત્યાર પછી મેળવવાને હકદાર હશે.

vii. જે સત્તામંડળો પાસે પોતાનુ મકાન ન હોય અથવા તો 30 વર્ષ જૂનુ મકાન હોય તેને અ વર્ગની નગરપાલીકા સમકક્ષ સહાય મંજૂર કરી શકાશે. આ અંગેની દરખાસ્તો નિયામકશ્રી નગરપાલીકા મંજૂર કરી શકશે.

સામાન્ય જોગવાઇઓ

૧. થર્ડ પાર્ટી ઇન્સપેકશનઃ-

આ યોજનામાં થર્ડ પાર્ટી મોનીટરીંગની વ્યવસ્થા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે. આ માટે સબંધિત સ્થાનિક સંસ્થા પાસેથી સમયાંતરે વિગતો મેળવી તમામ ધટકો આવરી લઇ કામોની ગુણવત્તાની ખાતરી, હાથ ધરેલ કામોની ઉપયોગિતા, તેની જનજીવન ઉપર સર્વગ્રાહી અસર અંગે સમયાંતરે વિશ્લેષણાત્મક અહેવાલ તૈયાર કરવાનો રહેશે. આ યોજનાના કારણે જેતે શહેરની આગવી ઓળખ ઉપસી આવી છે કે કેમ તે પણ ચકાસવામા આવશે.

મોડલ નગરપાલિકા ધટક હેઠળનાં બહુધા નાનો કામો હોવાથી ફકત ૫૦ લાખ થી વધુના કામો માટે DUDA દ્વારા એજન્સી નકકી કરી થર્ડ પાર્ટી ઇન્સપેકશન કરાવવાનુ રહેશે. નગર સેવા સદન માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવતા કામ

માટે થર્ડ પાર્ટી ઇન્સપેકશન કરાવવાની જરૂરત નથી. DUDA દ્વારા સુપરવિઝન સહીતના કામ માટે કન્સલટન્ટ નીમેલ હોય તેવા કામ માટે થર્ડ પાર્ટી ઇન્સપેકશન કરાવવાની જરૂરત નથી.

દંડની જોગવાઇ- થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન એજન્સી નબળી ગુણવત્તાવાળા કામો અટકાવે નહી અને ચલાવી લે અને કામને યોગ્ય ઠરાવે, મંજૂર કરાવે અને કામ નબળુ પુરવાર થાય તો એજન્સીને તે કામની મળવાપાત્ર રકમના ૫૦ ટકા સુધીની રકમ દંડ તરીકે વસુલ કરી શકાશે. તેમજ થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન એજન્સી દ્વારા ખોટા સર્ટીફીકેટ કે બીલ મંજૂર થતા હોય તો તે એજન્સીને બ્લેક લીસ્ટ કરી જોગવાઇ મુજબ દંડ ની વસુલ લેવાની થતી રકમ રેવન્યુ રાહે વસુલ કરી શકાશે. આ બાબત કરાર ખતમાં આમેજ કરવાની રહેશે.

૨. ગ્રાન્ટની તબકકાવાર ફાળવણી-

આ યોજના હેઠળના જુદા જુદા ઘટકો અન્વયે નીચે મુજબ ત્રણ તબકકામાં ગ્રાન્ટ છૂટી કરવામાં આવશે.

વહીવટી મંજૂરી સાથે મળવાપાત્ર સહાયના ૪૦ % નો પ્રથમ હપ્તો	પ્રથમ હપ્તાની સહાય સામે ૭૦ % ખર્ચ કરી વપરાશી પ્રમાણપત્ર રજૂ કર્યેથી	પ્રથમ હપ્તાની સહાય સામે ૧૦૦ % અને બીજા હપ્તાની સહાય સામે ૭૦% ખર્ચ કરી વપરાશી પ્રમાણપત્ર રજૂ કર્યેથી
	૪૦ % નો બીજો હપ્તો	૨૦ % નો ત્રીજો અને અંતિમ હપ્તો

અ. ગ્રાન્ટ ફાળવણી અંગેની અન્ય જોગવાઇઓઃ-

(૧). નગરપાલીકાને કુલ મળવાપાત્ર ગ્રાન્ટની મર્યાદામાં બીજા તથા ત્રીજા હપ્તાની સહાય ચૂકવતી વખતે કામની પ્રગતિની સાથે કામની ગુણવત્તાની ચકાસણી પણ કરવાની રહેશે.

(૨). જે નગરપાલિકા નિયત કરેલ રિફોર્મ્સ તથા કામોમાં ભૌતિક તથા નાણાંકીય પ્રગતિ અપેક્ષિત ધોરણે અને ગુણવત્તા સાથે સમયમર્યાદા પહેલા સિધ્ધ કરે તેવી નગરપાલિકાને કુલ મળવાપાત્ર ગ્રાંટની મર્યાદામાં બીજા – તથા -ત્રીજા હપ્તાની સહાય એકી સાથે ચુકવી શકાશે.

(૩). ફકત મોડલ નગરપાલિકા ઘટક માટે સહાયની રકમ ચૂકવવા, સ્થાનિક સંસ્થાઓ માટે નકકી કરેલ લઘુત્તમ માપદંડો મુજબની કાર્યક્ષમતાની શરત ફરજીયાત રહેશે.

બ. નવા કામોની વહીવટી મંજુરી મેળવવા સ્થાનિક સંસ્થાઓએ રજૂ કરવાની વિગતો

(અ) દરખાસ્ત સાથે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (MOU) (સમજુતિ કરાર)

(બ). સ્વર્ણીમ સિધ્ધિનો એકશન પ્લાન.

(ક). ગરીબ સમુધ્ધિ યોજનાનો એકશન પ્લાન.

(ડ). નિર્મળ ગુજરાતના કામોનો એકશન પ્લાન.

(ઇ). હયાત પરિસ્થિતિ અંગેની માહિતી (BASELINE DATA).

મોડલ નગરપાલિકા ઘટક માટે નવા કામો રજૂ કરતી વખતે નગરપાલિકાઓએ આ વિગતો ચેરમેનશ્રી ડુડાને રજૂ કરવાની રહેશે.

ક. રીફોર્મ્સ માટે હવે નીચેની વિગતો મુજબ રીફોર્મ્સ (અનુસૂચિ-૧ મુજબ) લાગુ પડશેઃ- (પત્રકો ક્રમ ૧,૨,૩,૪ ફરજીયાત સુધારાઓ તરીકે રહેશે.)

૧ <u>ચાલું માંગણાની વસુલાતઃ-</u> દરેક નગરપાલિકાએ વર્ષિક ૫% લેખે વસુલાત વધારવા અને વધુમાં વધુ ૫ વર્ષમાં ૭૫% એ વસુલાત પહોંચાડવાનો લક્ષ રાખવો. જે નગરપાલિકા ૭૫% ની વસુલાતનો લક્ષ પુરો કરે તે બાદ આ સુધારાની શરત તેને લાગુ પડશે નહીં અને નિયત સમય-મર્યાદા કરતાં પહેલાં ૭૫% નગરપાલિકાના વસૂલાત કરનારને પ્રોત્સાહન યોજનામાં સમાવેશ કરવામાં આવશે.

૨ <u>વ્યવસાય વેરાની વસુલાતઃ-</u> અ અને બ વર્ગની નગરપાલિકાઓએ દર વર્ષે ૨ % વસુલાત વધારવી જ્યારે ક અને ડ વર્ગની નગરપાલિકાઓએ દર વર્ષે ૧% વસુલાત વધારવી.

૩ <u>વહીવટી ખર્ચઃ-</u> રાજ્ય સરકારે ઠરાવેલ મર્યાદા ની અંદર ૪૮% ખર્ચ રહે તે લક્ષ રાખવો. ૪૮% મહેકમના ખર્ચની મર્યાદા માટે નંગરપાલિકાઓને મળવા- પાત્ર મહેકમનો ખર્ચ ગણવાનો રહેશે અને આ માટે ખાલી જગ્યાઓ ઉપર ભરતી કરવાની બાકી હોય તેની મંજૂરી લઇ ભરવાની રહેશે.

૪ <u>ઘન કચરાના વ્યવસ્થાપન માટે ડોર ટુ ડોર કલેકશન અને સેગ્રેગેશનઃ-</u> નગરપાલિકાઓએ પાંચ વર્ષમાં દર વર્ષે ક્રમશઃ ૭૦ %,૭૫ %, ૮૦, ૮૫%, ૯૦% ની સિદ્ધી હાંસલ કરવાનો લક્ષ રાખવાનો છે.

(પત્રકો ક્રમઃ ૫,૬,૭,૮,૯,૧૦, માંથી કોઇ પણ ચાર મરજીયાત સુધારાઓ તરીકે રહેશે.)

૫. <u>વ્યક્તિગત શૌચાલયો તેમજ પે એન્ડ યુઝ ટોયલેટઃ-</u> સુવિધાથી વંચિત રહેતા કુટુંબોમાંથી દર વર્ષે ૨૦ % આવરી લેવાનો લક્ષ રાખવો.

૬ <u>વિસ્તાર આધારીત મિલકત વેરાની વસુલાતઃ</u> દરેક નગરપાલિકાએ વિસ્તાર આધારીત વસુલાત ગોઠવવા આયોજન કરવુ.

૭ <u>ડબલ એન્ટ્રી એકાઉન્ટ પદ્ધતીઃ-</u> દરેક નગરપાલિકાએ ડબલ એન્ટ્રી એકાઉન્ટ પદ્ધતી ગોઠવવી

૮ <u>કરવેરા વધારવા આયોજનઃ-</u> કોઇ પણ બે પ્રકારની નવી બાબતો કરવેરામાં સમાવેશ કરી આવક વધારવા આયોજન કરવુ.

૯ <u>ફરીયાદ નિવારણઃ-</u> ફરીયાદ નિવારણમાં સામાન્ય ફરીયાદોનું નિવારણ ૨૪ કલાકમાં થાય તે રીતનું આયોજન કરવાનું રહેશે. પરંતુ ટેકનીકલ પ્રકારની ફરીયાદોમાં બનતી ત્વરાએ કાર્યવાહી વિચારવા હાથ ધરવાની રહેશે.

૧૦ <u>ગરિબ સમૃદ્ધી યોજના માટેઃ-</u> રાજય અને કેન્દ્ર સરકારની સહાયમાંથી તેમજ તેમના સ્થાનિક અંદાજોમાંથી ૨૦ ટકા રકમ ગરિબો માટે અને સ્લમ વિસ્તારના વિકાસ માટે વાપરવાની વિભાગની સૂચનાનો અમલ થાય તે માટે લક્ષ નકકી કરવું.

૬. રીફોર્મ્સની શરતો બાબતે વધારાની સ્પષ્ટતાઃ-

(૧). MOU અન્વયે હવે ફકત મોડલ નગરપાલિકા ધટક પૂરતા આ સુધારાઓ(રીફોર્મ્સ) નગરપાલીકા તેમજ મીશન શહેરો કે જેમને ૧૦૦ ટકા રાજ્ય સહાય આપવામાં આવેલ છે તેમને લાગુ પડશે. જૂના મંજુર થયેલ કામો માટે આ બાબત આપોઆપ લાગુ પડશે અને નવેસરથી MOU કરવાના રહેશે નહીં. જ્યારે નવા કામો માટે ચેરમેનશ્રી ડૂડા સાથે MOU કરવાના રહેશે. જેમાં પરિશિષ્ટમાં સામેલ રીફોર્મ્સની અમલવારીના પત્રકોમાં દર્શાવ્યા મુજબ રીફોર્મ્સો નો અમલ કરવાનો રહેશે..

(૨). તમામ સુધારાઓ માટે તા. ૩૧/૩/૨૦૧૦ને આધાર રેખા ગણી પાંચ વર્ષના સમય ગાળા માં સુધારણાના લક્ષ સિદ્ધ કરવાના રહેશે.

(૩).પ્રથમ સમીક્ષા તા. ૩૧/૩/૨૦૧૨ માં બીજી સમિક્ષા તા.૩૧/૩/૨૦૧૪ માં તથા છેલ્લી સમીક્ષા તા. ૩૧/૩/૨૦૧૫ માં કરવાની રહેશે.

(૪). જે.એન.એન.યુ.આર.એમ. હેઠળ મિશન શહેરોએ પાળવાની જે શરતો છે તે ઉપરાંત સૂચિત સુધારા મુજબની નગરપાલિકાને લગતી શરતો આવા મિશન શહેરોને કે જે રાજ્ય સરકારની ૧૦૦% ગ્રાન્ટ મેળવે છે તેમને પણ લાગુ પડશે.

(૫). <u>મહેસુલી વેરાની વસુલાત</u>, <u>પ્રોફેશનલ ટેક્ષની વસુલાત</u>, <u>વહિવટી ખર્ચમાં ઘટાડા</u> અને <u>સોલીડ વેસ્ટ મેનેજમેન્ટને લગતા ડોર ટુ ડોર કલેકશન</u> ને લગતા ચાર પત્રક મુજબના સુધારાઓનો ફરજીયાત સુધારાઓ તરીકે અમલ કરવાનો રહેશે. જ્યારે બાકી રહેતા છ પત્રક મુજબના સુધારાઓનો મરજીયાત સુધારાઓ તરીકે ગણાશે જેમાંથી કોઇ પણ ચાર પસંદગી પ્રમાણે કરી શકાશે.

ઉપર નકકી કરેલ તબકકા મુજબ ગ્રાન્ટ ફાળવતા પહેલા સમયાંતરે મેળવવામાં આવતા થર્ડ પાર્ટી મોનીટરીંગ રીપોર્ટ ચકાસી રીપોર્ટના આધારે ગ્રાન્ટ ફાળવવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા કમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૯/૦૬/૨૦૧૧ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.આર.પરમાર)
ઉપસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

નકલ રવાના પ્રતિ

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીના અગ્રસચિવશ્રી મુખ્ય મંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અ.મુ.સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી, સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, સર્વે મહાનગરપાલિકાઓ
- નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર ગાંધીનગર(સર્વે નગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વીનંતી સહ)
- પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર, રાજકોટ.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- ટ્રેઝરી ઓફીસરશ્રી, ગાંધીનગર ટ્રેઝરી, ગાંધીનગર
- રોકડ શાખા, શહેરી વિકાસ અંને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સીલેક્ટ ફાઇલ

ઠરાવ ક્રમાંકઃ સજય/૧૦૨૦૧૧/૪૧૪૪/૫ તા. ૨૩/૦૮/ ૨૦૧૧

અનુસૂચિ -૧

(પાના નંબર ૨૮-૩૨)

સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે કાર્યક્ષમતાના લઘુતમ માપદંડો

ફરજીયાત સુધારો(Mandatory Reform)

(૧) ચાલુ માગણાની વસુલાતની ટકાવારી વધારવા અંગેની વિગતો દર્શાવતુ પત્રક

૨૦૦૯-૧૦ માં વસુલાત ની ટકાવારી	નગરપાલિકાઓ માટે વસુલાતની ટકાવારી સુધારવાનો લક્ષ્યાંક		
	તા.૩૧/૦૩/૧૨ની સ્થિતિએ સમિક્ષા	તા.૩૧/૦૩/૧૪ની સ્થિતિએ સમિક્ષા	તા.૩૧/૦૩/૧૫ની સ્થિતિએ સમિક્ષા
તા.૩૧/૦૩/૧૦ની સ્થિતિ મુજબ ટકાવારી	૧. દરેક નગરપાલીકાએ ઓછામાં ઓછા વાર્ષિક ૫% લેખે વસુલાતની ટકાવારી વધારી પાંચ વર્ષના અંતે છેલ્લી સમિક્ષા વખતે ઓછામાં ઓછી ૭૫% લેખે વસુલાતની ટકાવારીનો લક્ષ સિદ્ધ કરવો. ૨. જે નગરપાલિકા ૭૫% ની વસુલાતનો લક્ષ પુરો કરે તે બાદ આ સુધારાની શરત તેને લાગુ પડશે નહીં. ૩. નિયત સમય-મર્યાદા કરતાં પહેલાં ૭૫% વસૂલાત કરનાર નગરપાલિકાનો પ્રોત્સાહક યોજનામાં સમાવેશ કરવામાં આવશે.		
Base line Information	તા.૩૧/૦૩/૧૨ની સ્થિતિએ વસુલાતની ટકાવારી અહિંયા દર્શાવવી Information for review	તા.૩૧/૦૩/૧૪ની સ્થિતિએ વસુલાતની ટકાવારી અહિંયા દર્શાવવી Information for review	તા.૩૧/૦૩/૧૫ની સ્થિતિએ વસુલાતની ટકાવારી અહિંયા દર્શાવવી Information for review

નગરપાલિકાનુ નામ

તા.

સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે

કાર્યક્ષમતાના લઘુતમ માપદંડો

ફરજીયાત સુધારો(Mandatory Reform)

(૨) વ્યવસાય વેરાની વસુલાત વધારવા અંગેની વિગતો દર્શાવતું પત્રક

૨૦૦૯-૧૦ માં વસુલાત	નગરપાલિકાઓ માટે વ્યવસાય વેરાની વસુલાત વધારવાનો લક્ષ્યાંક		
	તા.૩૧/૦૩/૧૨ની સ્થિતિએ સમિક્ષા	તા.૩૧/૦૩/૧૪ની સ્થિતિએ સમિક્ષા	તા.૩૧/૦૩/૧૫ની સ્થિતિએ સમિક્ષા
તા.૩૧/૦૩/૧૦ની સ્થિતિ વસુલાત બાકિયા દર્શાવવી	1. 'અ' અને 'બ' વર્ગની નગરપાલીકાએ ઓછામાં ઓછા દર વર્ષે ૨.% લેખે વસુલાત વધારવી. 2. 'ક' અને 'ડ' વર્ગની નગરપાલીકાએ ઓછામાં ઓછા દર વર્ષે ૧.% લેખે વસુલાત વધારવી.		
Base line Information	તા.૩૧/૦૩/૧૨ની સ્થિતિએ વસુલાતનો વધારો ટકાવારીમાં બાકિયા દર્શાવવી Information for review	તા.૩૧/૦૩/૧૪ની સ્થિતિએ વસુલાતનો વધારો ટકાવારીમાં બાકિયા દર્શાવવી Information for review	તા.૩૧/૦૩/૧૫ની સ્થિતિએ વસુલાતનો વધારો ટકાવારીમાં બાકિયા દર્શાવવી Information for review

નગરપાલિકાનુ નામ _____ તા._____

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે

કાર્યક્ષમતાના ઘટકોના માપદંડો

ફરજીયાત સુધારો(Mandatory Reform)

(૩) મહેકમ ખર્ચ (કુલ મહેસૂલી આવકની સરખામણીમાં મહેકમ ખર્ચ ૪૮ ટકાથી નીચે રાખવાનું આયોજન)

કુલ મહેસૂલી આવકની સરખામણીમાં મહેકમ ખર્ચની હકીકતો	૪૮ ટકાની મર્યાદામાં હોવો જોઇએ	૪૮ ટકાની મર્યાદામાં હોવો જોઇએ	૪૮ ટકાની મર્યાદામાં હોવો જોઇએ
મહેકમ ખર્ચની ટકાવારી	૫૫૩૫/૦૩/૨૨	૫૫૩૦/૦૬/૨૪	૫૫૩૫/૦૩/૨૫
૩૧/૦૩/૨૦૨૦ ની સ્થિતિએ મહેકમ ખર્ચની ટકાવારીના આંકડા અહિંયા દર્શાવવા	તા.૩૧/૦૩/૨૨ ની સ્થિતિએ મહેકમ ખર્ચની ટકાવારીના આંકડા અહિંયા દર્શાવવા	તા.૩૦/૦૬/૨૪ની સ્થિતિએ મહેકમ ખર્ચની ટકાવારીના આંકડા અહિંયા દર્શાવવા	તા.૩૧/૦૩/૨૫ ની સ્થિતિએ મહેકમ ખર્ચની ટકાવારીના આંકડા અહિંયા દર્શાવવા

રાજ્ય સરકારે ઠરાવેલ મર્યાદા ની અંદર ૪૮% ખર્ચ રહે તે લક્ષ રાખવો. ૪૮% મહેકમના ખર્ચની મર્યાદા માટે નગરપાલિકાઓને મળવા- પાત્ર મહેકમનો ખર્ચ ગણવાનો રહેશે અને આ માટે બાકી જગ્યાઓ ઉપર ભરતી કરવાની બાકી હોય તેની મંજૂરી લઇ ભરવાની રહેશે.

નગરપાલિકાનું નામ

તા.

સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે કાર્યક્ષમતાના લઘુતમ માપદંડો

ફરજીયાત સુધારો(Mandatory Reform)

(૪) ડોર ટુ ડોર કલેકશન અને સેગ્રીગેશન

તા.૩૧/૦૩/૧૦ કુલ મિલ્કતોની સંખ્યા	તા.૩૧/૦૩/૧૨ સેગ્રીગેશન એટ સોર્સ કરવાની થતી મિલ્કતોની ટકાવારી	તા.૩૦/૦૩/૧૪ સેગ્રીગેશન એટ સોર્સ કરવાની થતી મિલ્કતોની ટકાવારી	તા.૩૧/૦૩/૧૫ સેગ્રીગેશન એટ સોર્સ કરવાની થતી મિલ્કતોની ટકાવારી
૧	૨	૩	૪
આંકડા અહિંયા દર્શાવવા	પાંચ વર્ષમાં દર વર્ષે કમશઃ ૭૦% ૭૫% ૮૦% ૮૫% ૯૦% આવરી લેવાનો લક્ષ્યાંક		
	૭૫ ટકા	૮૫ ટકા	૯૦ ટકા
	આંકડા અહિંયા દર્શાવવા	આંકડા અહિંયા દર્શાવવા	આંકડા અહિંયા દર્શાવવા

નોંધઃ- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે નગરપાલિકાઓમાં માળખાકિય સુધારાઓ તેમજ વહિવટી સુધારણાના કામોની સમયાંતરે સમિક્ષા થઇ શકે અને વિભાગને કામગરી અંગેનો અહેવાલ મળી શકે તે માટે નગરપાલિકા વાઇઝ પ્રભારી અધિકારીઓની નિમણૂંક કરેલ છે. તેઓ તરફથી શહેરની સ્વચ્છતામાં જરૂર જણાય ત્યાં સૂધારો કરવા નગરપાલિકાના અધિકારીઓને સૂચનો કરવામાં આવશે અને તે સૂચનોનો અમલ નગરપાલિકાએ કરવાનો રહેશે. જો તે પછીની મુલાકાત દરમ્યાન અમલ થયેલ ન જણાય તો નગરપાલિકા સૂચનનો અમલ ન કરે ત્યાં સુધી પ્રભારી અધિકારી સબંધિત કલેક્ટરશ્રીને નગરપાલિકાની આ ધટકની ગ્રાન્ટ રોકવા સૂચના આપી શકશે.

નગરપાલિકાનુ નામ

તા.

સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે કાર્યક્ષમતાના લઘુતમ. માપદંડો

મરજીયાત સુધારો (Optional Reform)

(ક્રમઃ ૫,૬,૭,૮,૯,૧૦, માંથી કોઇ પણ ચાર મરજીયાત સુધારાઓ તરીકે રહેશે.)

૫ <u>વ્યક્તિગત શૌચાલયો તેમજ પે એન્ડ યુઝ ટોયલેટઃ-</u> સુવિધાથી વંચિત રહેતા કુટુંબોમાંથી દર વર્ષે ૨૦ % આવરી લેવાનો લક્ષ રાખવો.

૬ <u>વિસ્તાર આધારીત મિલકત વેરાની વસુલાતઃ</u> દરેક નગરપાલિકાએ વિસ્તાર આધારીત વસુલાત ગોઠવવા આયોજન કરવુ.

૭ <u>ડબલ એન્ટ્રી એકાઉન્ટ પદ્ધતીઃ-</u> દરેક નગરપાલિકાએ ડબલ એન્ટ્રી એકાઉન્ટ પદ્ધતી ગોઠવવી

૮ <u>કરવેરા વધારવા આયોજનઃ-</u> કોઇ પણ બે પ્રકારની નવી બાબતો કરવેરામાં સમાવેશ કરી આવક વધારવા આયોજન કરવુ.

૯ <u>ફરીયાદ નિવારણઃ-</u> ફરીયાદ નિવારણમાં સામાન્ય ફરીયાદોનું નિવારણ ૨૪ કલાકમાં થાય તે રીતનું આયોજન કરવાનું રહેશે. પરંતુ ટેકનીકલ પ્રકારની ફરીયાદોમાં બનતી ત્વરાએ કાર્યવાહી વિચારવા હાથ ધરવાની રહેશે.

૧૦ <u>ગરિબ સમૃદ્ધી યોજના માટેઃ-</u> રાજય અને કેન્દ્ર સરકારની સહાયમાંથી તેમજ તેમના સ્થાનિક અંદાજોમાંથી ૨૦ ટકા રકમ ગરિબો માટે અને સ્લમ વિસ્તારના વિકાસ માટે વાપરવાની વિભાગની સૂચનાનો અમલ થાય તે માટે લક્ષ નકકી કરવું.

એનેક્ષર-બી

(સામાન્ય વહિવટ વિભાગનાં તા.૧૦-૫-૨૦૦૯ નાં પરિપત્ર ક્રમાંક પીએડી-૧૦-૨૦૦૭- ૩૩૫૩૬૪-આર.ટી.આઈ. સેલનું બિડાણ)

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો" પ્રો- એકટીવ ડીસ્કલોઝર (P.A.D) મારા વિભાગ ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે. અને તા. ૦૧/૦૫/૨૦૨૧ ની સ્થિતીએ અમારી મંજૂરી મેળવી અદ્યતન કરવામાં આવેલ છે.

તારીખ:
સ્થળ : ભાવનગર

કાર્યપાલક ઈજનેર
યોજના વિભાગ
મહાનગરપાલિકા, ભાવનગર

૧૮

17 ઉપર

	ભાવનગર મહાનગરપાલિકા ભાવનગર	

સહાયક કમિશનર કચેરી

માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ–૨૦૦૫

વોલ્યુમ–૨
વર્ષ ૨૦૨૧–૨૨

શ્રી ફાલ્ગુનભાઈ એમ.શાહ
સહાયક કમિશનર(ઈ.ચા.)

ફોન (ઓફીસ) : ૨૪૨૪૮૦ ૧ થી ૨૪૨૪૮૧૦
મોબાઈલ : ૯૯૭૯૯૪૫૩૩૩

સહાયક કમિશનર કચેરી વિભાગ–૧
અનુક્રમણીકા

ક્રમ	પ્રકરણ	પ્રકરણની વિગત	પાના નં.
૧	૨	જાહેર તંત્રના ઉદેશ/હેતુ	૧
૨	૩	અધિકારીઓ અને કર્મચારીઓ સત્તાને ફરજ	૨
૩	૧૦	અધિકારી/કર્મચારીઓ (ડીરેકટરી) માહીતીની પુસ્તિકા.	૩
૪	૧૧	અધિકારી કર્મચારીને મળતું માસીક મહેનતાણાની માહીતી.	૪

સહાયક કમિશનર
મહાનગરપાલિકા,
ભાવનગર

પ્રકરણ–૩ (નિયમ સંગ્રહ–૨)
અધિકારીઓ અને કર્મચારીઓની સતા અને ફરજો

૩.૧	સંસ્થાના અધિકારીઅ અને કર્મચારીઓની સતા અને ફરજોની વિગત.	
	હોદદો	સહાયક કમિશનર, (ઈ.ચા.) ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર.
સતાઓ–વહીવટી	(૧)	સહાયક કમિશનર વિભાગની તમામ કામગીરી પર નિયંત્રણ અને સુપરવિઝન.
	(૨)	કમિશનરશ્રીએ કરેલ હુકમ, સતા સોંપણી મુજબ રજુ થતી ફાઈલો, અરજીઓનો નિર્ણય કરી નિકાલ કરવો.
નાણાંકીય	(૧)	રૂા.૫૦૦૦૦/– સુધીના ખર્ચના પાવર્સ
અન્ય	(૧)	સ્ટાફ ઉપર સામાન્ય દેખરેખ અને નિયંત્રણ
	(૨)	પરચુરણ રજા તથા ૩૦ દિવસ સુધીની હકક/મેડીકલ રજાઓ મંજુર કરવી.
ફરજો	(૧)	અત્રેના ફાળવેલ ખાતાની કામગીરી ઉપર દેખરેખ રાખવી.
	(૨)	ઘરવેરા વિભાગની સંકલન અને નિયંત્રણની કામગીરી.
	(૩)	મહાનગરપાલિકાના તમામ કાયમી કર્મચારીઓ, નિવૃત, અવસાન કે સ્વૈ.રાજીનામા આપે ત્યારે તેઓને ચુકવવાના પી.એફ. અને ગ્રેચ્યુટીના ખર્ચની મંજુરી આપવી.
	(૪)	જી.આઈ.એસ.સેલની દેખરેખ તથા જી.આઈ.એસ. પ્રોજેકટની અમલવારીની કામગીરી
	(૫)	અરજદારોને રૂબરૂ સાંભળવા.
	(૬)	જનરલ આવતી અરજીઓનો નિકાલ કરવો.
	(૭)	ઈમ્પ્રેસટની મંજુરીની કામગીરી /સી.પી.એફ.વાળા કર્મચારીને ગ્રેચ્યુટીની મંજુરી આપવી.
હોદો	જુ.કલાર્ક	
ફરજો	–:	સહાયક કમિશનરશ્રીના આદેશ, હુકમ મુજબ જે કામગીરી સોંપવામાં આવેતે તમામ કામગીરી કરવામાં આવે છે.
	–:	સક્ષમ સતા દ્વારા રચવામાં આવેલ જુદી જુદી તમામ કમિટિઓ દ્વારા કરવામાં આવતા ઠરાવોને ઈન્વર્ડ કરી અધિકારીશ્રીના વંચાણે મુકી લગત વિભાગે રવાના કરવામાં આવે છે.
	–:	ડી.એમ.સી.(એ) તથા ડી.એમ.સી.(જી) અને કમિશનરશ્રી દ્વારા અપાયેલ મંજુરીની ફાઈલોમાં મંજુરી નંબર ચઢાવવામાં આવે છે.
	–:	કોર્પોરેશનનાં તમામ વિભાગોમાંથી જયારે જે તે હેડમાં બજેટ વર્ષ દરમ્યાન રકમની તુટ પડે ત્યારે રી.એ. માટેની દરખાસ્ત તૈયાર કરવામાં આવે છે.
	–:	ભાવનગર મહાનગરપાલિકાના જે તે વિભાગોને કાયમી તથા ટેમ્પરરી ઈમ્પ્રેસ્ટની મંજુરી કમિશનરશ્રી દ્વારા મળ્યા બાદ તેના હુકમો કરવામાં આવે છે.

	–:	સી.પી.એફ.વાળા કર્મચારીઓને એકાઉન્ટ વિભાગેથી આવતા પ્રકરણમાં ગ્રેચ્યુટી ચુકવવા માટેના મંજુરી નંબર આપી અને હુકમ કરવાની કામગીરી કરવામાં આવે છે.
	–:	જી.આઈ.એસ. પ્રોજેકટ મળતી માહિતી અંગેના આવક –જાવક કરવા તથા પાર્ટીને જાણ કરવા અંગેની કામગીરી કરવામાં આવે છે.
	–:	ઘરવેરા પૂર્વ/મધ્ય/પશ્ચિમ વિભાગે અત્રેના અધિકારી ધ્વારા જરૂરી માહિતીના આવક–જાવક કરવામાં આવે છે.
	–:	સહાયક કમિશનરશ્રીને ફાળવેલ વાહનનું ડિઝલનું બિલ બનાવવાની કામગીરી કરવામાંઆવે છે. તેમજ જરૂરી રીપેરીંગના બિલો બનાવવાની કામગીરી કરવામાં આવે છે.
હોદો	ટ્રેસર	
ફરજો	–:	(૧)નકશાની કામગીરી (૨) જી.આઈ.એસ.સેલમાં સુચના મુજબની કામગીરી (૩) સહાયક કમિશનરશ્રીની સુચના અનુસારની કામગીરી.
હોદો	ટ્રેસર	
ફરજો	–:	(૧)નકશાની કામગીરી (૨) જી.આઈ.એસ.સેલમાં સુચના મુજબની કામગીરી (૩) સહાયક કમિશનરશ્રીની સુચના અનુસારની કામગીરી.
હોદો	પટ્ટાવાળા	
ફરજો	–:	પટ્ટાવાળાની તમામ કામગીરી

પ્રકરણ–૧૦
કલમ–૧૦.૧

અ.નં.	નામ	હોદો	એસ.ટી.ડી. કોડ નં.	ફોન નંબર		ફેકસ	ઈમેલ	સરનામુ
				રેસીડન્સ	ઓફીસ			
૧	શ્રી ફાલ્ગુનભાઈ એમ. શાહ	આસી. કમિશનર (ઈ.ચા.)	૦૨૭૮	૯૯૭૯૯૪૫૩૩૩	૨૪૨૪૮૦૧ થી ૧૦ ઈન્ટરકોમ–૧૫૦	નીલ	નીલ	૩૦૨, પદમશ્રી પ્લેટીનમ, ઘરશાળા બાળમંદિર પાસે, તખ્તેશ્વર પ્લોટ, ભાવનગર
૨	શ્રીકમલેશભાઈ એ.મોરી	જુ.કલાર્ક	૦૨૭૮	૯૪૨૮૮૨૯૩૦૦	૨૪૨૪૮૦૧ થી ૨૪૨૪૮૧૯	નીલ	નીલ	પ્લોટ નં.૪૯, વૃંદાવન રેસીડેન્સી, લીલાઉડાન પ્લોટ પાછળ, ૪૫ મીટર રીંગ રોડ,સર્વે નં.૭૪ પૈકી ૧/૨, એરોપોર્ટ રોડ, સુભાષનગર ભાવનગર
૩	શ્રી નિરજભાઈ ડી. ચૌહાણ	ટ્રેસર	૦૨૭૮	૯૪૨૮૦૨૭૬૯૩	––,,––	નીલ	નીલ	''કપિલ''બ્લોક નં. ૩૫૧, સર્વે .૨૪૪ સાગવાડી કાળીયાબીડ, ભાવનગર
૪	શ્રી શ્રધ્ધાબેન ટી. ધમળ	ટ્રેસર	૦૨૭૮	૯૯૦૯૮૯૬૬૭૭	––,,––	નીલ	નીલ	બાંધવ રેસીડેન્સી ફલેટ નં.૨૦૧, બીજો માળ, લંબે હનુમાનની ગલીમા, સરદારનગર, ભાવનગર.
૫	શ્રી યુસુફભાઈ બી. ધામેચા	પટ્ટાવાળા	૦૨૭૮	૯૪૨૯૧૬૬૪૨૯	––"––	નીલ	નીલ	અમીપરા, સ્ટેશનરોડ, શેલારશાનો ઢાળ ભાવનગર

સહાયક કમિશનર
મહાનગરપાલિકા
ભાવનગર

પ્રકરણ–૧૧ (નિયમ સંગ્રહ–૧૦)

વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહીત દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું.

૧૧.૧ નીચેના નમુનામાં માહીતી.

ક્રમ નંબર	નામ	હોદો	માસિક મહેનતાણું	વળતર/વળતર ભથ્થું	વિનિયમમાં જણાવ્યા મુજબ મહેનતાણું નકકી કરવાની કાર્યપધ્ધતિ.
૧	શ્રી ફાલ્ગુનભાઈ એમ. શાહ	સહાયક કમિશ્નર (ઈ.ચા.)	૭૯૯૭૫/–	નિયમ અનુસાર	નિયમ અનુસાર
૨	શ્રી કમલેશભાઈ એ.મોરી	જુ.કલાર્ક	૫૮૮૨૭/–	નિયમ અનુસાર	નિયમ અનુસાર
૩	શ્રી નિરજભાઈ ડી. ચૌહાણ	ટ્રેસર	૫૮૭૯૫/–	નિયમ અનુસાર	નિયમ અનુસાર
૪	શ્રી શ્રધ્ધાબેન ટી. ધમળ	ટ્રેસર	૨૬૮૦૧/–	નિયમ અનુસાર	નિયમ અનુસાર
૫	શ્રી યુસુફભાઈ બી. ધામેચા	પટ્ટાવાળા	૪૧૨૪૬/–	નિયમ અનુસાર	નિયમ અનુસાર

સહાયક કમિશ્નર
મહાનગરપાલિકા
ભાવનગર

પ્રકરણ–૧૬
જાહેર માહીતી અધિકારીશ્રીના નામ, હોદો તથા બીજી વિગતો

ક્રમ	સહાયક કમિશનરશ્રી તથા જાહેર માહીતી અધિકારીશ્રીનું નામ	સરનામું	સંપર્ક નંબર
૧	શ્રી ફાલ્ગુનભાઈ એમ.શાહ	આસી.કમિશનર કચેરી, મહાનગરપાલિકા, ભાવનગર.	૯૯૭૯૯૪૫૩૩૩

પ્રકરણ–૧૬
જાહેર અપીલ અધિકારીશ્રીના નામ, હોદો તથા બીજી વિગતો

ક્રમ	નાયબ કમિશનર (એડમીન.) તથા જાહેર અપીલ માહીતી અધિકારીશ્રીનું નામ	સરનામું	સંપર્ક નંબર
૧	શ્રી ડી.એમ. ગોહિલ	નાયબ કમિશનરશ્રી(એડમીન)ની ઓફીસ, બીજો માળ, મંગળસિંહજી રોડ, મહાનગરપાલિકા ઓફીસ ભાવનગર.	૯૪૦૯૩૯૦૭૩૩

એનેક્ષર –બી

(સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦/૫/૨૦૦૯ના પરિપત્ર ક્રમાંકઃ–
પીએડી–૧૦–૨૦૦૭–૩૩૫૩૬૪–આરટીઆઈસેલનું બીડાણ)

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે માહિતી અધિકાર અધિનિયમની કલમ–૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો " પ્રોએકટીવ ડીસ્કલોઝર" (પી.એ.ડી.) મારા વિભાગ દવારા તૈયાર કરવામાં આવેલ છે અને તા.૧–૫–૨૦૨૧ ની સ્થિતિએ અમારી મંજુરી મેળવી અદ્યતન કરવામાં આવેલ છે.

તારીખઃ– ૩/૫ /૨૦૨૧

સહાયક કમિશનર
મહાનગરપાલિકા,
ભાવનગર

મહાનગર સેવા સદન

ભાવનગર

એસેસમેન્ટ સેલ વિભાગ

માહિતી અધિકાર અધિનિયમ- ૨૦૦૫

વોલ્યુમ -૧

એનેક્ષચર નં.□□

તા.□□-□□-□□□□

શ્રી શ્યામભાઈઝાલાવાડિયા
એસેસમેન્ટ સેલ અધિકારી
(ઈન્ચાર્જ અધિકારી)
મો.૭૫૬૭૦૧૯૭૯૭

X:\4583\PROACTIVE DISCLOSER 21-22 - Copy.docx

ક્રમ	પ્રકરણ નં	પ્રકરણની વિગત	પાના નબર
1	૩	અધિકારીઓ અને કર્મચારીઓને સતા અને ફરજો	
2	૪	કાર્યો કરવા માટેના નિયમો,વિનિયમો,સૂચનાઓ, નિયમસંગ્રહ અનેદફ્તરો	
4	૬	મિલ્કત કર વિભાગના અથવા તેના નિયંત્રણ હેઠળ વ્યકિતઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક	
5	૯	નિર્ણય લેવાની પ્રકિયામાં અનુસરવાની કાર્ય પધ્ધતી	
6	૧૦	અધિકારી અને કર્મચારીઓની માહિતી પુસ્તકા	
7	૧૧	વિનિયમોમાં જોગવાઈ કાર્યમુજબ મહેનતાણાની પધ્ધતિ સહીત દરેક અધિકારી અને કર્મચારીને મળતુંમાસિક મહેનતાણુ	
8	૧૨	પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર	
9	૧૩	વિજાણું રૂપે ઉપલબ્ધ માહિતી	
10	૧૬	માહિતી અધિકારી નાં નામ,હોદો,બીજી વિગતો	
11	૧૭	માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલભ્ય સવલતોની વિગતો	
12	૧૮	અન્ય ઉપયોગો માહિતી	

પ્રકરણ -૩ (નિયમ સંગ્રહ -૨)

અધિકારીઓ અને કર્મચારીઓની સતા અને ફરજો

૩.૧ એસેસમેન્ટ સેલ નાં કર્મચારીના નામ અને તેમને સોપાયેલી કામગીરીની વિગત

એસેસમેન્ટ વિભાગ

હોદો	નામ	કામગીરી
એસેસમેન્ટ સેલ અધિકારી	શ્રી શ્યામભાઈ ઝાલાવાડિયા	વિભાગની કામગીરી ઉપર દેખરેખ તેમજ નીયંત્રણ
ઈન્સ્પેકટર શ્રી	શ્રી વિરેન્દ્રસિંહ એ. ગોહિલ	વખતો વખત એસેસમેન્ટ સેલ અધિકારીની સુચના મુજબ કામગીરી કરવાની રહેશે.
ટેકનીકલ આસિસ્ટન્ટ શ્રી	કૃણાલભાઈ એમ. પટેલ	સ્થળ પર જઈ મિલકતની આકરણી કરવાની કામગીરી
ટેકનીકલ આસિસ્ટન્ટ શ્રી	મહેશ્વરીબેન જે. મહેતા	સ્થળ પર જઈ મિલકતની આકરણી કરવાની કામગીરી
ટેકનીકલ આસિસ્ટન્ટ શ્રી	રાધાબેન પી. વસાવા	સ્થળ પર જઈ મિલકતની આકરણી કરવાની કામગીરી
ટેકનીકલ આસિસ્ટન્ટ શ્રી	હર્ષિદાબેન વી. સુવેરા	સ્થળ પર જઈ મિલકતની આકરણી કરવાની કામગીરી
ટેકનીકલ આસિસ્ટન્ટ શ્રી	આશાબેન ડી. પરમાર	સ્થળ પર જઈ મિલકતની આકરણી કરવાની કામગીરી
ટેકનીકલ આસિસ્ટન્ટ શ્રી	મોવીનાબેન એન.પઠાણ	સ્થળ પર જઈ મિલકતની આકરણી કરવાની કામગીરી
ટેકનીકલ આસિસ્ટન્ટ શ્રી	ડીન્કલબેન ડી.શર્મા	સ્થળ પર જઈ મિલકતની આકરણી કરવાની કામગીરી
ટેકનીકલ આસિસ્ટન્ટ શ્રી	હર્ષભાઈ એન.શાહ	સ્થળ પર જઈ મિલકતની આકરણી કરવાની કામગીરી
ટેકનીકલ આસિસ્ટન્ટ શ્રી	ફાલ્ગુનીબેન ડી. રાઠોડ	સ્થળ પર જઈ મિલકતની આકરણી કરવાની કામગીરી
ટેકનીકલ આસિસ્ટન્ટ શ્રી	સુહાગભાઈ જે.પટેલ	સ્થળ પર જઈ મિલકતની આકરણી કરવાની કામગીરી

ટેકનીકલ આસિસ્ટન્ટ શ્રી	પૂજાબેન એન .હિરાણી	સ્થળ પર જઈ મિલકતની આકરણી કરવાની કામગીરી
ટેકનીકલ આસિસ્ટન્ટ શ્રી	માનસીબેન ડી. કાલીયા	સ્થળ પર જઈ મિલકતની આકરણી કરવાની કામગીરી
જુ.કલાર્ક	ધવલભાઈ એસ. જાદવ	વહીવટી કામગીરી
પટ્ટાવાળા	મયુરદ્દિનભાઈ એ. સૈયદ	સામન્ય કામગીરી

પ્રકરણ-૪(નિયમ સંગ્રહ-૩)
કાર્યો કરવા માટેના નિયમો,વિનિયમો,સૂચનો,
નિયમસંગ્રહ અને દફ્તરો
એસેસમેન્ટ વિભાગ-મહાનગરપાલિકા-ભાવનગર
ક્રમ નંબર ૧

દસ્તાવેજ નું નામ/મથાળું	ધી બોમ્બે પ્રોવીન્સીયલ મ્યુનિસીપલ કોર્પો. એક્ટ ૧૯૪૯ ની જોગવાઈઓ.
હુકમ મંજુરી નંબર .તારીખ	---
દસ્તાવેજ નો પ્રકાર	નિયમ
દસ્તાવેજ પ્રાપ્ત કરવાનું સરનામું	દરેક કાયદાના પુસ્તકોના વિક્રેતા સરકારી પ્રેસ
વિભાગ દ્વારા નિયમો,વિનિયમો,સૂચનાઓ,નિયમસંગ્રહ,અને દફ્તરોની નકલ માટે લેવાની ફી.	
રીમાર્કસ	

પ્રકરણ=□ (નિયમ સંગ્રહ-૫)

જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક

૬.૧ સરકારી સસ્તાવેજો વિશેની માહિતી આપવા નીચેના નમૂનાનો ઉપયોગ કરશો. જ્યાં આ દસ્તાવેજો ઉપલબ્ધ છે તેવી જગ્યાઓ જેવી કે સચિવાલય કક્ષ ,નિયામકની કચેરી કક્ષા,અન્યનો પણ ઉલ્લેખ કરં .("અન્યો" લખવાની જગ્યાએ કક્ષાનો ઉલ્લેખ કરો.)

ક્રમ	દસ્તાવેજ ની કક્ષા	દસાવેજ નું નામે અનેતેની એક લીટીમાં ઓળખાણ	દસ્તાવેજ મેળવવાની કાર્યપધ્ધતિ	નીચેની વ્યકિત પાસે છે/તેના નિયંત્રણ માં છે.
1	નિયમ	ધી બોમ્બે પ્રોવીન્સી' મુનીસીપલ .એક્ટ-૧૯૪૯	ખરીદ કિમત ચૂકવી	(૧) સરકારી પ્રેસ
૨	સૂચનાઓ	પ્રકરણ ૪ માં દર્શાવેલ ક્રમ નંબ .૧ માં જણાવેલ દસ્તાવેજ	(૧) સદા કાગળમાં અરજી કરવં . (૨) નિયત ફી જમા કર્યા થી	એસેસમેન્ટ અધિકારી. એસેસમેન્ટ વિભાગ મુઈ.કોર્પો.ભાવનગર

પ્રકરણ=□

નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્ય પધ્ધતિ

૯.૧ જુદા જુદા મુદાઓ અંગે નિર્ણય અંગે લેવા મે કઈ કાર્ય પધ્ધતિ અનુસરવામાં આવે છે.

(સચિવાલય નિયમ સંગ્રહ અને કામકાજ નું નિયમ સંગ્રહ ,અન્ય નિયમો/વિનિયમો વગેરેનો સંદર્ભ ટાંકી શકાય)

- દસ્તાવેજી આધાર પુરાવા પુરતા પ્રમાણમાં યોગ્ય રીતે રજુ થયેલ છે નેતિ ચકાસાર્ણ
- બી.પી.એમ.સી.એક્ટ -૧૯૪૯ નિ જોગવાઈઓ ,નક્કી થયેલ નીતિ ધોરણ કમીશ્નરશ્રી નિ તરફથી થયેલ સૂચનાઓ,રેકર્ડ જરૂરી રેફ્રન્સો વિગેરે સાથે સુસંગત છે કે કેમ? તેની ચકાસણી.
- સ્થળ તપાસ કરવી,સ્થળ સ્થળ સ્થિતિ નિ માહિતી મેળવવી.
- વિભાગના સંભંધિત સ્ટાફ,સબ ઈન્સ્પેક , ઈન્સ્પેકટર.
- અ,મ,એ,કક્ષાએ અભિપ્રાય રિપોર્ટ મેળવવા.
- ઉપર મુજબ કાર્યવાહી પૂર્ણ થતા દરખાસ્ત નિર્ણય કરનાર અધિકારીશ્રી ની સમક્ષ રજુ કરવી.

૯.૨ અગત્યની બાબતો માટે કોઈ ખાસ નિર્ણય લેવા માટેની દસ્તાવેજી કાર્ /ઠરાવેલ કાર્યપધ્ધતીઓ/નિયત માપદંડો/નિયમો ક્યાં કયા છે? નિર્ણય લેવા માટે ક્યાં ક્યાં સ્તરે વિચાર કરવામાં આવે છે.?

ધી બોમ્બે પ્રં વીન્સીયલ મુનીસીપલ કોર્પોરેશન એક્ટની જોગવાઈઓ અનુસાર નિર્ણય કરવા કાર્યપધ્તિ અમલમાં છે.

નિર્ણયો લેવા માટે કમીશ્નરશ્રી ની કક્ષા એ અન્યથા કમીશ્નરશ્રી એ જે મુદે પાવર ડેલીગેટ કરેલ છે તે અધિકારીશ્રી કક્ષાએ વિચાર કરવામાં આવે છે.

૯.૩ નિર્ણયને જનતા સુધી પહોચાડવાની કઈ વ્યવસ્થા છે?

પેમ્પ્લેટ તથા મીડિયા અને જાહેરાતના માધ્યમ દ્વારા

૯.૪ નિર્ણય લેવાનીપ્રક્રિયામાં મંતવ્યો આપનાર અધિકારીશ્રીઓ સબ ,અ.મ.ઈ.,પ્રો.ટેક્ષ સુપ્રી.,ટેક્ષઓફીસઃ ,આસી.કમિશ્નર,ડે.કમીશ્નરશ્રી,કમીશ્નરશ્રી

૯.૫ નિર્ણય લેનાર અંતિમ સતાધિકારી કોણ છે? સરકાર શ્રી નાં સામાન્યવહીવટી હુકમો તેમજ કમિશ્નર

કમીશ્નરશ્રી

૯.૬ જે અગત્યની બાબતો પર જાહેર સથાધિકારી દ્વારા નિર્ણય લેવામાં આવે છે તેની માહિતીઅલગ રીતે નીચેના નમૂનામાં આપો.

-ક્રમ નં.,જેના પર નિર્ણય લેવાનાર છે તે વિષય.

મિલકતોના માપ અનુસાર સરેલ નીતિ નિયમ અનુસાર આકારણી કરવાની કામગીરી

-માર્ગ દર્શક સુચન/દિશા નિર્દેશ જો કોઈ હોય તો.

-અમલમાં પ્રક્રિ

વિભાગ દ્વારા કરેલ કામગીરીની તમામ વિગતો ઘરવેરા વિભાગ ને આગળ ની કાર્યવાહી કરવા મોકલવી.

-નિર્ણય લેવાની કાર્યવાહીમાં સંકળાયેલ અધિકારીઓનો હોદો.

એસેસમેન્ટ અધિકારી .ઘરવેરા સુપ્રી.શ્રી તમામ/નાયબ કમિશ્નરશ્રી/કમીશ્નરશ્ર /સ્ટેન્ડીંગ કમિ: /જનરલ બોર્ડ

-ઉપર જણાવેલ અધિકારીઓના સંપર્ક અંગેની માહિતી

-જો નિર્ણય થી સંતોષ ન હોય તો.ક્યાં અને કેવી રીતે અપીલ કરવ ?

ક્રમ	નામ	હોદો	મોબાઈલ નંબર	સરનામું
1	શ્યામભાઈ ઝાલાવાડિયા	એસેસમેન્ટ અધિકારી	9033741298	10/B રચના ફ્લેટ્સ ની સામે, દેવભાગ ભાવનગર.
2	વિરેન્દ્રસિહ.એ.ગોહિલ	ઈન્સ્પેક્ટર	9537096555	મું.જાળીયા(પાનસડા) તા.ગારીયાધાર જી.ભાવનગર
3	ડીંકલબેન.ડી.શર્મા	ટેક.આસી	7779078874	ડી-૧૨૧ પ્રમુખ સ્વામી કુટીર,સાઈરામ હાઈટ્સ પાછળ ,અટલાદરા વડોદરા
4	ફાલ્ગુનીબેન.ડી.રાઠોડ	ટેક.આસી	9099965223	વર્કિંગ વુમન હોસ્ટેલબ્લડબેંકસામેસરદારનગર ભાવનગર
5	મોવીનાબેન.એન.પઠાણ	ટેક.આસી	9917735710	B001 મહાત્મા ગાંધી હાઈટ્સ પોલીસ લાઈની સામે અકોટા વડોદરા
6	કૃણાલભાઈ એમ. પટેલ	ટેક.આસી	8128802849	ઉષાકિરણ ફ્લેટ, કાળુભા રોડ, ભાવનગર
7	સુહાગભાઈ જે.પટેલ	ટેક.આસી	9687866162	બૌદ્ધિક વૃક્ષ સોસાયટી, જ્વેલ સર્કલભાવનગર
8	પુજાબેન એમ.હિરાણી	ટેક.આસી	9409662483	એ-૧,પાન ચબુતરા પાસે,ઘોરાજી
9	હર્ષભાઈ એન.શાહ	ટેક.આસી	9173739781	બી-૧૦૫ અષ્ટવિનાયક ૬, પટેલ પાર્કની સામે, એરપોર્ટ રોડ, ભાવનગર.
10	મહેશ્વરીબેન જે. મહેતા	ટેક. આસી.	9106709330	મુ.બાબરા તા. બાબરા જી. અમરેલી
11	રાધાબેન પી. વસાવા	ટેક. આસી.	9712458993	બી/૨૦૩ સુમેરુ એપાર્ટમેન્ટ, શીવાજી સર્કલ પાસે, શુભાષનગર રોડ, ભાવનગર
12	હર્ષિદાબેન વી. સુવેરા	ટેક. આસી.	8141986008	બી/૨૦૩ સુમેરુ એપાર્ટમેન્ટ, શીવાજી સર્કલ પાસે, શુભાષનગર રોડ, ભાવનગર
13	આશાબેન ડી. પરમાર	ટેક. આસી.	7069940239	પ્લોટ નં. ૨૯ શુભ રેસીડેન્સી, બી.આર.આંબેડકર ચોક પાસે,છાયા, પોરબંદર.
14	માનસીબેન ડી. કાલીયા	ટેક. આસી.	8200886993	પ્લોટ નં.૩૭/૩૮ ગાંધીનગર સોસાયટી ૩૪ નં, બસ સ્ટોપની સામે, રતનપર, સુરેન્દ્રનગર.
15	ધવલભાઈ એસ. જાદ	જુ.ક્લાર્ક	9574488906	મુખ્યમંત્રી આવાસ યોજના, ચિત્રા, ફુલસર, ભાવનગર

પ્રકરણ-□□

તેના વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતાં માસિક મ□□□□□;

	કર્મચારીશ્રીઓના નામ	હોદ્દો	માસિક ગ્રોસ મહેનતાણું	વળતર/વળતર ભથું	વિનિયમ મા જણાવ્યા મુજબ મહેતાણું નક્કી કરવાની કાર્ય પદ્ધતિ
1	શ્યામભાઈ ઝાલાવાડીયા	એસેસમેન્ટ અધિકારી	49663/-	-	સરકારના ધારા ધોરણ મુજબ
2	વિરેન્દ્રસિહ.એ.ગોહિલ	ઈન્સ્પેક	31340/-	-	સરકારના ધારા ધોરણ મુજબ
દસ્તાવેજ પરનું ટુંકું લખાણ વ્યકિતને નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીથી મળશે. ભાવનગર	સરનામું : પ્રોગ્રામ ઓફિસર કચેરી, મહાનગર પાલિકા, ભાવનગર ટેલીફોન નં. : ૨૪૨૮૯૦૦ અન્ય ઈમેઈલ : po.bhavnagar.urban@gmail.com અન્ય :
ઘટક દ્વારા નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી (જો હોય તો)	

પ્રકરણ-૪

(નિયમ સંગ્રહ - 3)

કાર્યો કરવા માટેના નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો

૪.૧જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપયોગ કરવાના નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની યાદી નીચેના નમુના મુજબ આપો. આ નમુનો દરેક પ્રકારના દસ્તાવેજ માટે ભરવાનો છે.

દસ્તાવેજનું નામ / મથાળું	**દસ્તાવેજનો પ્રકાર**
	નીચે આપેલા પ્રકારોમાંથી એક પસંદ કરો. (નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ, દફતરો, અન્ય)
દસ્તાવેજ પરનું ટુંકું લખાણ વ્યકિતને નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીથી મળશે. ભાવનગર	સરનામું : આઈ.સી.ડી.એસ. ઘટક -૧ મહાનગર પાલિકા, ભાવનગર પુર્વ ઝોન, તરસમીયા, ભાવનગર ટેલીફોન નં. : ૨૫૬૧૭૧૧ અન્ય ઈમેઈલ :cdpo.bhav.urban.1@gmail.com અન્ય :
ઘટક દ્વારા નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી (જો હોય તો)	

પ્રકરણ-૪

(નિયમ સંગ્રહ - 3)

કાર્યો કરવા માટેના નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો

૪.૧જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપયોગ કરવાના નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની યાદી નીચેના નમુના મુજબ આપો. આ નમુનો દરેક પ્રકારના દસ્તાવેજ માટે ભરવાનો છે.

દસ્તાવેજનું નામ / મથાળું	**દસ્તાવેજનો પ્રકાર**
	નીચે આપેલા પ્રકારોમાંથી એક પસંદ કરો. (નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ, દફતરો, અન્ય)
દસ્તાવેજ પરનું ટુંકું લખાણ વ્યકિતને નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીથી મળશે. ભાવનગર	સરનામું : આઈ.સી.ડી.એસ. ઘટક - ૨, મહાનગર પાલિકા, ભાવનગર પશ્ચિમ ઝોન, આખલોલ જકાતનાકા, ભાવનગર ટેલીફોન નં. : અન્ય ઈમેઈલ :cdpo.bhav.urban.2@gmail.com અન્ય :
ઘટક દ્વારા નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી (જો હોય તો)	

પ્રકરણ – ૫

(નિયમ સંગ્રહ – ૪)

નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધી જનતાના સભ્યો સાથે સલાહ-પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગત

ભાવનગર મહાનગરપાલિકા

પ્રોગ્રામ ઓફિસર કચેરી, આઈ.સી.ડી.એસ.શાખા

પાના નં. ૩ થી ૪

પ્રકરણ – ૫

(નિયમ સંગ્રહ – ૪)

નિતી ઘડતર અથવા નીતિના અમલ સંબંધી જનતાના સભ્યો સાથે સલાહ-પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગત

૫.૧ શું નીતિઓના ઘડતર માટે જનતાની અથવા તેના પ્રતિનિધિઓની સલાહ - પરામર્શે સહભાગિતા મેળવવા માટેની કોઈ જોગવાઈ છે ? જો હોય તો, નીચેના નમુનામાં આવી નીતિની વિગતો આપો.

અ.નં.	વિષય / મુદ્દો	શું જનતાની સહભાગીતા સુનિશ્ચિત કરવાનું જરૂરી છે ? (હા/ ના)	જનતાની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા
૧	૨	૩	૪
----------નિલ ----------			

આનાથી નાગરિકને કયા આધારે નિતી વિષયક બાબતોના ઘડતર અને અમલમાં જનતાની સહભાગિતા નકકી કરાઈ છે તે સમજવામાં મદદ થશે.

નીતિનો અમલઃ-

૫.૨ શું નીતિઓના અમલ માટે જનતાની અથવા તેમના પ્રતિનિધિઓની સલાહ - પરામર્શ / સહભાગિતા મેળવવા માટેની કોઈ જોગવાઈ છે ? જો હોય તોં આવી જોગવાઈઓની વિગતો નીચેના નમુનામાં આપો.

અ.નં.	વિષય / મુદ્દો	શું જનતાની સહભાગીતા સુનિશ્ચિત કરવાનું જરૂરી છે ? (હા/ ના)	જનતાની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા
૧	૨	૩	૪
----------નિલ ----------			

પ્રકરણ – ૬

(નિયમ સંગ્રહ – ૫)

આઈ.સી.ડી.એસ. ઘટક-૧ તથા ૨ ના અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક

ભાવનગર મહાનગરપાલિકા

પ્રોગ્રામ ઓફિસર કચેરી, આઈ.સી.ડી.એસ.શાખા

પાના નં. ૫

પ્રકરણ – ૬

(નિયમ સંગ્રહ – ૫)

જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક

૬.૧ સરકારી દસ્તાવેજો વિશેની માહિતી આપવા નીચેના નમુનાનો ઉપયોગ કરશો. જયાં આ દસ્તાવેજો ઉપલબ્ધ છે. તેવી જગ્યાઓ જેવી કે સચિવાલય કક્ષા, નિયામકની કચેરી કક્ષા, અન્યનો પણ ઉલ્લેખ કરો. (અન્યો લખવાની જગ્યાએ કક્ષાનો ઉલ્લેખ કરો.)

અ. નં.	દસ્તાવેજની કક્ષા	દસ્તાવેજનનું નામ અને તેની એક લીટીમાં ઓળખાણ	દસ્તાવેજ મેળવવાની કાર્યપધ્ધતિ	નીચેની વ્યકિત પાસે છે / તેના નિયંત્રણમાં છે.
૧	૨	૩	૪	૫
---------- નીલ ----------				

પ્રકરણ – ૮
(નિયમ સંગ્રહ – ૭)
સરકારી માહિતી અધિકારીઓનાં નામ, હોદ્દો અને અન્ય વિગતો

ભાવનગર મહાનગરપાલિકા

પ્રોગ્રામ ઓફિસર કચેરી, આઇ.સી.ડી.એસ.શાખા

પાના નં. ૬ થી ૭

પ્રકરણ – ૮ (નિયમ સંગ્રહ – ૭)

સરકારી માહિતી અધિકારીઓનાં નામ, હોદ્દો અને અન્ય વિગતો

૮.૧ જાહેર તંત્રના સરકારી માહિતી અધિકારીઓ, મદદનીશ સરકારી માહિતી અધિકારીઓ અને વિભાગીય કાયદાકીય (એપેલેટ) સત્તાધિકારી વિશેની સંપર્ક માહિતી નીચેના નમુનામાં આપો.

સરકારી તંત્રનું નામ : સંકલિકત બાળ વિકાસ સેવા યોજના - પ્રોગ્રામ ઓફિસર કચેરી, મહાનગરપાલિકા ભાવનગર

મદદનીશ સરકારી માહિતી અધિકારીઓ :

અ. નં.	નામ	હોદ્દો	એસ. ટી. ડી. કોડ	ફોન નંબર	ફેકસ	ઈ મેઈલ	સર નામું
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રીમતી સાવિત્રી એ.નાથજી	પ્રોગ્રામ ઓફિસર	(૦૨૭૮)-૨૪૨૮૯૦૦	મો. ૯૮૨૪૪૫૮૬૦૨	-	Po.bhavnagar.urban@gmail.com	ભાવનગર મહાનગર પાલિકા

સરકારી માહિતી અધિકારીઓ :-

અ. નં.	નામ	હોદ્દો	એસ. ટી. ડી. કોડ	ફોન નંબર	ફેકસ	ઈ મેઈલ	સર નામું
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રીમતી સાવિત્રી એ.નાથજી	પ્રોગ્રામ ઓફિસર	(૦૨૭૮)-૨૪૨૮૯૦૦	મો. ૯૮૨૪૪૫૮૬૦૨	-	Po.bhavnagar.urban@gmail.com	ભાવનગર મહાનગર પાલિકા

વિભાગીય એપેલેટ (કાયદા) સત્તાધિકારી :

અ. નં.	નામ	હોદ્દો	એસ. ટી. ડી. કોડ	ફોન નંબર	ફેકસ	ઈ મેઈલ	સર નામું
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રી ડી.એમ.ગોહિલ	નાયબ કમિશ્નર (એડમીન)	(૦૨૭૮)-૨૪૩૯૨૯૨	--	-	-	ભાવનગર મહાનગર પાલિકા

પ્રકરણ – ૮ (નિયમ સંગ્રહ – ૭)

સરકારી માહિતી અધિકારીઓનાં નામ, હોદ્દો અને અન્ય વિગતો

૮.૧ જાહેર તંત્રના સરકારી માહિતી અધિકારીઓ, મદદનીશ સરકારી માહિતી અધિકારીઓ અને વિભાગીય કાયદાકીય (એપેલેટ) સત્તાધિકારી વિશેની સંપર્ક માહિતી નીચેના નમુનામાં આપો.

સરકારી તંત્રનું નામ : સંકલિકત બાળવિકાસ સેવા યોજના-૧ અર્બન-૧

મદદનીશ સરકારી માહિતી અધિકારીઓ :

અ. નં.	નામ	હોદ્દો	એસ. ટી. ડી. કોડ	ફોન નંબર	ફેકસ	ઈ મેઈલ	સર નામું
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રીમતી નિતાબેન એચ.ભટ્ટ	સી.ડી. પી.ઓ.-૧ અર્બન	(૦૨૭૮)-૨૫૬૧૭૧૧	મો. ૬૩૫૯૯૨૪૩૩૯	-	cdpo.bhav.urban.1@gmail.com	પુર્વ ઝોન, તરસમીયા, ભાવનગર

સરકારી માહિતી અધિકારીઓ :-

અ. નં.	નામ	હોદ્દો	એસ. ટી. ડી. કોડ	ફોન નંબર	ફેકસ	ઈ મેઈલ	સર નામું
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રીમતી નિતાબેન એચ.ભટ્ટ	સી.ડી. પી.ઓ.-૧ અર્બન	(૦૨૭૮)-૨૫૬૧૭૧૧	મો. ૬૩૫૯૯૨૪૩૩૯	-	cdpo.bhav.urban.1@gmail.com	પુર્વ ઝોન, તરસમીયા ભાવનગર

વિભાગીય એપેલેટ (કાયદા) સત્તાધિકારી :

અ. નં.	નામ	હોદ્દો	એસ. ટી. ડી. કોડ	ફોન નંબર	ફેકસ	ઈ મેઈલ	સર નામું
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રીમતી સાવિત્રી એ.નાથજી	પ્રોગ્રામ ઓફિસર	(૦૨૭૮)-૨૪૨૮૯૦૦	મો. ૯૮૨૪૪૫૮૬૦૨	-	Po.bhavnagar.urban@gmail.com	ભાવનગર મહાનગર પાલિકા

પ્રકરણ – ૮ (નિયમ સંગ્રહ – ૭)

સરકારી માહિતી અધિકારીઓનાં નામ, હોદ્દો અને અન્ય વિગતો

૮.૧ જાહેર તંત્રના સરકારી માહિતી અધિકારીઓ, મદદનીશ સરકારી માહિતી અધિકારીઓ અને વિભાગીય કાયદાકીય (એપેલેટ) સત્તાધિકારી વિશેની સંપર્ક માહિતી નીચેના નમુનામાં આપો.

સરકારી તંત્રનું નામ : સંકલિત બાળ વિકાસ સેવા યોજના - ૨ અર્બન – ૨

મદદનીશ સરકારી માહિતી અધિકારીઓ :

અ. નં.	નામ	હોદ્દો	એસ. ટી. ડી. કોડ	ફોન નંબર	ફેકસ	ઈ મેઈલ	સર નામું
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રી હેતલબેન બી. દુધરેજિયા	સી.ડી. પી.ઓ.-૨ અર્બન	-	મો. ૬૩૫૯૯૨૪૩૪૧	-	cdpo.bhav.urban.2@gmail.com	પશ્ચિમ ઝોન, આખલોલ, જકાતનાકા, ભાવનગર

સરકારી માહિતી અધિકારીઓ :-

અ. નં.	નામ	હોદ્દો	એસ. ટી. ડી. કોડ	ફોન નંબર	ફેકસ	ઈ મેઈલ	સર નામું
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રી હેતલબેન બી. દુધરેજિયા	સી.ડી. પી.ઓ.-૨ અર્બન	-	મો. ૬૩૫૯૯૨૪૩૪૧	-	cdpo.bhva.urban.2@gmail.com	પશ્ચિમ ઝોન, આખલોલ, જકાતનાકા, ભાવનગર

વિભાગીય એપેલેટ (કાયદા) સત્તાધિકારી :-

અ. નં.	નામ	હોદ્દો	એસ. ટી. ડી. કોડ	ફોન નંબર	ફેકસ	ઈ મેઈલ	સર નામું
૧	૨	૩	૪	૫	૭	૮	૯
૧	શ્રીમતી સાવિત્રી એ.નાથજી	પ્રોગ્રામ ઓફિસર	(૦૨૭૮)-૨૪૨૮૯૦૦	મો. ૯૮૨૪૪૫૮૬૦૨	-	Po.bhavnagar.urban@gmail.com	ભાવનગર મહાનગર પાલિકા

પ્રકરણ – ૯

નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતિ

ભાવનગર મહાનગરપાલિકા

પ્રોગ્રામ ઓફિસર કચેરી, આઈ.સી.ડી.એસ.શાખા

પાના નં. ૯

પ્રકરણ – ૯

નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતિ

૯.૧ જુદા જુદા મુદ્દાઓ અંગે નિર્ણય લેવા માટે કઈ કાર્યપધ્ધતિ અનુસરવામાં આવે છે ? (સચિવાલય નિયમ સંગ્રહ અને કામકાજના નિયમોના નિયમસંગ્રહ, અન્ય નિયમો / વિનિયમો વગેરેનો સંદર્ભ ટાંકી શકાય)

૯.૨ અગત્યની બાબતો માટે કોઈ ખાસ નિર્ણય લેવા માટેની દસ્તાવેજી કાર્યપધ્ધતિઓ / ઠરાવેલી / કાર્યપધ્ધતિઓ / નિયત માપદંડો / નિયમો કયા કયા છે ? નિર્ણેય લેવા માટે કયા કયા સ્તરે વિચાર કરવામાં આવે છે ?

૯.૩ નિર્ણયને જનતા સુધી પહોંચાડવાની કઈ વ્યવસ્થા છે ?

૯.૪ નિર્ણય લેવાની પ્રક્રિયામાં જેના મંતવ્યો લેવાનાર છે તે અધિકારીઓ કયા છે ?

૯.૫ નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી કોણ છે ? સરકારશ્રીનાં સામાન્ય વહીવટી હુકમો તેમજ કમિશ્નર ભાવનગર મહાનગર પાલિકા અને સામાન્ય સભા.

૯.૬ જે અગત્યની બાબતો પર જાહેર સત્તાધિકારી દ્વારા નિર્ણેય લેવામાં આવે છે તેની માહિતી અલગ રીતે નીચેના નમુનામાં આપો.

ક્રમ નંબર	
જેના પર નિર્ણય લેવાનાર છે તે વિષય માર્ગદર્શક સુચન / દિશા નિર્દેશ જો કોઈ હોય તો	
નિર્ણય લેવાની કાર્યવાહીમાં સંકળાયેલ અધિકારીઓનો હોદ્દો	પ્રોગ્રામ ઓફિસર
ઉપર જણાવેલ અધિકારીઓના સંપર્ક અંગેની માહિતી	આઈ.સી.ડી.એસ.શાખા, મ.ન.પા.,ભાવનગર
જો નિર્ણયથી સંતોષ ન હોય તો કયાં અને કેવી રીતે અપીલ કરવી ?	નાયબ કમિશ્નર, મ.ન.પા.ભાવનગર

પ્રકરણ – ૯

નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતિ

૯.૧ જુદા જુદા મુદ્દાઓ અંગે નિર્ણય લેવા માટે કઈ કાર્યપધ્ધતિ અનુસરવામાં આવે છે ? (સચિવાલય નિયમ સંગ્રહ અને કામકાજના નિયમોના નિયમસંગ્રહ, અન્ય નિયમો / વિનિયમો વગેરેનો સંદર્ભ ટાંકી શકાય)

૯.૨ અગત્યની બાબતો માટે કોઈ ખાસ નિર્ણય લેવા માટેની દસ્તાવેજી કાર્યપધ્ધતિઓ / ઠરાવેલી / કાર્યપધ્ધતિઓ / નિયત માપદંડો / નિયમો કયા કયા છે ? નિર્ણેય લેવા માટે કયા કયા સ્તરે વિચાર કરવામાં આવે છે ?

૯.૩ નિર્ણયને જનતા સુધી પહોંચાડવાની કઈ વ્યવસ્થા છે ?

૯.૪ નિર્ણય લેવાની પ્રક્રિયામાં જેના મંતવ્યો લેવાનાર છે તે અધિકારીઓ કયા છે ?

૯.૫ નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી કોણ છે ? સરકારશ્રીનાં સામાન્ય વહીવટી હુકમો તેમજ કમિશ્નર ભાવનગર મહાનગર પાલિકા અને સામાન્ય સભા.

૯.૬ જે અગત્યની બાબતો પર જાહેર સત્તાધિકારી દ્વારા નિર્ણેય લેવામાં આવે છે તેની માહિતી અલગ રીતે નીચેના નમુનામાં આપો.

ક્રમ નંબર	
જેના પર નિર્ણય લેવાનાર છે તે વિષય માર્ગદર્શક સુચન / દિશા નિર્દેશ જો કોઈ હોય તો	
નિર્ણય લેવાની કાર્યવાહીમાં સંકળાયેલ અધિકારીઓનો હોદ્દો	બાળ વિકાસ યોજના અધિકારી
ઉપર જણાવેલ અધિકારીઓના સંપર્ક અંગેની માહિતી	પૂર્વ ઝોનલ ઓફિસ, તરસમીયા રીંગ રોડ, મહાનગરપાલિકા ભાવનગર
જો નિર્ણયથી સંતોષ ન હોય તો કયાં અને કેવી રીતે અપીલ કરવી ?	પ્રોગ્રામ ઓફિસર, આઇ.સી.ડી.એસ.શાખા, મ.ન.પા.ભાવનગર

પ્રકરણ – ૯

નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતિ

૯.૧ જુદા જુદા મુદ્દાઓ અંગે નિર્ણય લેવા માટે કઈ કાર્યપધ્ધતિ અનુસરવામાં આવે છે ? (સચિવાલય નિયમ સંગ્રહ અને કામકાજના નિયમોના નિયમસંગ્રહ, અન્ય નિયમો / વિનિયમો વગેરેનો સંદર્ભ ટાંકી શકાય)

૯.૨ અગત્યની બાબતો માટે કોઈ ખાસ નિર્ણય લેવા માટેની દસ્તાવેજી કાર્યપધ્ધતિઓ / ઠરાવેલી / કાર્યપધ્ધતિઓ / નિયત માપદંડો / નિયમો કયા કયા છે ? નિર્ણેય લેવા માટે કયા કયા સ્તરે વિચાર કરવામાં આવે છે ?

૯.૩ નિર્ણયને જનતા સુધી પહોંચાડવાની કઈ વ્યવસ્થા છે ?

૯.૪ નિર્ણય લેવાની પ્રક્રિયામાં જેના મંતવ્યો લેવાનાર છે તે અધિકારીઓ કયા છે ?

૯.૫ નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી કોણ છે ? સરકારશ્રીનાં સામાન્ય વહીવટી હુકમો તેમજ કમિશ્નર ભાવનગર મહાનગર પાલિકા અને સામાન્ય સભા.

૯.૬ જે અગત્યની બાબતો પર જાહેર સત્તાધિકારી દ્વારા નિર્ણેય લેવામાં આવે છે તેની માહિતી અલગ રીતે નીચેના નમુનામાં આપો.

ક્રમ નંબર	
જેના પર નિર્ણય લેવાનાર છે તે વિષય માર્ગદર્શક સુચન / દિશા નિર્દેશ જો કોઈ હોય તો	
નિર્ણય લેવાની કાર્યવાહીમાં સંકળાયેલ અધિકારીઓનો હોદ્દો	બાળ વિકાસ યોજના અધિકારી
ઉપર જણાવેલ અધિકારીઓના સંપર્ક અંગેની માહિતી	પશ્ચિમ ઝોનલ ઓફિસ, આખલોલ જકાતનાકા, મહાનગરપાલિકા ભાવનગર
જો નિર્ણયથી સંતોષ ન હોય તો કયાં અને કેવી રીતે અપીલ કરવી ?	પ્રોગ્રામ ઓફિસર, આઇ.સી.ડી.એસ.શાખા, મ.ન.પા.ભાવનગર

પ્રકરણ – ૧૦

અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા (ડિરેકટરી)

ભાવનગર મહાનગરપાલિકા

પ્રોગ્રામ ઓફિસર કચેરી, આઈ.સી.ડી.એસ.શાખા

પાના નં. ૧૦ થી ૧૧

પ્રકરણ – ૧૦ (પ્રોગ્રામ ઓફિસર કચેરી)
અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા (ડિરેકટરી)

૧૦.૧ નીચેના નમુનામાં જિલ્લાવાર માહિતી આપો.

અ. નં.	નામ	હોદ્દો	એસ.ટી. ડી.કોડ	ફોન નંબર		ફેકસ	ઈ મેઈલ
				કચેરી	ઘર		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રીમતી સાવિત્રી એ. નાથજી	પ્રોગ્રામ ઓફિસર વર્ગ -૧	૦૨૭૮	૨૪૨૮૯૦૦	મો. ૯૮૨૪૪૫૮૬૦૨	--	--
૨	શ્રી ગાયત્રીબેન દવે	S.A.	૦૨૭૮	૨૪૨૮૯૦૦	મો. ૭૪૦૫૪૧૦૪૩૨	--	--
૩	શ્રી ધ્રુવ જાની	એકાઉંટંટ	૦૨૭૮	૨૪૨૮૯૦૦	મો. ૯૫૫૮૯૯૬૧૭૩	--	--
૪	શ્રી નેહલબેન વ્યાસ	જુ.ક્લાર્ક	૦૨૭૮	૨૪૨૮૯૦૦	મો. ૯૪૦૯૩૭૩૭૮૩	--	--

પ્રકરણ – ૧૦ (ઘટક – ૧)
અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા (ડિરેકટરી)

૧૦.૧ નીચેના નમુનામાં જિલ્લાવાર માહિતી આપો.

અ. નં.	નામ	હોદ્દો	એસ.ટી. ડી.કોડ	ફોન નંબર		ફેક્સ	ઈ મેઈલ
				કચેરી	ઘર		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રી એન. એચ. ભટ્ટ	સી.ડી. પી.ઓ. વર્ગ-૨	૦૨૭૮	૨૫૬૧૭૧૧	મો. ૬૩૫૯૯૨૪૩૩૯	--	--
૨	શ્રી ખુશ્બુ આર. સોલંકી	S.A.	૦૨૭૮	૨૫૬૧૭૧૧	મો. ૯૯૧૩૦૮૦૭૦૨	--	--
૩	શ્રી સીમાબા આર. ગોહિલ	સુપરવાઈઝર	૦૨૭૮	૨૫૬૧૭૧૧	મો. ૬૩૫૭૦૦૫૫૭૩	--	--
૪	શ્રી પુજા પી. ખંભોળીયા	સુપરવાઈઝર	૦૨૭૮	૨૫૬૧૭૧૧	મો.૬૩૫૭૦૦૫૫૭૫	--	--
૫	શ્રી ભુમિ જે. ડોડીયા	સુપરવાઇઝર	૦૨૭૮	૨૫૬૧૭૧૧	મો. ૯૪૨૯૨૫૯૭૯૮	--	--
૬	શ્રી આર.બી. ભટ્ટ	જુ.કલાર્ક	૦૨૭૮	૨૫૬૧૭૧૧	મો.૬૩૫૯૯૨૪૩૪૦	--	--

પ્રકરણ – ૧૦ (ઘટક – ૨)

અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા (ડિરેકટરી)

૧૦.૧ નીચેના નમુનામાં જિલ્લાવાર માહિતી આપો.

અ. નં.	નામ	હોદ્દો	એસ.ટી. ડી.કોડ	ફોન નંબર		ફેક્સ	ઈ મેઈલ
				કચેરી	ઘર		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રી હેતલબેન. બી. દુધરેજિયા	બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨	--	--	મો. ૬૩૫૯૯૨૪૩૪૧	--	cdpo.bhav.urban2@gmail.com
૨	શ્રી કેવટ પટેલ	S.A.	--	--	મો. ૯૦૩૩૩૮૨૬૩૧	--	--
૩	શ્રીમતી હેતલબેન પી. ઘેલડા	સુપરવાઈઝર અર્બન-૨	--	--	મો. ૯૮૯૮૯૩૭૩૧૪	--	--
૪	શ્રી ખુશ્બુબેન એચ. ઉપાધ્યાય	સુપરવાઇઝર	--	--	મો. ૯૨૬૫૭૧૧૨૪૦	--	--
૫	શ્રીમતી જલ્પાબેન એ. ચૌહાણ	સુપરવાઈઝર અર્બન-૨	--	--	મો. ૭૦૪૧૪૦૪૧૭૩	--	--
૬	શ્રી હિરેનભાઇ પી.દવે	ક્લાર્ક કમ ટાઇપીસ્ટ અને આંકડા મદદનીશ (S.A.) નો ચાર્જ સંભાળે છે.	--	--	મો. ૭૩૮૩૯૩૪૪૪૪	--	--

પ્રકરણ – ૧૧
(નિયમ સંગ્રહ- ૧૦)

વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પદ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું

ભાવનગર મહાનગરપાલિકા

પ્રોગ્રામ ઓફિસર કચેરી, આઈ.સી.ડી.એસ.શાખા

પાના નં. ૧૨

પ્રકરણ – ૧૧(નિયમ સંગ્રહ- ૧૦) (પ્રોગ્રામ ઓફિસર કચેરી) વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પદ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું

૧૧.૧ નીચેના નમુનામાં માહિતી આપો.

અ.નં.	નામ	હોદ્દો	માસિક મહેનતાણું (એપ્રિલ-૨૧)ની સ્થિતિએ	વળતર / વળતર ભથ્થુ	વિનિયમમાં જણાવ્યાં મુજબ મહેનતાણું નકકી કરવાની કાર્યપધ્ધતિ
૧	૨	૩	૪	૫	૬
૧	શ્રીમતી સાવિત્રીબેન એ.નાથજી	પી.ઓ. વર્ગ-૧	૮૧૬૫૬/-	--	સરકારી પગાર ધોરણ મુજબ
૨	શ્રી ગાયત્રીબેન દવે	વર્ગ-૩	૨૫૦૦૦/- (ફિક્સ)	--	સરકારી પગાર ધોરણ મુજબ
૩	શ્રી ધ્રુવ જાની	વર્ગ-૩	૧૫૦૦૦/- (ફિક્સ)	--	સરકારી પગાર ધોરણ મુજબ
૪	શ્રી નેહલબેન વ્યાસ	વર્ગ-૩	૧૫૦૦૦/- (ફિક્સ)	--	સરકારી પગાર ધોરણ મુજબ

પ્રકરણ – ૧૧(નિયમ સંગ્રહ- ૧૦) (ઘટક-૧)

વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પદ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું

૧૧.૧ નીચેના નમુનામાં માહિતી આપો.

અ.નં.	નામ	હોદ્દો	માસિક મહેનતાણું (એપ્રિલ-૨૧)ની સ્થિતિએ	વળતર / વળતર ભથ્થુ	વિનિયમમાં જણાવ્યાં મુજબ મહેનતાણું નકકી કરવાની કાર્યપધ્ધતિ
૧	૨	૩	૪	૫	૬
૧	શ્રીમતી નીતાબેન એચ.ભટ્ટ	બાળ વિકાસ યોજના અધિકારી ઘટક-૧	૮૨૮૫૦/-	--	સરકારી પગાર ધોરણ મુજબ
૨	શ્રી ખુશ્બુ આર. સોલંકી	S.A.	૨૫૦૦૦/- (ફિક્સ)	--	સરકારી પગાર ધોરણ મુજબ
૩	શ્રી સીમાબા આર.ગોહિલ	સુપરવાઈઝર	૩૧૩૪૦/- (ફિક્સ)	--	સરકારી પગાર ધોરણ મુજબ
૪	શ્રીમતી પુજાબેન પી.ખંભોળીયા	સુપરવાઈઝર	૩૧૩૪૦/- (ફિક્સ)	--	સરકારી પગાર ધોરણ મુજબ
૫	શ્રી ભુમિ જે. ડોડીયા	સુપરવાઇઝર	૩૧૩૪૦/- (ફિક્સ)	--	સરકારી પગાર ધોરણ મુજબ
૬	શ્રી આર.બી.ભટ્ટ	જુ.કા.	૪૨૩૭૦/-	--	સરકારી પગાર ધોરણ મુજબ
૭	૧ થી ૧૭૧ સુધીના	આંગણવાડી કાર્યકરો	૭૮૦૦/-	--	માનદ મહેનતાણા ની રકમ સરકારશ્રી ના હુકમ અનુસાર
૮	૧ થી ૧૭૧ સુધીના	તેડાગર	૩૯૫૦/-	--	માનદ મહેનતાણા ની રકમ સરકારશ્રી ના હુકમ અનુસાર

૯	૧ થી ૩ સુધીના	મીની આંગણવાડી કાર્યકરો	૪૪૦૦/-	--	માનદ મહેનતાણા ની રકમ સરકારશ્રી ના હુકમ અનુસાર

પ્રકરણ – ૧૧(નિયમ સંગ્રહ- ૧૦) (ઘટક-૨)

વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પદ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું

૧૧.૧ નીચેના નમુનામાં માહિતી આપો.

અ.નં.	નામ	હોદ્દો	માસિક મહેનતાણું (એપ્રિલ-૧૭)ની સ્થિતિએ	વળતર / વળતર ભથ્થુ	વિનિયમમાં જણાવ્યાં મુજબ મહેનતાણું નકકી કરવાની કાર્યપધ્ધતિ
૧	૨	૩	૪	૫	૬
૧	શ્રી હેતલબેન બી. દુધરેજિયા	બાળ વિકાસ યોજના અધિકારી ઘટક-૨	૫૫૫૫૩/-	--	સરકારી પગાર ધોરણ મુજબ
૨	શ્રી કેવટ પટેલ	S.A.	૨૫૦૦૦/- (ફિક્સ)	--	સરકારી પગાર ધોરણ મુજબ
૩	શ્રીમતી હેતલબેન પી. ઘેલડા	સુપરવાઈઝર	૩૧૩૪૦/- (ફિક્સ)	--	સરકારી પગાર ધોરણ મુજબ
૪	શ્રી ખુશ્બુબેન. એચ ઉપાધ્યાય	સુપરવાઇઝર	૩૧૩૪૦/- (ફિક્સ)	--	સરકારી પગાર ધોરણ મુજબ
૫	શ્રીમતી જલ્પાબેન એ. ચૌહાણ	સુપરવાઈઝર	૩૧૩૪૦/- (ફિક્સ)	--	સરકારી પગાર ધોરણ મુજબ
૬	શ્રી હિરેનભાઈ પી. દવે	કલાર્ક કમ ટાઈપીસ્ટ {I.C.(S.A.)}	૪૧૧૨૬/-	--	સરકારી પગાર ધોરણ મુજબ
૭	૧ થી ૧૪૨ સુધીના	આંગણવાડી કાર્યકરો	૭૮૦૦/-	--	માનદ મહેનતાણા ની રકમ સરકારશ્રી ના હુકમ અનુસાર
૮	૧ થી ૧૪૨ સુધીના	તેડાગર	૩૯૫૦/-	--	માનદ મહેનતાણા ની રકમ સરકારશ્રી ના હુકમ અનુસાર

પ્રકરણ – ૧૨
(નિયમ સંગ્રહ- ૧૧)
પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર

ભાવનગર મહાનગરપાલિકા

પ્રોગ્રામ ઓફિસર કચેરી, આઈ.સી.ડી.એસ.શાખા

પાના નં. ૧૩

પ્રકરણ-૧૨ (નિયમ સંગ્રહ-૧૧) (પ્રોગ્રામ ઓફિસર કચેરી)

પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર તમામ યોજનાઓ, સુચિત ખર્ચ અને કરેલ ચુકવણી અંગે અહેવાલોની વિગતો વિકાસ, નિર્માણ અને તકનીકી કાર્યો અંગે જવાબદાર જાહેર તંત્ર

૧૨.૧ જુદી જુદી યોજનાઓ અન્વયે જુદી જુદી પ્રવ્રતિઓ માટે અંદાજપત્રની વિગતોની માહિતી નીચેના નમુનામાં આપો. (વર્ષ : ૨૦૨૧-૨૨) (આંકડા હજારમાં)

ક્રમ નં.	યોજનાનું નામ / સદર	પ્રવ્રતિ	પ્રવ્રતિ શરૂ કર્યાની તારીખ	પ્રવ્રતિ ના અંતની અંદાજેલ તારીખ	સુચિત રકમ	મંજુર થયેલ રકમ	છુટી કરેલ / ચુકવેલ રકમ (હપ્તાની ગ્રાન્ટ)	છેલ્લા વર્ષનું ખરેખર ખર્ચે	કાર્યની ગુણવતા માટે સંપૂર્ણે પણે કામગીરી માટે જવાબદાર અધિકારી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	આઈ. સી.ડી. એસ.	બાળકોના સર્વાંગી વિકાસની કામગીરી	૧/૪/૨૧	--	૧૧૩૦	૧૧૬૦	૮૨૬૪૦	૪૮૦	પી.ઓ. વર્ગ-૧

અન્ય જાહેર તંત્રો માટે :

ક્રમ નં.	સદર	સુચિત અંદાજપત્ર	મંજુર થયેલ અંદાજપત્ર	છુટી કરેલ ચુકવેલ રકમ (હપ્તાની સંખ્યા)	કુલ ખર્ચે
૧	૨	૩	૪	૫	૬
---------- નીલ ----------					

પ્રકરણ-૧૨ (નિયમ સંગ્રહ-૧૧) (ઘટક-૧)

પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર તમામ યોજનાઓ, સુચિત ખર્ચ અને કરેલ ચુકવણી અંગે અહેવાલોની વિગતો વિકાસ, નિર્માણ અને તકનીકી કાર્યો અંગે જવાબદાર જાહેર તંત્ર

૧૨.૧ જુદી જુદી યોજનાઓ અન્વયે જુદી જુદી પ્રવૃતિઓ માટે અંદાજપત્રની વિગતોની માહિતી નીચેના નમુનામાં આપો. (વર્ષ : ૨૦૨૧-૨૨) (આંકડા હજારમાં)

ક્રમ નં.	યોજનાનું નામ / સદર	પ્રવૃતિ	પ્રવૃતિ શરૂ કર્યાની તારીખ	પ્રવૃતિ ના અંતની અંદાજેલ તારીખ	સુચિત રકમ	મંજુર થયેલ રકમ	છુટી કરેલ / ચુકવેલ રકમ (હપ્તાની ગ્રાન્ટ)	છેલ્લા વર્ષનું ખરેખર ખર્ચે	કાર્યની ગુણવતા માટે સંપૂર્ણે પણે કામગીરી માટે જવાબદાર અધિકારી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	આઈ. સી.ડી. એસ. -૧	બાળકોના સર્વાંગી વિકાસની કામગીરી	૧/૪/૨૧	--	૬૭૪૦૦	૬૭૪૦૦	૮૨૬૪૦	૩૫૪૦૮	સી.ડી. પી.ઓ. વર્ગ-૨

અન્ય જાહેર તંત્રો માટે :

ક્રમ નં.	સદર	સુચિત અંદાજપત્ર	મંજુર થયેલ અંદાજપત્ર	છુટી કરેલ ચુકવેલ રકમ (હપ્તાની સંખ્યા)	કુલ ખર્ચે
૧	૨	૩	૪	૫	૬
---------- નીલ ----------					

પ્રકરણ-૧૨ (નિયમ સંગ્રહ-૧૧) (ઘટક-૨)

પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર તમામ યોજનાઓ, સુચિત ખર્ચ અને કરેલ ચુકવણી અંગે અહેવાલોની વિગતો વિકાસ, નિર્માણ અને તકનીકી કાર્યો અંગે જવાબદાર જાહેર તંત્ર

૧૨.૧ જુદી જુદી યોજનાઓ અન્વયે જુદી જુદી પ્રવ્રતિઓ માટે અંદાજપત્રની વિગતોની માહિતી નીચેના નમુનામાં આપો. (વર્ષ : ૨૦૨૧-૨૨) (આંકડા હજારમાં)

ક્રમ નં.	યોજનાનું નામ / સદર	પ્રવ્રતિ	પ્રવ્રતિ શરૂ કર્યાની તારીખ	પ્રવ્રતિ ના અંતની અંદાજેલ તારીખ	સુચિત રકમ	મંજુર થયેલ રકમ	છુટી કરેલ / ચુકવેલ રકમ (હપ્તાની ગ્રાન્ટ)	છેલ્લા વર્ષનું ખરેખર ખર્ચે	કાર્યની ગુણવતા માટે સંપૂર્ણે પણે કામગીરી માટે જવાબદાર અધિકારી
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	આઈ. સી.ડી. એસ. -૨	બાળકોના સર્વાંગી વિકાસની કામગીરી	૧/૪/૨૧	--	૬૦૪૦૦	૬૦૪૦૦	૮૨૬૪૦	૩૦૩૦૦	સી.ડી. પી.ઓ. વર્ગ-૨

અન્ય જાહેર તંત્રો માટે :

ક્રમ નં.	સદર	સુચિત અંદાજપત્ર	મંજુર થયેલ અંદાજપત્ર	છુટી કરેલ ચુકવેલ રકમ (હપ્તાની સંખ્યા)	કુલ ખર્ચે
૧	૨	૩	૪	૫	૬
---------- નીલ ----------					

પ્રકરણ-૧૫

(નિયમ સંગ્રહ-૧૪)
કાર્યો કરવા માટે નક્કી કરેલાં ધોરણો

ભાવનગર મહાનગરપાલિકા

પ્રોગ્રામ ઓફિસર કચેરી, આઈ.સી.ડી.એસ.શાખા

પાના નં. ૧૩

પ્રકરણ-૧૫ (નિયમ સંગ્રહ – ૧૪) કાર્યો કરવા માટે નક્કી કરેલાં ધોરણો

૧૫.૧ વિવિધ પ્રવ્રતિઓ / કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નકકી કરેલ ધોરણોની વિગતો આપો.

(૧) સ્થાનિક સંસ્થા (ભાવનગર મ્યુનિ. કોર્પોરેશન) સ્થાપના દિન ઉજવણી કાર્યક્રમ ૧૪મી ફેબ્રુઆરી.

(૨) આંતર રાષ્ટ્રીય મહીલા દિન ઉજવણી ૯ મી મે, ૮- માર્ચ

(૩) વિશ્વ આરોગ્ય દિન ઉજવણી ૭ મી એપ્રીલ.

(૪) મે દિન અને ગુજરાત રાજય સ્થાપના દિન ઉજવણી ૧ લી મે

(૫) સ્વચ્છતા અભિયાન જુલાઈ માસ

(૬) વિશ્વ વસ્તી દિન ઉજવણી ૧૧ મી જુલાઈ

(૭) બાળ આરોગ્ય તપાસ ઝુંબેશ કાર્યક્રમ જુલાઈ- ઓગષ્ટ

(૮) વિટામીન-એ ટીપા પીવડાવવા કાર્યક્રમ - ઓગષ્ટ

(૯) વિશ્વ સ્તનપાન સપ્તાહ, ઉજવણી ૧ થી ૭ ઓગષ્ટ

(૧૦) રાષ્ટ્રીય પોષણ સપ્તાહ, કાર્ય ઉજવણી - ૧ થી ૭ સપ્ટેમ્બર

(૧૧) આઈ.સી.ડી.એસ. યોજના સ્થાપના દિન -૨ જી ઓકટો.

(૧૨) બાલ દિન ઉજવણી ૧૪ મી નવેમ્બર

(૧૩) વિશ્વ એઈડસ દિન ઉજવણી ૧ લી ડીસેમ્બર

(૧૪) ગણતંત્રદિન અને પ્રજાસત્તાકદિનની ઉજવણી ૧૫ મી ઓગષ્ટ અને ૨૬ મી જાન્યુઆરી.

(૧૫) શહેરનાં પછાત વિસ્તારોમાં બાળકો અને માતાઓનાં મેડીકલ ચેક અપ કાર્યક્રમો વર્ષ દરમ્યાન કરવામાં આવે છે.

(૧૬) સરકારશ્રી જાહેર થયેલ તારીખો દરમ્યાન પોલીયો નાબુદી માટેની કામગીરી કરવામાં આવે છે.

(૧૭) આરોગ્ય કેલેન્ડર મુજબ ઉજવણી

(૧૮) મમતા દિવસની ઉજવણી

(૧૯) આંગણવાડી પ્રવેશોત્સવ તથા શાળા પ્રવેશોત્સવની ઉજવણી

(૨૦) માતા યશોદા એવોર્ડની કામગીરી -શ્રેણીકરણ કામગીરી

(૨૧) SAG,પૂર્ણા કિશોરીની તાલીમ તથા પૂરક આહારની કામગીરી.

૨૨) મંગળ દિવસની ઉજવણી

૨૩) પોષણ પખવાડીયાની ઉજવણી.

૨૪) પોષણ માસની ઉજવણી (સપ્ટેમ્બર માસ)

૨૫) મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી.

પ્રકરણ-૧૭
(નિયમ સંગ્રહ-૧૬)
માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

ભાવનગર મહાનગરપાલિકા

પ્રોગ્રામ ઓફિસર કચેરી, આઇ.સી.ડી.એસ.શાખા

પાના નં. ૧૫

પ્રકરણ-૧૭ (નિયમ સંગ્રહ-૧૬)
માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

૧૭.૧ લોકોને માહિતી મળે તે માટે વિભાગે અપનાવેલ સાધનો, પધ્ધતિઓ અથવા સવલતો જેવી કે,....

- કચેરી ગ્રંથાલય.
- યોજનાકીય બેનર્સ દ્વારા તથા ભીતચિત્રો.
- વર્તમાન પત્રો
- પ્રદર્શનો
- નોટીસ બોર્ડ
- કચેરીમાં રેકર્ડનું નિરીક્ષણ
- દસ્તાવેજોની નકલો મેળવવાની પધ્ધતિ
- ઉપલબ્ધ મુદિત નિયમસંગ્રહ
- જાહેર તંત્રની વેબસાઈટ
- જાહેર ખબરનાં અન્ય સાધનો.

પ્રકરણ-૧૮

(નિયમ સંગ્રહ-૧૭)
અન્ય ઉપયોગી માહિતી

ભાવનગર મહાનગરપાલિકા

પ્રોગ્રામ ઓફિસર કચેરી, આઈ.સી.ડી.એસ.શાખા

પાના નં. ૧૬ થી ૫૧

આદર્શ શાળા ડિરેક્ટરી

સંકલિત

બાળવિકાસ યોજના



૧૨- મહિલા અને બાળ વિકાસ વિભાગ અંર્તગત ICDSમાં ચાલતી યોજનાઓ

ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા સ્ત્રીઓ અને બાળકો માટે જુદા જુદા ક્ષેત્રોમાં જુદી-જુદી યોજનાઓબહાર પાડવામાત્રઆવે છે. સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગે આ યોજનાનો લાભ લઈશકે તેવો સરકારનો આ સઘન પ્રયાસ છે. આ પ્રકરણમાં સરકારના જુદા- જુદા વિભાગોમાં મહિલા અને બાળકો માટેની યોજનાનું સંકલન કરેલ છે અને ટુંકમાં યોજનાની માહિતી આપેલ છે.

અ. નં.	યોજનાનું નામ યોજનાનો લાભ કોને મળશે ?	યોજના વિશે ટુંકી માહિતી	અમલીકરણ અધિકારી
૧	• સ્વાસ્થ્ય અને પોષણ બાળકો અને માતાઓને (સર્વેજાતિ માટે)	• રોગ પ્રતિરક્ષણ • પુરક પોષણ • આરોગ્ય તપાસ • રસીકરણ સંદર્ભે સેવા આંગણવાડી મારફત માતાઓ અને બાળકોને પોષણ અને રસીકરણ જેવી મફતસેવા આપવમાં આવે છે.	બાળ વિકાસ યોજના અધિકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર
૨	પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY)	પ્રથમ વખતના સગર્ભાવસ્થા દરમ્યાન તબક્કાવાર રૂ.૫૦૦૦/- ની સહાય	બાળ વિકાસ યોજના અધિકારી
૩	SAG અને પૂર્ણા યોજના	૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી તથા ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓને પૂરકપોષણ તથા આરોગ્ય શિક્ષણ તથા સ્કીલ ડેવલપમેન્ટ તાલીમ	બાળ વિકાસ યોજના અધિકારી
૪	નેશનલ ન્યુટ્રીશન મિશન અંર્તગત પોષણ અભિયાન -૨૦૨૦-૨૨	કુપોષિત બાળકોને સુપોષિત બનાવી કુપોષણ સ્તરમાં ઘટાડો લાવવો.	બાળ વિકાસ યોજના અધિકારી

૫	CAS એપ્લીકેશન	આંગણવાડીની કામગીરીમાં ડીજીટલ માધ્યમ દ્વારા કરેલ કામગીરીની એન્ટ્રી અને રીપોર્ટીંગ તથા ઉપલી કક્ષા દ્વારા આ કામગીરીનું મોનીટરીંગ કરવા માટે વર્ષ ૨૦૧૯-૨૦ થી ઘટક હેઠળની તમામ આંગણવાડી કેન્દ્રો તથા સેજા સુપવાઇઝરને સ્માર્ટફોન સરકારશ્રીમાંથી આપવામાં આવેલ છે. જે ફોન (CAS) એપ્લીકેશનના માધ્યમથી સંપૂર્ણ કામગીરીને ડીઝીટાઇઝેશન કરવામાં આવી રહ્યું છે.	બાળ વિકાસ યોજના અધિકારી

૧-સંકલિત બાળ વિકાસ યોજના (આઈ.સી.ડી.એસ)

ગુજરાત રાજયમાં સંકલિત બાળ વિકાસ યોજના ૨ જી ઓકટોબર ૧૯૭૫ થી અમલમાં છે. ભારતના બંધારણમાં કલ્યાણ રાજયની ભાવના સિદ્ધ કરવા માટે કેટલાક લક્ષ્યાંકો નકકી કરવામાં આવ્યા છે. આ લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે અસરકારક પગલાં લેવામાં આવ્યા છે. દેશના ગરીબ અને પછાત પ્રજાજનોની સ્થિતી સુધારવા માટે વિશેષ પગલાં લેવાવા જરૂરી છે.

માનવ શકિતનો વિકાસએ દેશના વિકાસ માટેનું અગત્યનું પરિબળ છે. વ્યકિતના શારીરિક તેમજ માનસિક વિકાસનો પાયો બાલ્યાવસ્થામાં જ રોપાઈ જાય છે. ભારતના મોટા ભાગના બાળકો ગરીબ તેમજ શૈક્ષણિક, સામાજિક, આર્થિક વગેરે લાભોથી વંચિત કુટુંબોમાં ઉછેરે છે. પ્રારંભિક બાલ્યાવસ્થામાં કુપોષણ, માંદગી, વિકલાંગતાના તેમજ મૃત્યુદરના પ્રમાણમાં ઘટાડો થાય તો દેશમાં આર્થિક, સામાજિક તથા સર્વાંગી વિકાસ માટે ગણનાપાત્ર ફાળો મેળવી શકાય.

સંકલિત બાળ વિકાસ સેવાઓનું આયોજન કરવા ભારત સરકારશ્રીના માનનીય આયોજન મંત્રીશ્રીએ ૧૯૭૨માં સુચન કર્યું, આના કારણે આઠ અભ્યાસ જુથોની રચના કરવામાં આવી અને તેઓના અહેવાલના આધારે સંકલિત બાળ સંભાળ અંગેની એક દરખાસ્ત રજુ કરવામાં આવી આ દરખાસ્ત મુજબ બાળકોના પુરકપોષણ, રોગપ્રતિકારક રસીઓ, સંદર્ભ નિષ્ણાંત સેવાઓ સાથેની આરોગ્ય સંભાળ, માતાઓને પોષણ, આરોગ્ય શિક્ષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, કુટુંબ કલ્યાણ, પીવાના ચોખ્ખા પાણીની સેવાઓ સાંકળી લેવામાં આવી પાંચમી પંચવર્ષીય યોજના તૈયાર કરવા માટેના સલાહકાર જુથે પણ બાળકો માટેની પ્રાથમિક સેવાઓના સંકલન માટે ભલામણ કરી હતી. આ ભલામણોનો સ્વીકાર કરી સમાજકલ્યાણ વિભાગના આયોજનમાં પ્રાથમિક બાળવિકાસ સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો.

સંકલિત બાળ વિકાસ યોજનાને આખરી સ્વરૂપ મળ્યા બાદ આ યોજનાના ૩૩ ઘટકો સમગ્ર દેશમાં ૧૯૭૫-૭૬ માં પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં વડોદરા જિલ્લાનો છોટાઉદેપુર ઘટક પ્રાયોગિક ધોરણે સૌ પ્રથમ શરૂ થયો. આ ઘટકોની કામગીરીના મુલ્યાંકનમાં જણાઈ આવ્યું કે આ યોજનાથી બાળકોનું આરોગ્ય અને પોષણ સ્તર સુધર્યું છે. પછાત જ્ઞાતિ અને આદિવાસીઓ તથા ગરીબ વર્ગના બાળકોને ગણનાપાત્ર લાભ મળ્યો છે.

સંકલિત બાળ વિકાસ યોજનાના હેતુઓ :-

(૧) ૦ થી ૬ વર્ષના બાળકોનું પોષણ અને આરોગ્યનું સ્તર સુધારવું.

(૨) બાળકના શારીરિક, માનસિક તથા સામાજિક વિકાસનો પાયો નાંખવો.

(૩) માતા મૃત્યુ, માતા માંદગી, બાળ મૃત્યુ, બાળ માંદગી, કુપોષણ તેમજ અદ્ય-વચ્ચેથી શાળા છોડી જનાર બાળકોનું પ્રમાણ ઘટાડવું.

(૪) બાળ વિકાસને વેગ આપવા માટે વિવિધ વિભાગો તથા સંસ્થાઓ સાથે અસરકારક સંકલન કરવું.

(૫) ૧૫ થી ૪૫ વય જુથની મહિલાઓને આરોગ્ય શિક્ષણ આપવું.

સેવાઓ :-

જુદી - જુદી સેવાઓ જો સંકલિત સ્વરૂપે આપવામાં આવે તો વધુ અસર પડે એ વિચારસરણી પર આધાર રાખી વિવિધ સેવાઓનું સંકુલ રચવામાં આવ્યું છે જેવી કે - (૧) પૂર્વ પ્રાથમિક શિક્ષણ

(૨) પુરક પોષણ

(૩) રોગ પ્રતિકારક રસીઓ

(૪) આરોગ્ય તપાસ

(૫) સંદર્ભ નિષ્ણાંત સેવાઓ

(૬) આરોગ્ય શિક્ષણ તથા પોષણ

છ વર્ષથી નીચેની વયના બાળકો માટે જ આ સેવાઓ મર્યાદિત રાખવામાં આવી છે. બાલ્યાવસ્થાને બાળકના વિકાસ માટે કસોટી કાળ ગણવામાં આવે છે. બાળકના સામાજિક, માનસિક અને શારીરિક વિકાસમાં માતાનો ફાળો અગત્યનો હોય છે. જેથી સ્તનપાન કરાવતી માતાઓ અને સગર્ભા સ્ત્રીઓને પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવી છે.

(૧) પૂર્વ પ્રાથમિક શિક્ષણ :-

બાળક છ વર્ષનું હોય ત્યારે તેને શાળાએ મોકલવું જરૂરી છે. આ માટે તેને માનસિક રીતે તૈયાર કરવું જોઈએ. આથી જયારે તે ત્રણ વર્ષનું થાય ત્યારે તેને પ્રાથમિક શિક્ષણ આપવા માટે નિયમિત આંગણવાડી કેન્દ્રમાં મોકલવું જોઈએ. ખરેખર બધા બાળકો શીખવાની જિજ્ઞાસા સાથે જન્મે છે. તેની જિજ્ઞાસાને સંતોષવા અને બૌદ્ધિક વિકાસને વેગ આપવા માટે પ્રોત્સાહનની જરૂર છે. આવું પ્રોત્સાહન તેને આંગણવાડી કેન્દ્ર દ્વારા મળી રહે તેવું આયોજન કરાયેલ છે.

આંગણવાડી કેન્દ્રોમાં બાળકને સામાન્ય અક્ષરજ્ઞાન, ભાષા જ્ઞાન સંખ્યા જ્ઞાન, આપવામાં આવે છે. જેથી તે તેની આસપાસના પર્યોવરણ અને સામાજિક માળખાને સમજતું થાય છે. જે બાળકના ભાવનાત્મક અને સામાજિક વિકાસ માટે સહાયરૂપ છે. આંગણવાડીમાં મળતું પૂર્વ પ્રાથમિક શિક્ષણ તેના ભવિષ્યના શાળાકીય શિક્ષણ માટે પાયાનું કામ કરે છે અને તેની શિક્ષણ પ્રત્યેની અભિરૂચીને આગળ વધારવામાં મદદરૂપ બને છે. આ સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને થિમેટીકલ ટાઇમ ટેબલ દ્વારા તમામ વિકાસને લગતી ECCE ની પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ.

(૨) પુરક પોષણ :-

બાળકના તંદુરસ્ત વિકાસ અને ઉછેર માટે માતા અને બાળક બંને માટે પુરક પોષણની જરૂર જણાઈ છે. આ માટે સગર્ભા માતાને ડબલ ફોર્ટીફાઇડ મીઠું અને વિટામીન -એ યુકત ખોરાક લેવાની ખુબ જરૂર છે. પાંડુરોગ એ સગર્ભાવસ્થા દરમિયાન ઉદભવતી સમસ્યા છે. પાંડુરોગથી પીડાતી સગર્ભા સ્ત્રી નબળાઈ અનુભવે છે. અને સગર્ભાવસ્થા કે સુવાવડના સમયે જોખમકારક બની શકે છે. આવી સ્ત્રીના બાળકનું વજન ઓછુ હોઈ શકે છે અને બાળક માંદગી થવાની શકયતા વધુ રહે છે. આ માટે લોહતત્વ / ફોલિક એસીડની ગોળીઓનો કોર્સ કરાવવામાં આવે છે. પાંડુરોગથી પીડીત ધાત્રી માતાઓએ પણ લોહતત્વ / ફોલીક એસીડની ગોળીઓનો કોર્સ પુરો કરવો જરૂરી છે. આ ગોળીઓ આરોગ્ય ઘટકના સંકલનથી આંગણવાડી કેન્દ્ર ઉપરથી પુરી પાડવામાં આવે છે.

જન્મથી ૬ માસ સુધી બાળક માટે માતાનું દુધ શ્રેષ્ઠ છે. પરંતુ ૬ માસ પછી તેને ધાવણ ઉપરાંત વધારાના આહારની જરૂર પડે છે. અને જો વધારાનો આહાર ન મળે તો બાળકનું વજન વધતું નથી તે ધીરે ધીરે નબળું પડતું જાય છે અને સહેલાઈથી માંદગીનો ભોગ બને છે. વિટામીન-એ જન્મથી છ વર્ષના બાળકો માટે ખુબ અગત્યનું પોષકતત્વ છે. વિટામીન-એ ઓરી તેમજ શ્વાસના ચેપસામેની

પ્રતિરોધક શક્તિમાં વધારો કરે છે. રતાંધણાપણાને અટકાવે છે. ૦ થી ૩ વર્ષના બાળકને દર છ મહિને વિટામિન -એ નો ડોઝ આંગણવાડી કેન્દ્રમાંથી આપવામાં આવે છે. પુરકપોષણની સેવા માટે આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની મદદથી આંગણવાડી કેન્દ્ર ઉપર બાળકોને કેન્દ્રમાં બનતી વાનગી તથા સગર્ભા ધાત્રી માતાઓ અને કિશોરીઓને ઘરે આપવાના THR દ્વારા દૈનિક કેલેરી તથા પ્રોટીનની જરૂરિયાત પૂરી કરવામાં આવે છે. આ પુરક પોષણ માટે ખાદ્ય સામગ્રીનો જથ્થો રાજય કક્ષાએ કમિશ્નર કચેરી દ્વારા ફાળવવામાં આવે છે. જેમાં બાલશક્તિ, પૂર્ણા શક્તિ,તથા માતૃશક્તિનાં પ્રિમિક્સ THR પેકેટ તથા ૩ થી ૬ વર્ષના બાળકોને સરકારશ્રીમાંથી મળતા ઘઉં, ચોખા અને તેલ પુરવઠામાંથી વાનગી બનાવી પીરસવામાં આવે છે. તેમજ ૩ થી ૬ વર્ષનાં લાભાર્થી બાળકોને સોમ અને ગુરૂ સીઝનલ ફુટ અને સોમ અને શની સુધી ગરમ નાસ્તો પણ આપવામાં આવે છે.

ત્રીજુ ભોજન :-

કુપોષિત બાળકોનું વજન વધારવા માટે સરકારશ્રીના પત્ર નં.તા૨૫/૬/૧૩ થી ૩ થી ૬ વર્ષના મધ્યમ કુપોષિત તેમજ અતિ કુપોષિત બાળકો માટે એક દિવસના રૂ.૩/-લેખેનો લાડુ બાળકોને ઘરે લઇ જવા માટે આપવામાં આવે છે.

પોષણ અભિયાન અંતર્ગત મંગળદિવસ ઉજવણી:-

(૧) પ્રથમ મંગળવાર સુપોષણ સંવાદ

પ્રથમ વખત બનેલા સગર્ભા બહેનોને આંગણવાડી કેન્દ્રો પર બોલાવી પ્રોત્સાહિત કરવામાં આવે છે અને આવનાર બાળક માટે સુભેચ્છા અને આરોગ્ય અને પોષણનું શિક્ષણ તેમજ સગર્ભાવસ્થા માટે જરૂરી પૌષ્ટિક આહાર વિશે માર્ગદર્શન આપવામાં આવે છે અને તેમને પોતાની સંભાળ માટેનું માર્ગદર્શન આપવામાં આવે છે.

(૨) બીજો મંગળવાર :- બાળ તુલા દિવસ

આંગણવાડી કેન્દ્રમાં તેમના વિસ્તારના ૦ થી ૬ વર્ષના તમામ બાળકોને આંગણવાડે કેન્દ્રો પર બોલાવી અને વજન ઉંચાઇ કરવામાં આવે છે. જેની નોંધ કેન્દ્રને આપેલ CAS મોબાઇલમાં કરવામાં આવે છે.

(૩) ત્રીજો મંગળવાર :- અન્નાપ્રાશન અને બાળ દિવસ

આ મંગળવારે આંગણવાડીમાં અન્નપ્રાશન દિવસની ઉજવણીમાં વિસ્તારના ૬ માસ પૂર્ણ કરેલ બાળકોને ઉપરી આહાર આપવા માટેનું માર્ગદર્શન આપવામાં આવે છે. અને બાળકોને ઉપરી આહર તરીકે કેવો ખોરાક આપવો જેનું નિદર્શન કરી અને કેન્દ્રમાં બાળકોને પ્રથમ વખત અન્નપ્રાશન વિધિ કરાવવામાં આવે છે. બાળ દિવસમાં આંગણવાડીના બાળકોના વાલીઓને બોલાવવામાં આવે છે. બાળકોએ બનાવેલી ચિત્રપોથી એક્ટીવીટી બુક તેમજ અન્ય કરેલ પ્રવૃત્તિઓની જાણકારી આપવામાં આવે છે અને તેનું પ્રદર્શન કરવામાં આવે છે.

(૪) ચોથો મંગળવાર :- અન્ન વિતરણ અને પૂર્ણા દિવસ

ચોથા મંગળવારે સરકારશ્રી તરફથી આપવામાં આવતું THR બાલશક્તિ, માતૃશક્તિ અને પૂર્ણાશક્તિના પેકેટનું આ દિવસે લાભાર્થીઓને ઘરે THR તરીકે આપવામાં આવે છે. અને આ પેકેટમાંથી બની શકે તેવી વાનગી વિશે માર્ગદર્શન આપવામાં આવે છે.પૂર્ણા દિવસમાં ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરી અને ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી અને ન જતી કિશોરીઓને આરોગ્ય પોષણ અને જિવન કૌશલ્યનું શિક્ષણ આપવામાં આવે છે.

(૩) રોગપ્રતિકારક રસીઓ :-

બાળકોને જીવલેણ રોગથી બચાવવા સમયસર રસીઓ મુકાવવી ખુબ જરૂરી છે. ભારતમાં ૫૦% બાળકો તેના જન્મની પ્રથમ વર્ષગાંઠ ઉજવી શકતા નથી. આ પહેલા જ તે મૃત્યુ પામે છે. રોગપ્રતિકારક રસી, ક્ષય, ધનુર, કાળી ખાંસી (ઉંટાટીયું) પોલિઓ અને ઓરી જેવા રોગો સામે રક્ષણ આપે છે.

ધનુરની રસી સગર્ભા સ્ત્રીઓએ પણ મુકાવવી અત્યંત જરૂરી છે. સગર્ભા સ્ત્રીઓએ ધનુરની રસીના બે ઈન્જેકક્ષનો અવશ્ય લેવા જોઈએ. ધનુરની રસી માતા અને બાળકને ધનુરથી બચાવે છે. જો પ્રસવ દરમ્યાન ચોખ્ખાઈ રાખવામાં ન આવી હોય કે ચોખ્ખી - જંતુ વગરની બ્લેડ વાપરવામાં ન આવી હોય તો માતા અને

બાળકને ધનુર થઈ શકે છે. પ્રથમ રસી સગર્ભાવસ્થાની જાણ થતાં જ મુકાવવાની હોય છે અને બીજી રસી પહેલી રસીના એક મહિના પછી મુકાવવાની હોય છે.

બાળકને જન્મના ૧ વર્ષ દરમિયાન બી.સી.જી.ની એક રસી, પેન્ટાવેલેન્ટ અને પોલિયોની ત્રણ, ઓરીની એક રસી આપવી જોઈએ. રસીઓ સ્વાસ્થ કેન્દ્રો, દવાખાનાઓમાં મળી શકે છે.

રસીકરણ યાદીનું સમય પત્રક :-

(ખાનામાં ટીક કર્યો મુજબ રસી અપાવવી)	જન્મનો મહિનો	૧PP PP.૫ મહિને	૨.૫ મહિને	૩.૫ મહિને	૯ મહિને	૧૬-૨૪ મહિને	૨૪-૬૦ મહિને
બી.સી.જી.	✓						
પેન્ટાવેલેન્ટ		✓	✓	✓		✓	
પોલીયોની ટીપા	✓	✓	✓	✓		✓	
ઓરી					✓	√	
ડી.ટી. રસી							
વિટામિન-એ	પ્રથમ ડોઝ ઓરીની રસી સાથે બીજો ડોઝ ઓરીનાબુસ્ટર ડોઝ દોઢ વર્ષે સાથે દર છ મહિને						

ઓરીની રસી સાથે વિટામિન-એ નો ડોઝ પણ આપવો જરૂરી છે.

નવજાત શિશુઓ માટે રોગ પ્રતિરક્ષણ રસીઓની પુરી માત્રાનો કોર્સ પુરો કરવો અનિવાર્ય છે. કોર્સ પુરો કરવામાં ન આવે તો રી પરિણામ આપે નહી. રસી માટેનો દર્શાવેલો સમય ચુકાઈ જાય તો પણ રસીકરણ કરાવવાનું ચાલુ રાખવું જોઈએ.

બાળક સાધારણ બિમારીથી પિડાતુ હોય કે કુપોષણથી પિડાતુ હોય તો પોષણનું રસીકરણ કરાવવું જોઈએ. રસીકરણ કરાવ્યા પછી બાળકને દુઃખાવો, તાવ, બેચેની કે ચિડીયાપણુ થઈ શકે છે. બી.સી.જી. ની રસી જે જગ્યાએ મુકાવેલ હોય તે જગ્યા પર આશરે એક મહિના બાદ બેડલી કે ફોલ્લો થઈ શકે છે. જે આપોઆપ સુકાઈ જાય છે.

(૪) આરોગ્ય તપાસ :-

આઈ.સી.ડી.એસ. કાર્યક્રમ હેઠળ મુળભુત છ સેવાઓ આપવામાં આવે છે જે પૈકી પૂવેૅ પ્રાથમિક શિક્ષણ અને આરોગ્ય પોષણ શિક્ષણ આઈ.સી.ડી. એસ. ના સ્ટાફ દ્વારા આપવામાં આવે છે. છ વર્ષની નીચેના બાળકોનું સતત પોષણ સ્તર જળવાઈ રહે છે કે કેમ તે જાણવા માટે બાળકોના પોષણ સ્તરનું ગ્રેડેશન કરવામાં આવે છે. બાળકોનું દર માસે નિયમિત વજન કરી CAS એપ્લીકેશનમાં એન્ટ્રી કરી અને આપેલ સ્માર્ટફોનમાં કુપોષણના સ્તર ઉપર નજર રાખવામાં આવે છે.

અત્યંત કુપોષિત બાળકોમાં પોષણનું સ્તર ફકત પુરક પોષણ વધારે આપવાથી ઉચું આવતું નથી. આ માટે આવા બાળકોની સતત તબીબી તપાસ અને સારવાર થાય તે અત્યંત જરૂરી છે. આ શોધેલ બાળકોને કુપોષણમાંથી બહાર લાવવા માટે એન આર સી સેન્ટર પર સઘન સારવાર માટે મોકલવામાં આવે છે.

બાળકની વૃધ્ધિ ઉપર દેખરેખ

- બાળકની પોષણ સ્થિતિ નકકી કરે છે.
- તેનાથી શરૂઆતના તબકકામાં જ બાળકની અપુરતી વૃધ્ધિ અને કુપોષણની જાણ થાય છે.
- બાળકના જન્મથી જ નિયમિતપણે વજન કરી તેની વૃધ્ધિની દેખરેખ રાખવી શરૂ કરવી જોઈએ.
- ૦ થી ૬ વર્ષ સુધીની ઉંમરના બાળકોનું દર મહિને વજન સાથે ઉંચાઇ પણ કરવી.
- ગંભીરપણે કુપોષિત બાળકનું દર ૧૫ દિવસે વજન કરવું.

(૫) સંદર્ભ નિષ્ણાંત સેવાઓ :-

જનસ્વાસ્થ્ય એ રાષ્ટ્રીય ઉત્થાનની પારાશીશી છે. તે માટે સરકારશ્રી તરફથી પ્રાથમિક આરોગ્ય સંભાળ તેમજ તબીબી સેવાઓ પુરી પાડવામાં આવે છે. સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ છ વર્ષથી નીચેની વયના બાળકો, સગર્ભાસ્ત્રીઓ તેમજ સ્તનપાન કરાવતી માતાઓનું આરોગ્ય તેમજ પોષણ સ્તર સુધારવા સંકલિત રીતે વિવિધ સેવાઓ પુરી પાડવામાં આવે છે. અર્બન આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરશ્રીઓ દ્વારા દર માસે નિયમિત તેમના વિસ્તારના આંગણવાડી કેન્દ્ર કક્ષાએ આવી સેવાઓ આપવાની રહે છે. અને જરૂરતમંદ બાળકોને કોમ્યુનિટી હેલ્થ સેન્ટર કે જિલ્લા હોસ્પિટલમાં રીફર કરી પુરતી સારવાર અપાય છે. આ માટે મેડિકલ કોલેજો / હોસ્પિટલોનાં સાથે ન્યુટ્રીશન રીહેબીબીટેશન સેન્ટરો બાળરોગ માટે કામગીરી કરે છે.

(૬) પોષણ અને આરોગ્ય અંગે શિક્ષણ :-

ગરીબ અને ઓછા શિક્ષિત કુટુંબોના વ્યકિતઓમાં સામાન્ય રીતે એવી ગેરસમજ હોય છે. કે બાળકો કુદરતી રીતે મોટા થતા હોય છે અને ઉંમર વધવાની સાથે જ રૂરી માનસીક અને શારીરિક વિકાસ આપમેળે જ થતો હોય છે. આવી ગેરસમજ દુર થાય અને બાળકની ઉંમર ૬ વર્ષની થાય ત્યાં સુધીના સમયગાળાનું મહત્વ સમજાવવા માટે મા-બાપ સાથે વાતચીત કરવાના મુદ્રાઓ અને સંદેશાઓ આ પુસ્તકમાં સમાવી લેવામાં આવ્યા છે.

ઘટકની પસંદગી :-

સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ગ્રામ વિસ્તારમાં તાલુકો ઘટક તરીકે આદિવાસી વિસ્તારમાં આદિવાસી ઘટક અને શહેરી વિસ્તારમાં વોર્ડ અથવા ઝુંપડપટ્ટી વિસ્તારો ઘટક તરીકે રહેશે. ગ્રામ વિસ્તારમાં ઘટકની પસંદગી માટે નીચે જણાવેલ મુદ્રાઓને અથવા આપવામાં આવશે.

(૧) જયાં આદિવાસીઓની વસ્તી વધુ હોય તેવા આદિવાસી વિસ્તાર ખાસ કરીને પછાત આદિવાસીઓ.

(૨) પછાત વિસ્તારો, ડુંગરાળ તથા રણ જેવા પ્રદેશો.

(૩) દુષ્કાળ ગ્રામ વિસ્તારો.

(૪) મહદઅંશે અનુસુચ્તિ જાતિની વસ્તી હોય તેવા વિસ્તારો.

(૫) પોષણની ક્ષતિયુકત વિસ્તારો.

(૬) સામાજિક સેવાઓન : વિકાસની દ્રષ્ટિએ પછાત વિસ્તારોમાં વોર્ડોની પસંદગી માટે નીચે જણાવેલ બાબતોને અગ્રતા આપવામાં આવશે.

(અ) ગંદા વસવાટ (સ્લમ વિસ્તાર) વાળા વિસ્તારો.

(બ) અનુસુચિત જાતિની વસ્તી હોય તેવા વિસ્તારો.

પોષણ ટ્રેકર એપ્લીકેશન :-

સરકારશ્રી દ્વારા આંગણવાડી કેન્દ્રમાં આવેલ એન્ડ્રોઇડ મોબાઇલમાં સરકારશ્રી દ્વારા પોષણ ટ્રેકર નામની એપ્લીકેશન ૧૭૪ આંગણવાડીમાં અમલવારી કરી અને કેન્દ્રમાં આવતા લાભ લેતા લાભાર્થીઓની એન્ટ્રી એપ્લીકેશનમાં કરવામાં આવેલ છે.

૩- બાળ વિકાસ અધિકારી (સી.ડી.પી.ઓ) ની ફરજો

સંકલિત બાળ વિકાસ યોજનાની અમલવારીમાં બાળ વિકાસ યોજના અધિકારીની મુખ્ય ભુમિકા છે. ક્ષેત્રિય કક્ષાઓ બાળ વિકાસની સેવાઓના વ્યવસ્થાપન અને અમલીકરણની જવાબદારી તેમની છે.

બાળ વિકાસ અધિકારીશ્રી નીચે મુજબની ફરજો નીભાવશે :-

(૧) ઘટક કક્ષાએ આઈ.સી.ડી.એસ. કાર્યક્રમમાં મુખ્ય અમલીકરણ અધિકારી તરીકે કામ કરશે.

(૨) આંગણવાડીઓ ચલાવવા માટેના ખર્ચેનું આયોજન કરશે.

(૩) પોતાના કાર્યક્ષેત્રમાં કામ કરતાં સુપરવાઈઝરો તેમજ આંગણવાડી કાર્યકરોની મિટિંગ બોલાવવી. આંગણવાડીઓની મુલાકાત લેવી, કામગીરીની ચકાસણી કરવી અને માર્ગદર્શન આપવું.

(૪) પોતાના ઘટકમાં યોજનાના સફળ અમલીકરણ માટે જરૂરી સર્વે કરાવી પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરશે.

(૫) ઘટક કક્ષાએ અને આંગણવાડી કક્ષાએ નિભાવવાના તથા રજિસ્ટરો અને રેકર્ડ રાખવામાં આવે તેની ખાતરી કરશે અને સમયાંતરે તેની ચકાસણી કરશે.

(૬) યોજના માટે જરૂરી ચીજવસ્તુઓ અને પુરવઠાની ખરીદી, હેરફેર, સંગ્રહ અને વહેચણીને લગતી વ્યવસ્થા કરશે અને આ માટે જિલ્લા તથા રાજયકક્ષાના અધિકારીઓ સાથે સંકલન કરશે.

(૭) આઈ.સી.ડી.એસ. કાર્યક્રમ માટે આપવામાં આવતી તમામ સાધન સામગ્રીના હિસાબનો વ્યવસ્થિત રીતે રખાય અને તેનો યોગ્ય ઉપયોગ થાય તે જોશે.

(૮) આઈ.સી.ડી.એસ. પ્રોજેકટની સંકલન સમિતિના કન્વીનર તરીકેની કામગીરી કરશે.

(૯) ઘટક કક્ષાની ટીમના ભાગ તરીકે અન્ય અધિકારીઓ અર્બન આરોગ્ય કેન્દ્રો, મહાનગરપાલિકા અને સ્વૈચ્છિક સંસ્થાઓના સંકલનમાં રહી કામગીરી કરશે.

(૧૦) બાળ વિકાસના કાર્યક્રમ માટે જરૂરી ખર્ચ કરશે અને આ માટે ઉપાડ અધિકારી તરીકે કામ કરશે.

(૧૧) આ યોજનાના અમલી કરણમાં તેમજ ખાદ્ય સામગ્રી મકાન માટેની સાધન સામગ્રી વગેરેમાં સ્થાનિક લોકો સહયોગ આપે તે માટેના પ્રયત્નો કરશે.

(૧૨) શહેરી કક્ષાની સંકલન સમિતિઓના આયોજનમાં અને મહિલા મંડળો અને યુવક મંડળોના સંકલન માટે આંગણવાડી કાર્યકરોને મદદ કરશે.

(૧૩) પોષણ અને આરોગ્યને લગતા નિદર્શનો અને શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરશે.

(૧૪) યોજનાના અહેવાલો નિયમિત સમયે જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ મોકલાય તે જોશે.

(૧૫) આંગણવાડી કાર્યકરોની નિમણુંક અંગે જરૂરી કાર્યવાહી કરશે અને આંગણવાડી કાર્યકરો અને સુપરવાઈઝરોને જરૂરી તાલીમ માટે મોકલવાની વ્યવસ્થા કરશે.

(૧૬) ફિલ્ડ વિઝીટ માટેના ટુર પ્રોગ્રામનું આયોજન કરશે અને માસિક ટુર પ્રોગ્રામ ઉપલા અધિકારીશ્રીઓને મોકલશે. સરકારશ્રીની વખતો વખતની સુચના મુજબ બાળ વિકાસ અધિકારીશ્રીએ નીચે મુજબની વધારાની કામગીરી કરવાની રહેશે.

(૧) આંગણવાડીના પોતાના મકાન માટેની જગ્યા શોધવી.

(૨) સરકારની અન્ય યોજનાઓમાંથી આ માટે અનુદાન મેળવવું.

(૩) પોષણ અને આરોગ્ય અંગેના શિક્ષણને લગતી કામગીરી.

(૪) વિટામિન-એ તથા અન્ય પોષક તત્વોની સામગ્રી પુરી પાડવો.

(૫) બાળ વિકાસ સમિતિના સંકલનમાં રહીને કામગીરી કરશે.

(૬) કિશોરીઓને માર્ગદર્શન આપવાની કામગીરી કરશે.

૪- આઈ.સી.ડી.એસ.નાં સુપરવાઈઝરની ફરજો

(૧) આંગણવાડી કાર્યકરોને તેમની કામગીરી માટે જરૂરી માર્ગદર્શન અને તાલીમ સ્થળ પર જ પુરી પાડવી.

(૨) સ્થાનિક આરોગ્ય કાર્યકર સાથે અઠવાડિયામાં, ઓછામાં ઓછા એક આંગણવાડીની મુલાકાત લેશે. અને પોતાના વિસ્તારમાં આવેલી તમામ આંગણવાડીઓ માંની મહિલામાં ઓછામાં ઓછી એક મુલાકાત લેવાય તે પ્રમાણે પ્રવાસનું આયોજન કરશે. પોતાના પ્રવાસનું આયોજન કરશે. પોતાના કાર્યમથકથી પાંચ કિ.મી. થી વધુ દુર આવેલા વિસ્તારોમાં અઠવાડિયામાં ઓછામાં ઓછું એક રાત્રિ રોકાણ કરશે.

(૩) આંગણવાડીની મુલાકાત દરમ્યાન સુપરવાઈઝરશ્રી નીચે જણાવેલ કામગીરી કરશે. :

- દરેક ઘરની મોજણીમાં અને આવી મોજણી દર ત્રણ માસે અદ્યતન કરવામાં અને આઈ.સી.ડી.એસ. યોજનાના લાભાર્થીઓના કુટુંબો માટે સ્પષ્ટ યાદી તૈયાર કરવા માટે આંગણવાડી કાર્યકરને માર્ગદર્શન આપશે.
- અત્યંત ગરીબ સ્થિતિના અને તીવ્ર કુપોષણથી પીડાતા ખાસ કરીને ૬ વર્ષથી નીચેના બાળકોની યાદીની ચકાસણી કરશે.
- બાળકોની ચોકકસ ઉંમર અને તેમના વજન અને ઉંચાઈ વગેરેને લગતા ચાર્ટ તૈયાર કરાવમાં આંગણવાડી કાર્યકરને મદદ કરશે.
- આરોગ્યની રીતે જોખમી પરિસ્થિતિ ધરાવતા બાળકો અને માતાઓને ઓળખી કાઢવામાં અને તેમને અર્બન આરોગ્ય કેન્દ્ર કે હોસ્પીટલમાં ઉપચાર માટે મોકલવામાં આંગણવાડી કાર્યકરોને મદદ કરશે.
- તીવ્ર કુપોષણથી પીડાતા બાળકોનું જાતે જ વજન કરશે અને આવા બાળકોને તંદુરસ્ત બનાવવા માટે આંગણવાડી કાર્યકરને જરૂરી માર્ગદર્શન આપશે.
- વાર્તા કહેવી, વિવિધ રમતોનું આયોજન અને રંગોની ઓળખ વગેરે જેવી પૂર્વે શાળા પ્રવ્રતિઓ ચલાવવા માટે આંગણવાડી કાર્યકરોને માર્ગદર્શન આપશે.
- માતાઓને આરોગ્ય અને પોષણ અંગેનું શિક્ષણ અસરકારક રીતે કેવી રીતે આપી શકાય તે માટેનું નિદર્શેન આંગણવાડી કાર્યકરો માટે કરશે.
- બાળકોમાં નાની ઉંમરમાં ઉદભવતી ખામીઓ શોધી કાઢવા માટે અને નિવારવા માટે આંગણવાડી કાર્યકરોને જરૂરી માર્ગદર્શન આપશે.

- મોજણીના રજિસ્ટરોમાં અને રસીકરણોના રજિસ્ટરોમાં થતી જન્મ અને મરણની નોંધણીની ચકાસણી કરશે.
- આંગણવાડી કાર્યકરોએ રાખવાના થતા રજિસ્ટરો તપાસશે અને તેમને યોગ્ય રીતે નિભાવવા માટે માર્ગદર્શન આપશે.
- જે આંગણવાડી કાર્યકરો ઓછુ ભણેલા હોય તેમને રેકર્ડ લખવામાં મદદ કરશે.

આંગણવાડી કાર્યકરો અપાતા ખોરાકનો સંગ્રહ કરવા માટેની વ્યવસ્થા અને તે તૈયાર કરી બાળકોને આપવાની વ્યવસ્થાની ચકાસણી કરશે. પુરક પોષણ આહાર, દવાઓ, શૈક્ષણિક સાધનો અને રજિસ્ટર રેકર્ડ, નિયમિત મળી રહે તે માટે વ્યવસ્થા કરશે અને આવી વસ્તુઓ ઓછી હોય તો બાળ વિકાસ અધિકારીશ્રી (સી.ડી.પી.ઓ.) ને જાણ કરશે.

સંકલિત બાળ વિકાસ સેવા યોજના અધિકારીની કચેરીમાં કરતાં આંકડાં મદદનીશે કરવાની કામીગીરી (જોબચાર્ટ)

(૧) આંગણવાડી કાર્યકરોનાં માસીક પ્રગતિ અહેવાલો તેમજ માસીક મોનીટરીંગ અહેવાલો એકત્રીત કરવા.

(૨) આંગણવાડી કક્ષાએ રાખવામાં આવતા રેકર્ડ તથા રજીસ્ટરોની જાળવણી, અદ્યતન માહિતી ભરીને કરવામાં આવે તે અંગેની ચકાસણી કરવી, આ અંગે મુખ્ય સેવિકા તેમજ આંગણવાડી કાર્યકરને જરૂરી માગદર્શેન પુરૂ પાડવું.

(૩) ઘટક કક્ષાએ આંગણવાડીની કાયમી માહિતીનું રજીસ્ટર રાખવુ તેમજ પ્રગતિ અહેવાલો ઉપરથી લાભાથીેની તેમજ અન્ય તમામ વિગતોનું રજીસ્ટર પણ દર માસની અદ્યતન માહિતી ભરીને નિભાવવું.

(૪) ખાદ્ય- સામગ્રી અંગે ઘટક કક્ષાના સંકલિત માહિતી એકત્ર કરવી.

- (૫) જીલ્લા તેમજ રાજય કક્ષાએ મોકલવાનાં થતાં માસીક, ત્રિમાસીક તેમજ વાષિક અહેવાલો એકત્રિત માહિતી ઉપરથી તૈયાર કીને મોકલી આપવા જેવા કે..,
- ભારત સરકારને મોકલવાનો કોમ્પ્યુટરાઈઝ માસીક પ્રગતિ અહેવાલ.
- ખાસ અંગભુત યોજનાનો માસીક પ્રગતિ અહેવાલ.
- આયોજનનાં ત્રિમાસીક પ્રગતિ અહેવાલો.
- ૨૦ મુદ્દાનો માસીક પ્રગતિ અહેવાલ.
- રાહત કામો પર ખોલવામાં આવતી વધારાની આંગણવાડીઓનો અઠવાડીક અહેવાલ.
- ખાદ્ય સામગ્રીનો માસીક પ્રગતિ અહેવાલ.
- રોગ પ્રતિકારક રસીનો માસીક પ્રગતિ અહેવાલ.
- આર.આર.એસ. માસ્સિક પ્રગતિ અહેવાલ.
- (૬)માસીક પ્રગતિ અહેવાલો ઉપરથી આંગણવાડીની કામગીરીનું મોનીટરીંગ કરવું, મુખ્યત્વે નીચેના મુદ્દાઓ આવરી લેવા.
- સખ્ત કુપોષણથી પીડાતા ગ્રેડ ૩-૪ ના બાળકોની યાદી ઉપરથી તેમની તંદુરસ્તીમાં થતાં સુધારાની વિગતોનાં અહેવાલ (નબળા બાળકો અંગે)
- મંજુર થયેલ જગ્યાઓ નિમણુંક તેમજ તાલીમની વિગતોનાં અહેવાલ.

(૭) પુરક પોષણના દિવસોની સંખ્યા પ્રમાણે આવરી લેવાયેલ લાભાથીેઓની સંખ્યા કુલ વસ્તી સામેની ટકાવારી.

(૮) ખાદ્ય-સામગ્રીનો વપરાશ (લાભાર્થીઓની સંખ્યા સામે)

(૯) હેલ્થ ચેકઅપ, રોગ - પ્રતિકારક રસી તેમજ રેફરલ સેવાઓની વિગતો.

(૧૦) પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં બાળકોની હાજરી.

(૧૧) મુખ્ય સેવિકાઓનાં આંગણવાડીઓની મુલાકાત અને મુખ્ય સેવિકાની ડાયરીમાં નિયત કરેલ રજીસ્ટરની ચકાસણી.

(૧૨) મોનીટરીંગની માહિતી ઉપરથી કામગીરીનું મુલ્યાંકન (સરખામણી) કરી સુધારા માટેના પગલા સુચવવા.

(૧૩) દર ત્રણ માસે મોકલવામાં આવતા કોમ્પ્યુટર શીટમાં આંગણવાડીઓની માહિતી ચકાસીને અદ્યતન માહિતી ભરીને નિયત - સમય મર્યાદામાં પરત મોકલી આપવી.

(૧૪) આંગણવાડીઓ માટે વિકેન્દ્રીકરણ માટે જરૂરી માહિતી એકત્ર કરી તેનું પ્રથ્થકરણ કરી સ્થળ સુચવવા.

(૧૫) રાજય તેમજ જીલ્લા કક્ષાએથી માંગવામાં આવતી આંકડાકીય માહિતી પુરી પાડવા તેમજ મોનીટરીંગ માટે ઉપસ્થિત કરવામાં આવતા મુદ્દાઓની પુર્તતા કરવી.

૫-આંગણવાડી કાર્યકરની ફરજો

આંગણવાડી કાર્યકરે પોતાના કાર્યક્ષેત્રમાં તથા જરૂર જણાય ત્યારે અન્ય વિસ્તારમાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળની (ICDS SERVICES) સેવાઓ પુરી પાડવાની રહેશે. તદઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સુચનાઓ અનુસાર અન્ય સેવાઓ અને યોજનાઓ સાથે સંકલનની કામગીરી પણ કરવાની રહેશે. આંગણવાડી કાર્યકરના કાર્યો અને ફરજોમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.

(૧) આંગણવાડી કેન્દ્ર નિર્ધારિત સમય મુજબ કાર્યરત રાખવાનું રહેશે.

(૨) આંગણવાડી કાર્યકરે સુચના મુજબ પોતાના કાર્યક્ષેત્રનો સર્વે કરવાનો રહેશે અને નવી બાબતોની નોંધ લઇ તે મુજબ રેકર્ડ નિયમિતપણે અદ્યતન કરવાનું રહેશે.

(૩) પોતાના કાર્યક્ષેત્રના બાળકોને આરોગ્ય, પોષણની સેવાઓ પુરી પાડવી, તમામ બાળકોના વૃદ્ધિ-વિકાસની દેખરેખ રાખવી અને મધ્યમ કુપોષિત, અતિ કુપોષિત તેમજ તબીબી સેવાની જરૂરિયાતવાળા બાળકોને ઓળખવા અને તેઓને સંદર્ભસેવાઓ પુરી પાડવી. સંદર્ભ સેવા લીધા બાદ પણ આંગણવાડી કેન્દ્રમાં નિયમિત પુરક પોષણ તથા અન્ય સેવાઓનો લાભ મેળવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૪) વૃદ્ધિ દેખરેખ ૦ થી ૩ વર્ષના તમામ બાળકોનું દર માસે વજન કરવાનું રહેશે તથા કુપોષિત બાળકોને ઓળખવાની નિર્ણાયક પ્રવૃત્તિ કરવાની રહેશે.

(૫) મમતા કાર્ડ તથા દરેક બાળકોની વ્યક્તિગત વૃદ્ધિની ગતિને માપવા માટે વૃદ્ધિ આલેખ નિભાવવાનો રહેશે.

(૬) ઓછું વજન ધરાવતાં બાળકોની વિશેષ સાર-સંભાળ રાખવી તથા મધ્યમ-અતિ ગંભીર ઓછું વજન ધરાવનાર બાળકો પૈકી મેડિકલ કોમ્પ્લીકેશન ધરાવતા બાળકોને ઓળખી CMTC/NRC ખાતે રીફર કરવાની કામગીરી કરવાની રહેશે.

(૭) CMTC/NRC ખાતે પુર્નવસન કરાયેલ બાળકોની દર ૧૫ દિવસે ૪ ફોલોઅપ મુલાકાત લેવાની કામગીરી કરવાની રહેશે તથા સદર બાળકો આંગણવાડી કેન્દ્રમાં નિયમિત પુરક આહાર લે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૮) ANM/આશા કાર્યકરની સહાયથી રસીકરણ, પ્રસુતિ-પૂર્વ અને પ્રસુતિ-પશ્ચાત તપાસ (ANC & PNC), પુરક સુક્ષ્મ પોષક તત્વો, ડી-વોર્મિંગ, સંદર્ભ સેવાઓ વગેરે સેવાઓ પુરી પાડવાની રહેશે. તેમજ આરોગ્ય, પોષણ, સ્વચ્છતા, શિક્ષણ વિષયક માસિક પ્રવૃત્તિ હાથ ધરવાની રહેશે.

(૯) ગ્રામ સંજીવની સમિતિ (VHSNC)ની ગ્રામ્ય કક્ષાએ બેઠકમાં હાજરી આપવાની રહેશે.

(૧૦) આંગણવાડીના લાભાર્થીઓની આગલા ત્રણ (૩) દિવસની સરેરાશ હાજરીને આધારે તેડાગરને દૈનિક રાશન કાઢી આપવાનું રહેશે.

(૧૧) પૂર્વ નિર્ધારિત સમયપત્રક મુજબ ૩-૬ વર્ષના બાળકોને સવાર તથા બપોરના પૂરક આહાર આપવાની કામગીરી કરવાની રહેશે.

(૧૨) આંગણવાડી કેન્દ્રમાં ખાદ્ય સામગ્રીની સુરક્ષા તથા સ્વચ્છતાનાં નિયમોને અનુસરવાનાં રહેશે.

(૧૩) અઠવાડિયામાં ઓછામાં ઓછા ત્રણ દિવસ ગૃહ મુલાકાત કરવાની રહેશે. ગૃહ મુલાકાત દરમ્યાન ખાસ કરીને ૩ વર્ષથી નીચેના બાળકો, જોખમી સગર્ભાઓ અને ધાત્રી માતાઓ વગેરેની મુલાકાત લેવી. સગર્ભા સ્ત્રીઓને સ્તનપાનની પહેલી શરૂઆત વખતે વિશિષ્ટ સ્તનપાન વિશે તેમજ ધાત્રી માતાઓને બાળકના જન્મના છ માસ પછી યોગ્ય ઉપરી આહાર વિશે જરૂરી માર્ગદર્શન આપવાનું રહેશે.

(૧૪) આંગણવાડીની સેવાઓના અસરકારક અમલીકરણ માટે ગૃહ મુલાકાત, મીટીંગ, વિવિધ કાર્યક્રમોની ઉજવણી વગેરે દ્વારા લોકસંપર્ક કરવાનો રહેશે અને લોકભાગીદારી મેળવવાની રહેશે.

(૧૫) લોકોની ભાગીદારી સુનિશ્ચિત કરવાના હેતુથી વિશેષ દિવસોની ઉજવણી કરવાની રહેશે. જે અંતર્ગત,

a. ચાર મંગળ દિવસ (૧) પ્રથમ મંગળવાર – સુપોષણ સંવાદ (૨) બીજો મંગળવાર – બાળતુલા (૩) ત્રીજો મંગળવાર – અન્નપ્રાશન અને બાળ દિવસ (૪) ચોથો મંગળવાર – અન્ન વિતરણ અને પુર્ણા દિવસ. આવા વિશેષ દિવસોની ઉજવણી કરવાની રહેશે.
b. આંગણવાડી કેન્દ્રમાં નિર્ધારિત કરેલ દિવસે મમતા દિવસની ઉજવણી કરવાની રહેશે.

(૧૬) દરેક બાળકના પ્રારંભિક વિકાસના સીમાચિન્હોનું નિરીક્ષણ કરવા માટે પ્રારંભિક વિકાસ પર ગૃહ મુલાકાત દરમ્યાન માર્ગદર્શન આપવાનું રહેશે.

(૧૭) વિકલાંગ બાળકો અથવા વિલંબિત વિકાસવાળા બાળકોની ઓળખ કરવી તથા તેઓને આરોગ્ય સ્ક્રીનિંગ માટે રીફર કરવાની સેવાઓ તાત્કાલીક પુરી પાડવાની રહેશે.

(૧૮) ૩ થી ૬ વર્ષનાં બાળકોને પ્રિ-સ્કૂલ સમય પત્રક અનુસાર પ્રિ-સ્કૂલ કીટનો ઉપયોગ કરીને પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિ કરાવવાની રહેશે. આંગણવાડી કેન્દ્રમાં બાળકોને આનંદદાયક શૈક્ષણિક વાતાવરણ પુરૂ પાડીને તેઓના વિકાસનું “મારી વિકાસયાત્રા” પુસ્તિકામાં મૂલ્યાંકન કરવાનું રહેશે.

(૧૯) પ્રાથમિક શાળામાં પ્રવેશ પામનાર આંગણવાડીના બાળકોને બાળ વિકાસ યોજના અધિકારી દ્વારા ઇસ્યુ થયેલ પૂર્વ પ્રાથમિક શિક્ષણનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૨૦) પોતાની આંગણવાડીના કાર્યક્ષેત્રમાં કુપોષણ તથા આરોગ્યની સ્થિતિ સુધારવા માટે સંબંધિત અન્ય વિભાગ જેવા કે આરોગ્ય, પંચાયત, શિક્ષણ, પાણી પુરવઠા સાથે સંકલન કરવાનું રહેશે.

(૨૧) આંગણવાડી પ્રોત્સાહન સમિતિની નિયમિત બેઠક બોલાવવાની રહેશે.

(૨૨) સરકારશ્રી દ્વારા પુરી પાડવામાં આવતી તેમજ લોકભાગીદારીથી મેળવેલ સાધન સામગ્રીની જાળવણી તેમજ યોગ્ય નિયમન કરવાનું રહેશે.

(૨૩) ICDS પ્લેટફોર્મ દ્વારા પુરી પડાતી સેવાઓ જેવી કે SAG-PURNA, PMMVY, WIFs, RBSK, CRECH, દુધ સંજીવની યોજના, પોષણસુધા વગેરે યોજનાઓનું અમલીકરણ/સંકલન કરવાનું રહેશે.

(૨૪) આંગણવાડી કેન્દ્રના બાળકોની આધાર નોંધણી કરવાની રહેશે તથા અન્ય લાભાર્થીઓના આધાર કાર્ડ નંબરની સંબંધિત રજીસ્ટર તથા ઓનલાઇન વિવિધ પોર્ટલ પર નોંધણી કરવાની રહેશે.

(૨૫) સેવાઓને લગતા તમામ અહેવાલ, રજીસ્ટર, દસ્તાવેજો નિભાવવાના તથા નિયત સમય સુધી સાચવવાના રહેશે. ખાદ્ય-સામગ્રીની વિગતો, લાભાર્થીઓની વિગતો, માતામૃત્યુ, બાળમૃત્યુ, બાળજન્મ, જન્મ-મરણની નોંધ વગેરે કામગીરી દર માસે કરવાની રહેશે. નિયત થયા મુજબના માસિક/વાર્ષિક અહેવાલ ભરવાના રહેશે.

(૨૬) આંગણવાડી કાર્યકર તરીકે પસંદગી થયેથી નિયત તાલીમો ફરજિયાતપણે પૂર્ણ કરવાની રહેશે.

(૨૭) મુખ્યસેવિકા, બાળ વિકાસ યોજના અધિકારી, પ્રોગ્રામ અધિકારી, પ્રાદેશિક નાયબ નિયામક અને સંકલિત બાળ વિકાસ યોજનાની રાજ્ય કચેરી દ્વારા સોંપવામાં આવતી યોજનાઓને લગતી તમામ કામગીરી કરવાની રહેશે.

(૨૮) સરકારશ્રી કક્ષાએથી આ કાર્યો અને ફરજોમાં જરૂર જણાય ત્યારે ફેરફાર કરવામાં આવશે.

૬-મહિલાઓ આગેવાનો અને ચુંટાયેલા પ્રતિનિધીઓની ભુમિકા

મહિલા આગેવાનો અને ચુંટાયેલા પ્રતિનિધિઓની ભુમિકા ગરીબી, નિરક્ષરતા, પછાતપણુ અને અંધશ્રધ્ધાઓના કારણે નાના બાળકો અને માતાઓનો શારીરિક અને માનસિક વિકાસ રૂંધાય છે. આ સમસ્યાના ઉપાય માટે સંકલિત બાળ વિકાસ યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના ખુબ જ મહત્વની હોવા છતાં આ યોજનાની જાણકારી અને જાગ્રતિ સામાન્ય પ્રજાજનોમાં ખુબ જ ઓછી જોવા મળે છે. આ મહત્વકાંક્ષી કાર્યક્રમને માત્ર બાળકોને નાસ્તાના કાર્યક્રમના રૂપમાં જ જોવામાં આવે છે.

ચુંટાયેલા લોક પ્રતિનિધિઓની અને ખાસ કરીને મહિલા આગેવાનોની આ કાર્યક્રમમાં ખુબ મહત્વની ભુમિકા છે. તેઓ પોતાના વિસ્તારમાં આવેલ આંગણવાડીઓની નિયમિત તેમજ ઓચિંતી મુલાકાત લઈ આ યોજનાની કામગીરી બરાબર થાય છે કે નહી તેની દેખરેખ રાખે તે અત્યંત જરૂરી છે. આ માટે તેઓ નીચે મુદ્રાઓ ઉપર ધ્યાન રાખે તો યોજનાનું અમલીકરણ ખુબ સારી રીતે થઈ શકે તેમ છે.

(૧) આ યોજનાનો મુખ્ય આશય શું છે તે પોતે બરાબર સમજે અને અન્ય વ્યકિતઓને સમજાવે.

(૨) સગર્ભા માતાઓ, સ્તનપાન કરાવતી માતાઓ અને તેમના કુટુંબીજનોની મુલાકાત લઈ તેમના માટે આ યોજનામાં શું જોગવાઈ કરવામાં આવી છે તેની જાણકારી આપવી અને વધુને વધુ આવી મહિલાઓ લાભ લેતી થાય તે જોવું.

(૩) આંગણવાડી કેન્દ્રમાં અપાતા ખોરાક તથા અન્ય સામગ્રી નિયમ મુજબ અપાય છે કે નહી તે ચકાસવું. આ પુસ્તકમાં આંગણવાડી કાર્યકરોની ફરજો આપેલ છે તે પ્રમાણે આંગણવાડી કાર્યકરો કામ કરે તે માટે તેમને જરૂરી માર્ગદર્શન તથા સહયોગ આપવો. જો કોઈ ખામી જણાય તો આઈ.સી.ડી.એસ.ના સુપરવાઈઝર (મુખ્ય સેવિકા) અથવા બાળ વિકાસ અધિકારીનું ધ્યાન દોરવું.

(૪) આંગણવાડી કેન્દ્રમાં ૬ વર્ષ સુધીના બાળકો પુરેપુરી હાજરી આપે અને યોજનાનો લાભ લે તે માટે જાગ્રતિ ઉભી કરવાનું કામ કરવું.

(૫) આંગણવાડીના પોતાના મકાનો બનાવવા તથા અન્ય સાધન સામગ્રી મેળવવા સરકારશ્રીની જુદી જુદી યોજનાઓમાં ગ્રાન્ટ મળે તે માટેના પ્રયત્નો કરવા.

૭ - કિશોરી શક્તિ યોજના

SAG – પૂર્ણાયોજના

કિશોરાવસ્થા એ સ્ત્રીના જીવનનો મહત્વનો તબકકો છે. આ તબકકામાં એ બાલ્યાવસ્થા છોડી અને પુખ્તાવસ્થા તરફ વિકાસ કરે છે. આ અવસ્થામાં તેનામાં બૌધ્ધિક, માનસિક અને મનોવૈજ્ઞાનિક ફેરફારો થાય છે. જીવન વિકાસની આ યાત્રામાં કિશોરી તેના ભવિષ્યના જીવન માટે સમજદાર બને એ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આ યોજનાનો અમલ કરવામાં આવે છે.

યોજનાનો હેતુ :-

(૧) ૧૧ થી ૧૮ વર્ષની બાળાઓમાં આરોગ્ય અને પોષણનું સ્તર સુધારવું.

(૨) અક્ષરજ્ઞાન અને આંકડાકીય કૌશલ્ય વધે તેવુ શિક્ષણ આપવુ સામાજીક જ્ઞાન વધે અને ભવિષ્યના જીવનમાં તેઓ સ્વ નિર્ણય કરી શકે તેવા તૈયાર થાય તેનું આયોયજન કરવું.

(૩) ભવિષ્યમાં આવક મેળવી શકે તેવા ગ્રહ હુન્નરો શીખે, ઘરગથ્થુ કામ કાજમાં ધવારે નિપુણ બને.

(૪) આરોગ્ય, સ્વચ્છતા, પોષણ, કુટુંબ કલ્યાણ બાળ સંભાળ, ગ્રહ સંચાલનની અને ૧૮ વર્ષ પુરા કયૉ પછી લગ્ન કરવા જોઈએ એ તમામ બાબતોમાં જાગ્રત થાય.

SAG – યોજના :-

આ યોજનામાં કિશોરીવય એટલે કે ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ના જતી કિશોરીઓના સંપૂર્ણ વિકાસ થાય તે માટે આરોગ્ય પોષણ શિક્ષણ, જીવન કૌશલ્ય શિક્ષણ આપવામાં આવે છે. આ બાલિકા શાળામાં પુન:પ્રવેશ મેળવે તે માટે પરામર્શ કરવામાં આવે છે. અને આ બાલિકાને THR તરીકે પૂર્ણા શકિતના પેકેટ ઘરે આપવામાં આવે છે.

પૂર્ણા યોજના :-

૧૫ થી ૧૮ વર્ષની વયજુથ કિશોરીઓ જેવી કે શાળાએ જતી અને ના જતી કિશોરીઓના સંપૂર્ણ વિકાસ થાય તે માટે આરોગ્ય પોષણ શિક્ષણ, જીવન કૌશલ્ય શિક્ષણ અને THR તરીકે પૂર્ણા શક્તિના પેકેટ ઘરે આપવામાં આવે છે.

અન્નપ્રાશન દિવસની ઉજવણી

બાળ તુલા દિવસની ઉજવણી

સુપોષણ સંવાદ દિવસની ઉજવણી

અન્ન વિતરણ દિવસની ઉજવણી

પૂર્ણા દિવસની ઉજવણી

આંગણવાડીમાં ઇ.સી.સી.ઇ. પ્રવૃત્તિ

CAS મોબાઇલ તાલીમ

THR (ટેક હોમ રેશન)

T.H.R. (ટેક હોમ રેશન) ની વિગત				
T.H.R. (ટેક હોમ રેશન)ના લાભાર્થી	**T.H.R. (ટેક હોમ રેશન) નું નામ**	**T.H.R. (ટેક હોમ રેશન) નું પ્રમાણ**	**T.H.R. (ટેક હોમ રેશન) નો દિવસ**	**T.H.R. (ટેક હોમ રેશન) ના પોષક તત્વો**
